આજનો સુવિચાર

અયોગ્ય માર્ગેથી મેળવેલી સફળતા ઉપર વ્યકિત ઘમંડ કરી શકે છે ગર્વ નહી

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૦૩ જૂનાગઢ તા.૧૦-૮-૨૦૨૧ મંગળવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ


# ગુજરાતમાં છેલ્લા ૭ વર્ષનો સૌથી ઓછો વરસાદ : ૪૪ ટકા ઘટ

## વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતા : ૧૮ ઓગષ્ટ સુધી વરસાદની કોઈ આશા નથી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૦

ગુજરાતમાં છેલ્લા ૭ વર્ષનો સૌથી ઓછો વરસાદ પડ્યો છે અને હજુ ૧૮ ઓગસ્ટ સુધી વરસાદ પડવાની સંભાવના નથી. ગત વર્ષે આ સમય સુધીમાં સરેરાશ ૧૭ ઈંચ વરસાદ સાથે ૫૧ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો હતો, જયારે ચાલુ વર્ષે માત્ર ૧૨ ઈંચ જ વરસાદ પડ્યો છે. ગુજરાત માં આ વર્ષે ૪૪ ટકા વરસાદની ઘટ છે, તો વરસાદ ખેંચાતાં ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ગુજરાતમાં આ વર્ષે જૂનમાં ૪.૭૩ ઈંચ, જુલાઈમાં ૬.૯૫ જયારે ૯ ઓગસ્ટ સુધીમાં માત્ર ૦.૩૦ ઈંચ વરસાદ નોંધાયો છે. આમ, ગુજરાતમાં આ વખતે વરસાદનું પ્રમાણ ખૂબ જ સાધારણ રહ્યું છે.

જયારે વેધરની એક ખાનગી સંસ્થાએ જણાવ્યું છે કે તા.૧૫-૧૬ ઓગષ્ટ આસપાસ આંધ્રપ્રદેશ, ઔરીસ્સામાં બંગાળની ખાડીમાં સિસ્ટમ્સ (લોપ્રેસર) બનશે. એ અસર તળે ૧૭/૧૮ ઓગસ્ટ આસપાસ વાતાવરણ વધુ સુધરવાની શરૂઆત થશે. બાદના દિવસોમાં વરસાદનો હળવો મધ્યમ ભારે કે અતિભારે વરસાદનો રાઉન્ડ આવી શકે છે.

ગુજરાતમાં છેલ્લા પંદરેક દિવસથી વરસાદે ખમૈયા કર્યા છે. જેના કારણે ખેડૂતો વાવેતરના ભવિષ્યને લઈને ચિંતામાં પડયા છે. વરસાદ ન હોવાથી વાતાવરણમાં ગરમીને રિ-એન્ટ્રી થઈ છે. ફરીથી બફારો મારવાની શરૂઆત થઈ છે.

## કાશ્મીરમાં સીઆરપીએફ પાર્ટી ઉપર આતંકવાદી હુમલો : એક જવાન ઘાયલ

શ્રીનગર તા. ૧૦

દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના ઝૈનાપોરા ગામના કાલ ચેક વિસ્તારમાં આજે સવારે આતંકવાદીઓએ સીઆરપીએફ પાર્ટી ઉપર હુમલો કર્યો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે કાલ ચેકમાં આતંકવાદીઓએ સીઆરપીએફ પાર્ટી ઉપર ગોળીબાર કર્યો હતો જેમાં સીઆરપીએફનો એક જવાન અજય કુમાર ઘાયલ થયો હતો. આ દરમ્યાન હુમલાખોરોને પકડવા માટે સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરવામાં આવી છે.

## મહારાષ્ટ્રનાં ૭૯ ગામોમાં ઝીકા વાયરસનો ખતરો

પૂણે તા. ૧૦ : મહારાષ્ટ્રમાં કોરોનાબાદ હવે ઝીકાવાયરસનો ખતરો વધી ગયો છે. પૂણે જિલ્લામાં ઝીકા વાયરસનો કેસ સામે આવતા જ તંત્રએ અલર્ટ જાહેર કરી દીધું છે. સ્વાસ્થ્ય વિભાગ દ્વારા ૭૯ ગામોમાં ઈમરજન્સી સેવા માટે તૈયારી કરી દેવામાં આવી છે. પૂણેના બેલસર ગામમાં ઝીકા વાયરસનો કેસ મળ્યો હતો. આ પ્રથમ કેસ સામે આવતા જ મહારાષ્ટ્ર સ્વાસ્થ્ય વિભાગે સતર્ક થઈને કામગીરી શરૂ કરી દીધી હતી. પૂણે જિલ્લાના કલેકટર અને અધિકારીઓ વચ્ચે મિટિંગ થઈ હતી જેમાં તમામ ગ્રામ પંચાયતો અને સ્થાનિક તંત્રને અલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું હતું. આ બધા જ ગામ વાયરસના સંક્રમણ માટે સંવેદનશીલ છે. મહારાષ્ટ્રનાં સ્વાસ્થ્ય વિભાગના અનુસાર જે દર્દીઓને હોસ્પિટલમાં એડમિટ કરાયા નથી તેમની સ્થિતિ સારી છે. મંત્રીએ લોકોને સતર્ક રહેવા કહ્યું છે કેમકે રાજયમાં ઝીકા વાયરસથી સંક્રમિત થનારા લોકો વધી રહ્યા છે. સીએમએ કહ્યું કે કેરળમાં ઝીકાના કેસ ડેન્ગ્યૂ અને ચિકનગુનિયાના એડીઝ મચ્છરથી ફેલાય છે.

## મીઝોરમમાં ગતરાત્રે ૪.૪ની તિવ્રતાનો ભુકંપનો આંચકો

ઐઝવાલ તા. ૧૦

મિઝોરમમાં ગતરાત્રે ૯.૧૮ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર ભૂકંપની તીવ્રતા રિકટર સ્કેલ ઉપર ૪.૪ માપવામાંઆવી છે. અત્યાર સુધી, જાન-માલ અથવા સંપત્તિને નુકસાન વિશે કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. આ પહેલા પણ કોરોના સમયગાળા દરમ્યાન મિઝોરમમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા

## કોંગ્રેસનાં વરીષ્ઠ નેતા કપિલ સિબ્બલની ડીનર ડીપ્લોમસી : બળવાનાં સંકેતો

### વિપક્ષનાં દીગ્ગજ નેતાઓ તેમજ કોંગ્રેસનાં બાગી જૂથ જી-૨૩નાં સભ્યો ઉપસ્થિત : ગાંધી પરીવારની ગેરહાજરી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા. ૧૦

સંસદના ચોમાસુ સત્રમાં વિપક્ષો સતત એકતા બનાવી સરકારને ભીંસમાં લઈ રહ્યા છે. આ દરમ્યાન ગઈ કાલે પાટનગરમાં એક મોટી બેઠક યોજવામાં આવી જેના ઉપર સૌ કોઈનું ધ્યાન કેન્દ્રીત થયું. કોંગ્રેસના વરીષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કપીલ સિબ્બલ દ્વારા પોતાના જન્મ દિવસ નિમિત્તે એક ડીનર ડીપ્લોમસી યોજવામાં આવી હતી. જેમાં વિપક્ષના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. આ ડીનર પાર્ટીની ખાસીયત એ હતી કે તેમા ગાંધી પરિવારના કોઈ સભ્યો હાજર ન હતા. રાહુલ ગાંધી શ્રીનગરમાં છે અને પ્રિયંકા વિદેશમાં છે ત્યારે યોજાયેલી આ બેઠકમાં કોંગ્રેસના બાગી જી-૨૩ ગ્રુપના સભ્યો પણ ઉપસ્થિત હતા ત્યારે સવાલ ઉઠે છે કે શું હવે ગાંધી પરિવાર સામે ટૂંક સમયમાં બગાવતનું બ્યુગલ ફુંકવામાં આવશે? આ ડીનર પાર્ટીમાં શરદ પવાર, લાલુ યાદવ, શરદ યાદવ, અખિલેશ યાદવ, સિતારામ યેચુરી, સંજય રાઉત, ડેરેક ઓ બ્રાયન સહિતના નેતાઓ ઉપરાંત કોંગ્રેસના જી-૨૩ ગ્રુપના ગુલામનબી, હુડ્ડા, શશી થરૂર, મનીષ તિવારી, આનંદ શર્મા, સંદીપ દિક્ષીત વગેરે હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી ગઈ કાલે જ જમ્મુ-કાશ્મીરની બે દિવસની મુલાકાતે ગયા છે. અને આ બધાની વચ્ચે આ ડિનર થયું છે. ડિનર આપનારા કપિલ સિબ્બલ તે જી-૨૩ ના સભ્ય છે જે કોંગ્રેસ નેતૃત્વથી અસંતુષ્ટ માનવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત આ ડિનરમાં જી૨૩ના અનેક કોર મેમ્બર પણ શામેલ થયા છે. જેમાં ગુલામ નબી આઝાદ, ભુપિન્દરસિંહ હુડ્ડા, આનંદ શર્મા, મનીષ તિવારી, શશી થરૂર અને સંદીપ દીક્ષિતના નામ મહત્વના છે.

## દેશનાં વિકાસ મોડલ ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ ઉત્તરપ્રદેશ કરતા પણ ખરાબ

### રાજયનાં ૩૩માંથી ૨૦ જીલ્લાઓ શૈક્ષણિક રીતે પછાત : સૌરાષ્ટ્ર ઝોનનાં ૭ જીલ્લાઓ પણ પછાતની યાદીમાં

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૦

દેશમાં વિકાસ મોડલ ગણાતા ગુજરાતમાં ૩૩ જિલ્લાઓમાંથી ૨૦ જિલ્લાઓ શૈક્ષણિક રીતે પછાત છે તેવી શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આપી માહિતી આપી છે, લોકસભામાં દેશમાં શૈક્ષણિક સ્થિતિ અંગે ચર્ચા ચાલી રહી હતી તે દરમ્યાન કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને અહેવાલ રજૂ કરતા ગુજરાતની શિક્ષણ સ્થિતિ અંગે તારણો રજૂ કર્યા હતા.

ધર્મેન્દ્ર પ્રધાનનાં જણાવ્યા મૂજબ ગુજરાતના ૩૩માંથી ૨૦ જિલ્લા શૈક્ષણિક રીતે પછાત છે તેમજ દેશમાં ૩૭૪ અને ગુજરાતમાં ૨૦ જિલ્લા શૈક્ષણિક પછાત હોવાનું કહ્યું હતું જો વાત કરવામાં આવે તો સૌરાષ્ટ્ર ઝોનના ૭ જિલ્લા શૈક્ષણિક રીતે પછાત હોવાની યાદીમાં સામેલ હોવાનું તેમણે જણાવ્યું છે. તે સાથે જ ગુજરાત કુલ જિલ્લામાં શૈક્ષણિક સ્થિતિ અનુસાર દેશમાં છઠ્ઠા ક્રમે આવે છે. જયારે મધ્ય ગુજરાતમાં ૩ અને દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લા શૈક્ષણિક દૃષ્ટીએ નિમ્ન કક્ષા ધરાવતા હોવાનું સામે આવ્યું છે.

ધર્મેન્દ્ર પ્રધાને લોકસભામાં જણાવ્યું કે ગુજરાતની સ્થિતિ ઉત્તર પ્રદેશ કરતા પણ ખરાબ છે, તેમણે યુપીમાં ૫૬ ટકા જિલ્લા શૈક્ષણિક રીતે પછાત છે તો ગુજરાતમાં ૬૧ ટકા જિલ્લામાં શૈક્ષિણિક વિકાસ થઈ શક્યો નથી જયારે રાજસ્થાનમાં ૯૧ ટકા, મધ્યપ્રદેશમાં ૭૫ ટકા અને તમિલનાડુમાં ૭૧ ટકા, બિહારમાં ૬૬ ટકા જિલ્લા શૈક્ષિક રીતે પછાત હોવાનું કેન્દ્રીયમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું.

મધ્ય ગુજરાતમાં ૩ જિલ્લાઓ જયારે દક્ષિણમાં પાંચ જિલ્લાઓ શૈક્ષણિક પછાત છે. રાજયમાં કુલ જિલ્લાઓમાં પછાત જિલ્લાઓની ટકાવારી મુજબ, રાજસ્થાનમાં ૯૧ ટકા જિલ્લા શૈક્ષણિક પછાત છે. મધ્યપ્રદેશમાં ૭૫ ટકા, તમિલનાડુમાં ૭૧ ટકા, બિહારમાં ૬૬ ટકા છે. ઉત્તરપ્રદેશમાં ૫૬ ટકા છે. ગુજરાતની સ્થિતિ દેશમાં ટકાવારીમાં છઠ્ઠા ક્રમે છે. જોકે, ગુજરાતની સ્થિતિ ઉત્તરપ્રદેશ કરતાં ખરાબ છે.

લોકસભામાંશિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન વધુમાં જણાવ્યું કે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની એકસપર્ટ કમિટી દ્વારા દેશમાં કુલ ૩૭૪ જિલ્લાઓને શૈક્ષણિક રીતે પછાત જિલ્લા તરીકે નક્કી કરવામાં આવ્યા હતા. કમિટીએ ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો, કોલેજ-પોપ્યુલેશન રેશિયો, પ્રતિ કોલેજ સરેરાશ એનરોલમેન્ટ વગેરે જેવા પેરામીટરને આધારે આ જિલ્લાઓની ઓળખ કરવામાં આવી હતી.

## ઈમરાનખાનની સરકાર દ્વારા પાકિસ્તાનનાં પંજાબ પ્રાંતમાં ક્ષતિગ્રસ્ત મંદિરની મરામત કરી લઘુમતી હિન્દુ સમુદાયને પરત સોપાયું

ઈસ્લામાબાદ તા. ૧૦

આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર ભારે ટીકા થયા બાદ અંતે પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારે પંજાબ પ્રાંતમાં ક્ષતિગ્રસ્ત થયેલા મંદિરની મરામત કરાવીને એને લઘુમતી હિન્દુ સમુદાયને પરત સોંપ્યું છે. પાકિસ્તાન સરકારે સોમવારે જણાવ્યું હતું કે તેણે ગુસ્સે ભરાયેલા ટોળા દ્વારા ગત સપ્તાહમાં ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત કરવામાં આવેલા એક મંદિરની મરામત કર્યા પછી હિન્દુ સમુદાયને સોંપી દીધું છે. આ હુમલામાં કુલ ૯૦ શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે એક સ્થાનિક મદરેસામાં કથિત રીતે પેશાબ કરવા બદલ ધરપકડ કરવામાં આવેલા આઠ વર્ષીય હિન્દુ છોકરાને કોર્ટ દ્વારા છોડી મૂકવાના વિરોધમાં ટોળાએ મંદિરમાં હુમલો કર્યો હતો. પાકિસ્તાનના લાહોરથી લગભગ ૫૯૦ કિલોમીટર દૂર આવેલા રહીમયાર ખાન જિલ્લાના ભોંગમાં આવેલા એક ગણપતિ મંદિર ઉપર ટોળાએ બુધવારે હુમલો કર્યો હતો. ઉલ્લેખનીય છે કે એક સ્થાનિક મદરેસામાં કથિત રીતે પેશાબ કરવા બદલ ધરપકડ કરવામાં આવેલા આઠ વર્ષીય હિન્દુ છોકરાને કોર્ટ દ્વારા છોડી મૂકવાના વિરોધમાં ટોળાએ મંદિરમાં હુમલો કર્યો હતો. ગુસ્સે ભરાયેલા ટોળાએ હથિયારો, લાકડીઓ અને ડંડા વડે મંદિરની બહાર ઊભેલા પોલીસકર્મચારીઓ ઉપર હુમલો કર્યો હતો.

## કોરોનાની ત્રીજી લહેર ભયાનક રૂપ લઈ રહી હોવાની નિષ્ણાંતોએ ચેતવણી આપી

હેદરાબાદ,તા.૧૦:

યુનિવર્સિટી ઓફ હૈદરાબાદના પૂર્વ પ્રો-વાઈસ ચાન્સેલર અને એમિનન્ટ ફિઝિસીસ્ટ ડો. વિપિન શ્રીવાસ્તવે ચેતવણી આપી છે કે, દેશમાં કોરોનાની ત્રીજી લહેરની પેટર્નમાં ચિંતાજનક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ડો. શ્રીવાસ્તવે જ ગત ૪ જુલાઈએ કોરોનાની ત્રીજી લહેર શરૂ થવાની આગાહી કરી હતી.

ડો. વિપિને ડેઈલી ડેથ લોડ (ડીડીએલ)ના આધારે બનાવેલો કોવિડ-૧૯ ગ્રાફ ૪ જુલાઈ પછી પણ આગળ વધી રહ્યો હોવા ઉપરાંત છેલ્લા કેટલાક સપ્તાહમાં ખરાબ સ્થિતિ ઊભી થઈ હોવાનું દર્શાવી રહ્યો છે. ડીડીએલ પોઝિટિવ વેલ્યુઝ તરફ વધુ શિફ્ટ થઈ રહ્યો છે, જે ઈચ્છનીય નથી.

૨૪ જુલાઈથી ૭ ઓગસ્ટ સુધીના ૧૫ દિવસના સમયગાળામાં તે ૧૦ પ્રસંગોએ અને છેલ્લા ૧૦ દિવસમાં ૭ વખત પોઝિટિવ હતો. તેનો અર્થ છે કે, ત્રીજી લહેર ખરાબ પરિસ્થિતિ તરફ વળાંક લઈ રહી છે.

દેશમાં સીરોપોઝિટિવિટી બે તૃતિયાંશ વસ્તીમાં હોવા છતાં ડો. વિપિને હર્ડ ઈમ્યુનિટી ડેવલોપ થયાની વાત નકારી દીધી. તેમણે કહ્યું કે, '૪ જુલાઈથી ડીડીએલમાં જોવા મળેલો મોટો ઉતાર-ચડાવ ચિંતાનો વિષય છે. આવું ત્યારે જોવા મળ્યું કે જયારે રોજના મોતના આંકડા વધી કે ઘટી રહ્યા છે. જોકે, ડીડીએલમાં જોવા મળી રહેલો મોટો ઉતાર-ચડાવ પહેલા કરતા વધુ વિશાળ છે અને તે મહિના પછી પણ શાંત પડવાનો સંકેત નથી આપી રહ્યો.'

ડો. વિપિને તેનું કારણ સત્તાવાર ડેટામાં થોડા અંશે સ્પષ્ટતા ન હોવાને જણાવ્યું. તેમણે કહ્યું કે, કોરોનાની પહેલી લહેર વખતે મોતના આંકડામાં કેટલીક વખત ફેરફાર કરાયો હતો, જયારે બીજી લહેરમાં આ આંકડામાં ફેરફાર કરવાનું વધ્યુ. જેના કારણે સ્પષ્ટ રીતે બીજી લહેરમાં કોરોનાથી રોજના મોતના ગ્રાફમાં મોટો ઉતાર-ચડાવ જોવા મળ્યો.

તેમણે કહ્યું કે, જયારે ૨૪ કલાકમાં કોરોનાના નવા કેસો લાખમાં નોંધાતા હતા, ત્યારે રિકવર કેસો પણ લાખમાં હતા. જયારે નવા કેસો હજાર થયા ત્યારે રિકવર કેસો પણ હજાર થયા. પેશન્ટલોડ (રિકવર થનારા દર્દીઓ સામે નવા એડમિટ થતા દર્દીઓ) તરીકે ઓળખાતો આ રેશિયો ૨.૨ની આસપાસ હતો અને આવું ત્યારે હતું કે જયારે ૯ માર્ચ, ૨૦૨૧થી ૬ મે, ૨૦૨૧ વચ્ચે બીજી લહેર દરમ્યાન ૨૪ કલાકમાં મોતનો આંકડો સતત વધી રહ્યો હતો.

## બિહારમાં ૮ વર્ષની બાળકીની બલિ ચડાવવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવતા તાંત્રીક સહિત ત્રણની ધરપકડ

પટણા,તા.૧૦

બિહારમાં ૮ વર્ષની બાળકીની બલિ ચડાવવાનો અત્યંત ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. બિહાર પોલીસે બલિ આપવા માટે એક આઠ વર્ષીય બાળકીની દર્દનાક હત્યાના મામલાનો સોમવારે પર્દાફાશ કર્યો છે. થોડા દિવસ પહેલાં જ બાળકીનો ક્ષત વિક્ષત મૃતદેહ મળી આવ્યો હતો. પ્રારંભિક તપાસમાં તેની સાથે બળાત્કારની આશંકા વ્યક્ત કરાઈ હતી. જો કે પોસ્ટમાર્ટમમાં બળાત્કારની પુષ્ટિ થઈ ન હતી.

મુંગેરના પોલીસ અધિક્ષક જેજે રેડ્ડીએ કહ્યું કે, એક આરોપી દિલીપ કુમાર નવા રામનગર પોલીસ સ્ટેશન વિસ્તારના પદમ ગામનો રહેવાસી છે.

તેણે એક તાંત્રિક પરવેઝ આલમને જણાવ્યું કે તેની પત્નીનો ગર્ભપાત અટકાવવા માટે એક બાળકીની બલિ આપવી પડશે. તેણે જણાવ્યું કે તેની પત્ની અનેક વર્ષ બાદ બાળકને જન્મ આપવાની હતી. દંપતિનું માનવું હતું કે આલમની જાદૂઈ શકિતઓને કારણે આ સંભવ બન્યું હતું.

તાંત્રિકે દંપત્તિને કહ્યું કે, ગર્ભવતી માતાને એક કુંવારી છોકરીના ખૂન અને આંખોથી બનેલ તાવીજ પહેરવાની જરૂર છે. દિલીપે ગામમાં જ રહેતા તનવીર આલમને આ અંગે વાત કરી હતી. તનવીરે જ તેને તાંત્રિકથી મળાવ્યો હતો. જે બાદ બંને પાસેના એક ગામ ફરદામાં રહેતા દશરથની પાસે ગયા હતા. દશરથે કહ્યું કે તે પોતાના પોલ્ટ્રી ફાર્મમાં બલિની વ્યવસ્થા કરી શકે છે.

જે બાદ બાળકીને ગત ગુરૂવારે ઉઠાવવામાં આવી હતી. જયારે તે ગંગાના કિનારે પોતાના માછીમાર પિતાને બપોરનું ભોજન આપીને ઘરે પરત ફરી રહી હતી. એસપીએ કહ્યું કે, આ ગંભીર કૃત્ય બાદ ત્રણેય તાંત્રિકને મળ્યા, જેણે એક તાવીજ બનાવ્યું. અને આ તાવીજને દિલીપે પોતાની પત્નીના ગળામાં પહેરાવ્યું હતું. પોલીસે દિલીપની સાથે તનવીર અને દશરથની ધરપકડ કરી છે.


## દેશની વિવિધ હાઈકોર્ટમાં જજની ઘટથી સુપ્રિમ કોર્ટ નારાજ

નવી દિલ્હી તા. ૧૦ : વર્ષોથી વિવિધ હાઈકોર્ટમાં જજની ઘટ હોવાથી સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ન્યાયમૂર્તિ સંજય કિશન કૌલ અને ઋષિકેશ રોયની ખંડપીઠએ એક કેસની સુનાવણી દરમ્યાન ઉપરોક્ત નારાજગી વ્યક્ત કરી હતી. જે મુજબ વર્ષોથી હાઈકોર્ટમાં જજની ઘટ છે. સરકારના અક્કડ વલણને કારણે દિલ્હી હાઈકોર્ટમાં ૬૦ જજની સંખ્યા સામે માત્ર ૨૯ જજ છે. જેથી અનેક દાવાઓ લાંબા સમયથી પડતર છે.અમારે કોઈ કેસ હાઈકોર્ટમાં સુનાવણી માટે મોકલવો હોય તો ત્યાં જજની ઘટ હોવાથી મોકલી શકતા નથી. નામદાર કોર્ટે ઉમેર્યું હતું કે કોલેજીયમે હાઈકોર્ટ જજ માટેની ભલામણ સાથેના નામોનું લિસ્ટ ઘણા સમય પહેલા મોકલી દીધું હોવા છતાં હજુ સુધી નિર્ણય આવ્યો નથી.


ૐ ઉપચાર કેન્દ્ર
ડૉ. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
● નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપુરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭૨૬૦૦૨

કે જે મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
રાહત દરે
The Culture of care
જકડાયેલા સાંધા અને શરીરનાં દુઃખાવાની ઓપરેશન વગર સારવાર
ડૉ. ચિરાગ પાનસુરીયા
B.P.T., M.P.T. (Neuro)
વેલકેર મલ્ટીસ્પેશ્યાલીટી ફીઝીયોથેરાપી કલીનીક જૂનાગઢ (૮ વર્ષ) ૨૨ વર્કશોપ
ન્યુરોપેથી/પેરાલીસીસની કસરત તેમજ સાંધા, સ્નાયુઓના દુઃખાવાની સારવારના નિષ્ણાંત


શુભેચ્છકઃ- વેલકેર મલ્ટીસ્પેશ્યાલીટી ફીઝીયોથેરાપી કલીનીક

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જયાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

એજન્સીઝ :
● હીરો સાયકલ
● હરકયુલીસ સાયકલ
● BSA સાયકલ
● ટાટા સ્ટાયરાઈડર સાયકલ
● દાસ ટ્રાયસીકલ

તેમજ દરેક કંપનીની સ્પોર્ટ ગેરવાળી સાયકલો, બેબી ટ્રાયસીકલ, બેબીકાર, બેબી વોકર, બેબીરાઈડર
જવાહર સાયકલ કંપની
કાળવા ચોક, આંબેડકરનાં બાવલા પાસે, જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૫૧૨૮૭

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

બેરોજગારોનાં ઉકેલનો વિકલ્પ ડાયમંડ ઉદ્યોગ...
હજારો બેરોજગારોને રોજગારી....
વિશ્વાસ, વફાદારી અને પ્રમાણિકતાનો મુખ્ય ધ્યેય
જુનાગઢ ડાયમંડ એસોસીએશન
હરિકૃષ્ણા કોમ્પ્લેક્ષ, બીજો માળ, આંબાવાડી, જોષીપુરા, જૂનાગઢ. ફોન : ૨૬૩૨૭૧૬
સેક્રેટરી શ્રી વિનોદભાઈ ઝાલાવાડીયા મો. ૯૮૨૫૯ ૯૬૭૩૮
પ્રેસીડેન્ટ શ્રી ડી. કે. ઝાલાવાડીયા મો. ૯૮૭૯૪ ૫૩૪૪૨

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 5500* થી શરૂ

બીના ઈલેકટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

# તબીબોની હડતાળને લઈ નાયબ મુખ્યમંત્રીની ચીમકી, બિનશરતી હડતાળ પાછી ખેંચી લે, અન્યથા કડક પગલાં લેવાશે

ગાંધીનગર તા.૧૦
ગુજરાત રાજયની સરકારી મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોના રેસિડેન્ટ તબીબો પોતાની માંગણીઓને લઈ હડતાળ ઉપર ઉતર્યા છે અને છેક સુધી લડી લેવા મક્કમ છે. ત્યારે સરકાર તરફથી તબીબોને હડતાળ છોડી દેવા દબાણ કરવામાં આવી રહ્યું છે. ફરી એકવાર નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે રેસિડેન્ટ તબીબોને તેમની હડતાળ ગેર વ્યાજબી ઠેરવી તાત્કાલિક ફરજ ઉપર હાજર થઈ જવા જણાવ્યું છે. તેમણે બિનશરતી હડતાળ પાછી ખેંચી લેવાનું તબીબોને જણાવતા ઉમેર્યું હતું કે, ચર્ચા માટે સરકારનું મન ખુલ્લું છે. આ સાથે તેમનો જો હડતાળ પાછી ન ખેંચે તો કડક કાર્યવાહી કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રેસિડેન્ટ ડોકટરો કોઈપણ યોગ્ય કારણો વગર હડતાળ કરીને દર્દીઓને હાલાકી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે એને સરકાર ચલાવી લેશે નહીં. તમામ તબીબો દર્દીઓની સેવા કરવી તે પોતાની નૈતિક ફરજ સમજીને બિનશરતી હડતાળ પાછી ખેંચીને માનવસેવાના ઉમદા કામમાં લાગી જવા તબીબોને તેમણે અનુરોધ કર્યો છે. તેમણે ઉમેર્યું કે, રેસિડેન્ટ તબીબોની માગણીઓ વ્યાજબી હશે, તો તે માટે તેમની સાથે ચર્ચા કરવા રાજય સરકારનું મન ખુલ્લું છે પણ ગેરવ્યાજબી માંગણીઓને રાજય સરકાર કયારેય સ્વીકારશે નહીં કેમ કે, કોઈપણ સમસ્યા હોય એનું સમાધાન ચર્ચાથી આવે હડતાળ એ કોઈ ઉપાય નથી. પહેલા ફરજ ઉપર હાજર થઈ સેવામાં જોડાઈ જાઓ ત્યાર બાદ સરકાર રેસિડેન્ટો સાથે ચર્ચા કરશે.

આ તબીબો હવે વિદ્યાર્થી રહેતા નથી કેમ કે, તેઓએ યુનિવર્સિટીની ડિગ્રી મેળવી તબીબ બની ગયા છે. એટલે એમણે હોસ્ટેલ સત્વરે ખાલી કરીને એમને જે સીએચસી અને જિલ્લા-તાલુકા કક્ષાની હોસ્પિટલોમાં સેવા માટેના ઉંચા પગાર સાથે ઓર્ડર કર્યા છે. એમાં જોડાઈ જવું જોઈએ. તેમણે ઉમેર્યું કે રાજય સરકારની બોન્ડ નીતિ સ્પષ્ટ છે જેમાં સ્નાતક તેમજ અનુસ્નાતક વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે આપેલ બોન્ડની શરતો મુજબ એક વર્ષ-ત્રણ વર્ષની ગ્રામ્ય વિસ્તારમાં સેવાઓ આપવાની થાય છે. આ વિદ્યાર્થીઓ સરકારી મેડિકલ કોલેજ ખાતે પ્રજાના જ નાણાં થકી બિલકુલ નજીવી ફીથી અભ્યાસ મેળવે છે. ત્યાર બાદ આ અભ્યાસક્રમ પૂર્ણ થયેથી રાજયના છેવાડાના નાગરિકોને આરોગ્ય વિષયક સેવાઓ આપવી તેઓની ફરજ છે એટલે બોન્ડનો જે વિરોધ કરે છે એ વ્યાજબી અને કાયદેસર નથી. વધુમાં તેમણે જણાવ્યું કે, બધા હડતાળમાં જોડાયેલ ડોકટરોના હિતમાં છે કે તેઓએ ગેરકાયદેસર હડતાળ પાછી ખેંચી લેવી જોઈએ. અન્યથા રાજયસરકારદ્વારા તેમની સામે અશિસ્ત બદલ પગલાં લેવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું કે, દર્દીઓના હિતમાં ડોકટરોએ કરેલ ગેરકાયદેસર હડતાળ પાછી ખેંચી લે અને જેમને જયાં ફરજ આપી છે ત્યાં તેઓ ફરજ ઉપર જોડાઈ દર્દીઓની સેવામાં પૂર્નઃ લાગી જાય તેવી અપીલ કરેલ છે. તેમણે ઉમેર્યું કે, રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં બોન્ડ મુજબ સેવા આપવા માટે તા.૧-૮-૨૦૨૧થી ગ્રામ્યવિસ્તારમાં રાજય સરકારે બોન્ડેડ તબીબ તરીકે સેવા આપવા માટે આદેશો કરવામાં આવ્યા છે. જે બોન્ડેડ પીજી તબીબને બોન્ડ મુકત થવું હોય તો જે મેડિકલ કોલેજમાં તેમણે અભ્યાસ કર્યો હોય ત્યાં નિયત થયેલ બોન્ડની રકમ જમાં કરાવી બોન્ડ મુકત થઈ શકે છે. પટેલે ઉમેર્યુ કે, વર્ષોથી એપેડેમિક એકટ અમલમાં છે અને આ કાયદામાં જ જોગવાઈ છે સરકાર ઈચ્છે એ તબીબો સહિત અન્ય સેવાના લોકોની સેવાઓ લઈ શકે છે. કોરોનાના કારણે રાજય સરકારે ખાસ કિસ્સામાં સેવાઓ માટે છુટછાટો આપી હતી.

# નીરજ નામધારીનું ચુંદડી ઓઢાડી સન્માન



જૂનાગઢ તા.૧૦: ટોક્યો ઓલમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતી ભારતની શાન વધારનાર નીરજ ચોપરાનાં માનમાં ઉષા બ્રેકો કંપની દ્વારા નીરજ નામના દરેક વ્યક્તિને ગિરનાર રોપ-વેમાં ફ્રી સર્વિસની જાહેરાતનાં પગલે અંબાજી મંદિર ટ્રસ્ટના મહંત તનસુખગીરી બાપુ અને ગણપતગીરી બાપુ દ્વારા મંદિરમાં દર્શન કરવા પધારેલ નીરજ નામધારી દરેકનું માંતાજીની પ્રસાદી રૂપ ચૂંદડી ઓઢાડી સન્માન સાથે માતાજીનાં રૂડા આશિર્વાદ મંદિરનાં પૂજારીઓએ આપી નીરજની ખેલદિલીને આ રીતે વધાવવામાં આવી હતી.

# તમામ સરકારી મેડિકલ કોલેજોના પાસઆઉટ વિદ્યાર્થીઓ પણ હડતાળમાં જોડાશે

ગાંધીનગર તા.૧૦
ગુજરાત રાજ્યની સરકારી મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોના રેસિડેન્ટ ડોકટર્સની હડતાળ છઠ્ઠા દિવસે પણ મક્કમ રીતે જારી છે અને તેમાં નારાજ તબીબોએ કોવિડની કામગીરી બદલ સરકાર દ્વારા તેમનો અપાયેલ કોવિડ વોરિયર્સના સન્માનપત્ર પરત આપવાની તજવીજ હાથ ધરી હતી. આ ઉપરાંત તેમણે સરકાર જો હજુ માગણી નહીં સ્વીકારે તો આંદોલન ચાલુ રખાશે અને આગામી સમયમાં તમામ સરકારી મેડિકલ કોલેજના પાસઆઉટ વિદ્યાર્થીઓ પણ હડતાળમાં જોડાશે તેવી ચીમકી પણ આપી છે. આજે પણ રેસિડેન્ટ ડોક્ટરોની હડતાળ યથાવત છે. સાત દિવસથી રેસિડેન્ટ ડોકટરો પોતાની માંગણીઓ ઉપર મક્કમ છે. તો બીજી તરફ રાજ્ય સરકાર રેસિડેન્ટ ડોક્ટરની માંગ સ્વીકારવા તૈયાર નથી. રાજ્ય સરકાર વાટાઘાટો કરવા અને તે પણ બિનશરતી ચર્ચા કરવા તૈયાર છે. તો રેસિડેન્ટ ડોક્ટરો પોતાની માંગ ઉપર ઝુકવા તૈયાર નથી. અમદાવાદ બી.જે. મેડિકલ કોલેજ કેમ્પસમાં ૩૦૦ જેટલા રેસિડેન્ટ ડોકટર કામથી અળગા રહી. પોતાની માંગ પૂર્ણ કરવા સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો છે. રેસિડેન્ટ ડોકટરો અને સરકાર આમને સામને આવી ગયા છે. અમદાવાદ બી.જે. મેડિકલ કોલેજના તબીબી અનુસ્નાતક શિક્ષણ અને સંશોધન નિયામક દ્વારા રેસિડેન્ટ ડોકટરોને હોસ્ટેલ ખાલી કરવા લેખિતમાં આદેશ કર્યો છે. જેને લઈ રેસિડેન્ટ ડોક્ટરો વધુ રોષે ભરાયા છે. રેસિડેન્ટ ડોક્ટર દ્વારા કહેવામાં આવ્યું છે કે, સરકાર ડોક્ટરોનું અપમાન કરી રહી છે. ત્યારે સરકાર દ્વારા કોરોના વોરિયર્સ તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. જે ડોકટરોને કોરોના વોરિયર્સના સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા તે રેસિડેન્ટ ડોકટરોએ કોરોના વોરિયર્સનું પ્રમાણપત્ર પરત કરી વિરોધ નોંધાવ્યો છે અને જયાં સુધી રેસિડેન્ટ ડોક્ટરની માંગ સ્વીકારાશે નહીં ત્યાં સુધી હડતાળ યથાવત રાખવા ચીમકી ઉચ્ચારી છે. રેસિડેન્ટ ડોક્ટરની માંગ છે કે, બોડ઼ી સર્વિસનો સમયગાળો એક બે મુજબ કરવામાં આવે તેમજ બીજા તબીબી અધિકારીઓ મુજબ સાતમાં પગાર પંચ પ્રમાણે વેતન આપવામાં આવે. ફર્સ્ટ યર રેસિડેન્ટ ડોકટર્સ ન હોવાને લીધે અને એકેડમી યર કોવિડમાં વેડફાયો હોવાથી શૈક્ષણિક સંસ્થામાં જ નિમણુંક આપવામાં આવે. અન્ય રાજયોની જેમ સિનિયર રેસીડેન્સી પ્લસ બોન્ડની યોજના પણ ગુજરાતમાં લાગું પાડવામાં આવે. રાજ્ય સરકાર પરંતુ રેસિડેન્ટ ડોક્ટરની માંગ સ્વીકારવા તૈયાર ન હોઈ તો રેસિડેન્ટ ડોકટર પોતાની માંગ ઉપર અડગ રહી લડત ચલાવી રહેલ છે.

# ગિરનારી મંડળની વનસ્પતિ પરિચય શિબિર ખડીયા ખાતે યોજાઈ



જૂનાગઢ તા.૧૦
ગિરનારી મંડળની વનસ્પતિ પરીચય શિબિર પશુ, પક્ષી/પ્રાણી કલ્યાણ મંડળ મુ.ખડીયા જી.જૂનાગઢ ખાતે તા.૭/૮ ઓગસ્ટ ૨૦૨૧(શનિ, રવિ.)નાં રાખવામાં આવેલી હતી. શિબિરના યજમાન તથા આયોજક અપારનાથીબાપુ કે જે પશુ/પક્ષી કલ્યાણ મંડળ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી છે તેઓની દિલદાર મહેમાનગીરીથી બધા શિબિરાર્થીને ખુબ જ આનંદ થયો હતો. બહારગામથી આવેલા શિબિરાર્થી માટે રહેવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલી હતી. વનસ્પતિના તજજ્ઞ ડો. મિતલીયા, ભુરાભાઈ, રમેશભાઈ કાલરીયા, રમેશભાઈ જેઠવા, નારણભાઈ સગર સહિત લગભગ ૩૨ શિબિરાર્થી હતા. જૂનાગઢ સરકારી આયુર્વેદ કોલેજ ખાતે વનસ્પતિ પરીચયની વિશેષ માહિતી મેળવી હતી. કોલેજ ખાતે શ્રી ગુપ્તા, શ્રી આનંદ, આરતી મેડમ, રાજુભાઈ વગેરે દ્વારા પરીચય કરાવાયો હતો. વકતા શ્રી ખાંટ(જામનગર આયુર્વેદ કોલેજના નિવૃત્ત અધિકારી)એ વનસ્પતિ વિષે શિબિરાર્થીઓને ઘણું જ્ઞાન આપ્યું હતું.

# સ્પાઈનલ મસ્કયુલર એટ્રોફીની ગંભીર બીમારીથી પીડાતા બાળક કોડીનારના વિવાનનું નિધન, શોકની લાગણી

અમદાવાદ તા.૧૦
સ્પાઈનલ મસ્કયુલર એટ્રોફી નામની ખૂબ જ ગંભીર બીમારીથી પીડાતા કોડીનારના વિવાન વાઢેરનું નિધન થયું છે. અમદાવાદ ખાતે બાળકનું અચાનક નિધન થયું છે. સોલા સિવિલ હોસ્પિટલ ખાતે વિવાનનું પોસ્ટ મોર્ટમ કરવામાં આવશે. જે બાળક માટે ગુજરાતના લોકો રૂા.૧૬ કરોડનું ફંડ એકઠું કરવા માટે રસ્તા ઉપર આવ્યા હતા તેવા વિવાનના અચાનક નિધનથી બાળકના પરિવારજનો જ નહીં પરંતુ તમામ લોકો દુઃખી છે. વિવાનના નિધન સાથે છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા મિશનવિવાનનો પણ દુઃખદ અંત આવ્યો છે. વિવાનના પિતાના જણાવ્યા પ્રમાણે વિવાનની અંતિમક્રિયા ગામડે કરવામાં આવશે. આ ઉપરાંત તેમણે વિવાનને બચાવવા મદદ કરનાર તમામ લોકોનો આભાર માન્યો હતો. તેમના જણાવ્યા પ્રમાણે વિવાનની સારવાર માટે એકઠી થયેલી તમામ રકમ સેવાકીય કામ પાછળ વાપરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ચાર મહિનાનો વિવાન વાઢેર ખૂબ જ દુર્લભ બીમારી SMA-૧થી પીડિત હતો. ગીર-સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના આલીદર ગામના વતની પરિવારના ચાર મહિનાના બાળક વિવાનને બચાવવા માટે ૧૬ કરોડ રૂપિયાના ઈન્જેકશનની જરૂરિયાત હતી. આ માટે 'મિશન વિવાન' ચલાવવામાં આવી રહ્યું હતું. જે અભિયાન અંતર્ગત બે કરોડથી વધુની રકમ પણ એકઠી થઈ ગઈ હતી. વિવાનના માતાપિતા તેના બાળકને બચાવવા માટે સતત લોકોને મદદ કરવા માટે અપીલ કરી રહ્યા હતા. જો કે, રૂા.૧૬ કરોડ એકઠા થાય તે પહેલાં જ વિવાનનું અચાનક નિધન થયું છે. વિવાન એસએમએ ટાઈપ ૧ એટલે કે સ્પાઈનલ મસ્કયુલર એટ્રોફી નામની ગંભીર બીમારીથી પીડિતો હતો. ગુજરાતના બીજા એક બાળક ધૈર્યરાજને પણ આવી જ બીમારી હતી. ધૈર્યરાજ માટે પણ રૂા.૧૬ કરોડ એકઠા કરવા ખાસ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. ૧૬ કરોડ એકઠા થયા બાદ મુંબઈની હોસ્પિટલ ખાતે તેની સારવાર કરવામાં આવી રહી છે. વિવાનના પિતા અશોકભાઈ વાઢેર ગીર-સોમનાથના આલીદર ગામ ખાતે રહે છે તેઓ કચ્છમાં એક ખાનગી કંપનીમાં નોકરી કરીને પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે. વિવાનને બચાવવા માટે ચાલી રહેલા અભિયાન અંતર્ગત હાલ બે કરોડથી વધારે રકમ એકઠી થઈ છે. આ મામલે વિવાનના પિતા અશોકભાઈએ જણાવ્યું હતું કે, વિવાનને બચાવવા માટે એકઠું થયેલું તમામ ભંડોળ સેવાકીય કામમાં વાપરવામાં આવશે.

# શાળા-કોલેજથી ૧૦૦ મીટર દુર તો શું તેની નજીક પણ પાનનો ગલ્લો ન હોવો જોઈએ : હાઈકોર્ટ

અમદાવાદ તા.૧૦
તંબાકુ અને ગુટકાના પાઉચ ચેતવણીરૂપે સ્પષ્ટ સૂચનાઓ હોવા છતાં બંધાણીઓ તેનું વ્યસન ત્યજી શકતા નથી જ્યારે અનેક લોકો પણ તેના બંધાણી બની રહ્યા છે ત્યારે શાળા-કોલેજમાં ભણતા બાળકો સહિતના બાળકો અને યુવાનો તેનો ભોગ ન બને તે જોવું જરૂરી છે. શાળા-કોલેજની આસપાસના પાન પાર્લર અને ગલ્લા બાળકોને આકર્ષે છે અને તેમને વ્યસની બનાવી શકે છે. આ અંગે ભાવનગરની સરકારી પ્રાથમિક સ્કૂલ પાસે પાન પાર્લર ચાલુ રહેતા, ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે સ્કૂલ પાસે પાન પાર્લર હોવાથી બાળકો ઉપર તેની વિપરીત અસર પડી શકે છે. આ માટે વારંવાર વહીવટી તંત્રને જાણ પણ કરવામાં આવી છે, તેમ છતાં કોઈ પગલા લેવામાં આવ્યા નથી. જેથી કોર્ટે સરકારને કહ્યું કે, ૧૦૦ મીટર દૂર તો શું તેની નજીક પણ આવો પાનનો ગલ્લો ન હોવો જોઈએ. તેમજ કોર્ટે જિલ્લા વિકાસ અધિકારીને પગલા લેવા આદેશ કર્યો હતો. આદેશ કર્યા બાદ કોર્ટે અરજી ડિસમિસ કરી હતી. અરજદારના વકીલે ગુજરાત હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે ૨૦૦૩ના કેન્દ્ર સરકારના નિયમો મુજબ સ્કૂલની ૧૦૦ મીટરના અંદરના વિસ્તારમાં પાનની દુકાન ન હોય શકે તે માટેની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ સ્કૂલ પાસે પાનનો ગલ્લો હોવાને કારણે પ્રાથમિક સ્કૂલમાં ભણતા ૬થી ૧૪ વર્ષના બાળકો ઉપર વિપરીત અસર પડે છે. ભાવનગરના પીપળી ગામમાં આવેલી સરકારી પ્રાથમિક સ્કૂલની બાજુમાં જ સિગારેટ, ગુટખા, પાન વેંચતું પાર્લર આવેલું હોવાથી તેની બાળકો ઉપર ખરાબ છાપ પડી રહી છે.

# જૂનાગઢમાં સામાન્ય બોલાચાલીમાં હુમલો : બે સામે ફરીયાદ

જૂનાગઢ તા. ૧૦
જૂનાગઢનાં ઉપરકોટ વિસ્તારમાં રહેતા અર્જુનગીરી હર્ષદગીરી ગોસ્વામી (ઉ.વ.૨૭)એ અકરમ ઉર્ફે પટેલ ઈકબાલભાઈ જેઠવા તેમજ સોહિલજમાલભાઈ શેખ વિરૂધ્ધ એવી ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી ચાલીને દવા લેવા જતા હોય ત્યારે રસ્તામાં આરોપીઓ બુલેટ મોટરસાયકલ લઈ આવી અને ફરીયાદીનાં કાકાનાં દિકરા વિશાલ વિષે પુછતાં ફરીયાદીએ જણાવેલ કે મને ખબર નથી તેમ જણાવતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયેલ અને ફરીયાદી અર્જુનગીરીને ઢીકાપાટુનો માર મારી તેમજ છરી વડે હુમલો કરી ઈજા કર્યાની ફરીયાદ નોંધાવતા એ ડીવીઝન પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલા નજીકના બાઢડા ખાતે માર્યા ગયેલાને મોરારિબાપુ દ્વારા તત્કાલ સહાય કરાઈ



તલગાજરડા તા.૧૦
સાવરકુંડલા નજીક્ના બાઢડા ગામમાં ગઈકાલે એક અત્યન્ત દુઃખદ અકસ્માત થયો હતો. રસ્તાની બાજુએ સુતેલા મજુર પરિવારનાં લોકો ઉપર બેકાબુ બનેલો ટ્રક ધસી જતા અનેક લોકો ઘાયલ થયા હતા અને તે પૈકી ૮ વ્યક્તિઓના કરૂણ મૃત્યુ થયાં હતા. પૂજ્ય મોરારિબાપુએ શ્રી હનુમાનજીની સાંત્વના રૂપે તમામ મૃતકોના પરિવારજનોને રૂપીયા ૫ હજારની અને એ રીતે કુલ ૪૦હજારની તત્કાલ સહાય તુલસીપત્ર રૂપે મોકલી છે. પૂજ્ય શ્રી ધ્યાનસ્વામિબાપા ચેતન સમાધિ-સેંજળધામના ટ્રસ્ટી શ્રી ગુણુબાપુએ પ્રતિનિધિ તરીકે રૂબરૂ જઈ આ સહાયની રકમ વિતરિત કરી છે. તમામ મૃતકોના નિર્વાણ માટે પૂજય બાપુએ પ્રાર્થના કરી છે.

# માંગરોળ સોના-ચાંદી એસોસીએશન દ્વારા દાગીનાઓમાં નવા કાયદાની અમલવારી અંગે આવેદન અપાયું



(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૧૦
જૂનાગઢ જિલ્લાના માંગરોળ સોના-ચાંદી એસોસીએશન દ્વારા સોનાના દાગીનાઓમાં નવા કાયદાની અમલવારીમાં પડતી મુશ્કેલીઓને સરકાર સુધી વાત પહોંચાડવા માંગરોળ મામલતદાર તેમજ માંગરોળ ભાજપ કાર્યાલય ખાતે ભાજપ શહેર પ્રમુખ લીનેશભાઈ સોમૈયા મારફત સાંસદ રાજેશભાઈ ચુડાસમાને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. આવેદનમાં જણાવ્યા અનુસાર ભારત સરકાર દ્વારા તા.૧૬ જુન ૨૦૨૧થી સોનાના દાગીનાઓનું હોલમાર્ક ફરજીયાત કરેલ હોય, તેને એસોસીએશન દ્વારા આવકારમાં આવ્યું હતું પણ તે નવા કાયદાની અમલવારી કરવામાં અમુક જોગવાઈઓ અને કેટલીક પ્રકારની મુશ્કેલીઓ પડતી હોય છે. આવેદનપત્રમાં દર્શાવેલ વિગત અનુસાર તમામ પ્રકાર મુશ્કેલીઓ અને જોગવાઈઓ સરકારે ખાસ ધ્યાને લઈ તેમાં છૂટછાટ આપી દુર કરવા તેમજ યોગ્ય ઉકેલ લાવવા માંગરોળના સોના-ચાંદી એસોસીએશનના પ્રમુખ કલ્યાણજીભાઈ પીઠવા સહિત સોના-ચાંદીના ધંધાથી જોડાયેલા તમામ નાના-મોટા વ્યાપારીઓ બહોળી સંખ્યામાં હાજર રહી આવેદનપત્ર આપ્યું હતું.

# માંગરોળ : કાચુ મકાન હતું પણ સરકારની સહાયથી હવે પાકુ મકાન બનશે



(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૧૦
માંગરોળના કોટડા ગામ ખાતે રહેતા જશુબેન ડાકીએ જણાવ્યું કે, પરિવારમાં નવ સભ્યો છીએ. મજુરી કરી ગુજરાન ચલાવીએ છીએ, છેલ્લા ૩૦ વર્ષથી કાચા મકાનમાં રહેતા હતા. મકાન કાચુ હતું અને પડવાનો પણ ભય રહેતો હતો. મજુરી કરતા હોવાથી નવું મકાન બનાવવા માટેની ક્ષમતા ન હતી. આથી અમને પ્રધાનમંત્રી આવાસ યોજનાની માહિતી મળી અને તેમાં ફોર્મ ભર્યું હતું. આ ફોર્મ મંજૂર થતા નવું ઘર બનાવવા માટે રાજ્ય સરકાર તરફથી રૂા.૧.૨૦ લાખની સહાય મળી હતી. સરકારની મદદથી નવું ઘર બની ગયું છે અને ચેરમેનની ઉપસ્થિતીમાં ગૃહપ્રવેશ માટે ચાવી અપાઈ હતી. હવે અમે નવા મકાનમાં રહેશું.

# રૂદ્રાક્ષ કઈ રીતે ધારણ કરવો અને એક મુખી રૂદ્રાક્ષનું મહત્વ

પૂજાવિધી કર્યા વગર રૂદ્રાક્ષ ધારણ કરવો નહી, ગ્રહણનો દિવસ પૂર્ણિમા, શિવરાત્રી, રવિપુષ્ય નક્ષત્ર, ગુરૂપુષ્યામૃતયોગ અથવા શ્રાવણ મહીનાના સોમવારે રૂદ્રાક્ષ ધારણ કરવો, રૂદ્રાક્ષ ઉપર લઘુરૂદ્ર અથવા રૂદ્રી કરી રૂદ્રાક્ષ ધારણ કરવો ફળદાયી રહેશે, ટુટેલો બીજાએ પહેરેલ રૂદ્રાક્ષ ધારણ કરવો નહી, રૂદ્રાક્ષ ધારણ કરનારે માંસ દારૂનો ત્યાગ કરવો, રૂદ્રાક્ષ શૌચક્રિયા વખતે ઉતારી નાખવો, રૂદ્રાક્ષની જો માળા પહેરવી હોય તો ૧૫ અથવા ૨૫, ૫૪ અથવા ૧૦૮ મણકાની માળા પહેરવી શુભ છે, દુર્લભ એકમુખી રૂદ્રાક્ષનું મહત્વ જોઈએ તો એકમુખી રૂદ્રાક્ષને શિવનું સ્વરૂપ માનાવામાં આવે છે, એકમુખી ઓરીઝનલ રૂદ્રાક્ષનો શરૂઆતનો ભાવ ૪ થી ૫ હજાર હોય શકે છે, એકમુખી રૂદ્રાક્ષ વિધિ વિધાન કરી ધારણ કરવાથી લક્ષ્મીજીની કૃપા રહે છે, એકમુખી રૂદ્રાક્ષ ધારણ કરવાથી મગજ અને હૃદયરોગમાં ફાયદો કરે છે અને સ્થીર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે અને ભુતપ્રેતની બાધા દૂર થાય છે, એકમુખી રૂદ્રાક્ષને છેદ કર્યા વગર ધારણ કરવો, જેમ ૫ મુખી રૂદ્રાક્ષ રાહુપીડા દૂર કરવા ધારણ કરવો શુભ છે તેમ એકમુખી રૂદ્રાક્ષ ગ્રહોમાં કેતુ પીડા દૂર કરવા અથવા નબળા કેતુને પાવરફુલ બનાવવા ધારણ કરવો, એકમુખી રૂદ્રાક્ષને ધારણ કર્યા બાદ દરરોજ તેની ચંદન ચોખાથી પૂજા કરવી. - **શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)**

# જૂનાગઢમાંથી ૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો

જૂનાગઢ તા. ૧૦
જૂનાગઢ ક્રાઈમ બ્રાંચ દ્વારા ગઈકાલે ચોકકસ બાતમીનાં આધારે દાતાર રોડ વાલ્મિકી વાસ શેરી નં.૨ ટપુભાઈ ચૌહાણનાં બંધ મકાનમાં દરોડો પાડતા ભારતીય બનાવટનાં વિદેશી દારૂની નાની-મોટી બોટલ સહિતનો કુલ રૂા. ૧૧,૯૨૦નો મુદામાલ જપ્ત કરેલ હતો આ દારૂ શબીર ઉર્ફે ભૂરો સાદરો નૂરમહંમદભાઈ નામના શખ્સે ટપુભાઈ ચૌહાણનાં પડતર મકાનમાં છુપાવ્યો હતો અને રેડ દરમ્યાન હાજર નહી મળી આવતા તેના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# એક કાર્યક્રમમાં કોંગ્રેસ નેતા ભરતસિંહ અને શંકરસિંહ વાઘેલા એક સાથે દેખાતા રાજકીય ચર્ચાનું બજાર ગરમ

આણંદ તા.૧૦
આગામી વર્ષમાં ગુજરાત રાજયમાં વિધાનસભાની ચૂંટણી યોજનાર છે. ત્યારે કોંગ્રેસ પક્ષની અંદર અનેક ફેરફાર જોવા મળી રહ્યાં છે. દેશમાં ભાજપને હરાવવા માટે અનેક વિરોધી પક્ષો ભેગા થઈ રહ્યાં છે. ત્યારે ગુજરાતમાં પણ આવા ખેલ રચાઈ રહ્યાં છે. કોંગ્રેસથી નારાજ થઈને કોંગ્રેસ છોડીને શંકરસિંહ વાઘેલાએ નવો પક્ષ ઉભો કર્યો હતો. શનિવારે આણંદ ખાતે મોટીખોડિયાર મંદિર કોંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહ સોલંકી દ્વારા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શંકરસિંહ વાઘેલા હાજર રહ્યાં હોવાથી આગામી દિવસો મોટી ઉથલપાથલ સંભાવના વર્તાઈ રહી છે. ભરતસિંહ અને શંકરસિંહ એક સાથે આણંદ દેખાતા અનેક તર્કવિતર્ક થઈ રહ્યાં છે. કોંગ્રેસ છોડીને ગયેલા શંકરસિંહ વાઘેલાની ઘરવાપસીના એંધાણ વર્તાઈ રહ્યાં છે. જેને લઈ આણંદ ખાતે પૂર્વ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી આયોજીત હવનના કાર્યક્રમમાં શંકરસિંહ વાઘેલા હાજર રહ્યાં હતા. બંને વચ્ચે ચર્ચા વિચારણા થઈ હતી. જો કે તેઓએ ધાર્મિક કાર્યક્રમમાં હાજર રહ્યાં હોવાનું જણાવ્યું હતું. કોંગ્રેસના કાર્યકરોની અંદર અનેક ચર્ચા જોર પકડયું હતું. શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં વાપસી થવાની સંભાવના વ્યકત કરી રહ્યાં હતા. શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં આવે તો ચરોતરમાં કોંગ્રેસ વધુ મજબૂત બનશે તેવી ચર્ચાઓ જોર પકડયું હતું. તો બીજી બાજુ બે ક્ષત્રિય સમાજના આગેવાનો ભેગા મળીને રાજકિય ક્ષેત્રે કંઈ નવી ખીંચડી પકવે તો નવાઈ નહીં તેમ પણ ચર્ચા જોર પકડયું છે.


## પાકીટ ખોવાયેલ છે

મજેવડી ગેઈટથી ચિતાખાના ચોક ક્રિસ્ટલ કોમ્પલેક્ષ સુધીનાં વિસ્તારમાં બ્રાઉન કલરનું લેધરનું પાકીટ પડી ગયેલ છે.
જે કોઈને પણ મળે તે નીચેનાં નંબર ઉપર ફોન કરશો.
મો. ૯૯૯૮૭ ૮૪૦૦૭, ૭૦૧૬૦ ૮૬૬૮૧, ૯૯૦૪૧ ૨૬૪૫૬, ૯૯૯૮૫ ૩૭૮૦૬
પાકીટ આપનારને યોગ્ય બદલો આપવામાં આવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

# વતન પ્રેમ યોજના થકી વિદેશમાં વસતા દરેક ગુજરાતીઓ પોતાના ગામ-શહેરનું ઋણ અદા કરે : ગૃહમંત્રી અમિત શાહ

ગાંધીનગર તા.૧૦

રાજય સરકારની ઉજવણીના વિકાસ દિવસો રૂા.પ૩૦૦ કરોડના કામોના લોકાર્પણ ખાતમુહૂર્ત કરાયા હતા ત્યારે આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વતન પ્રેમ યોજના લોન્ચ કરતા જણાવ્યું હતું કે, વિશ્વભરના પ્રત્યેક ગુજરાતી પોતાના ગામ-શહેર પ્રત્યે ઋણ અદા કરી તેના વિકાસમાં સહભાગી બને તેવી અપીલ તેમણે કરી હતી. જયારે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ભારતમાલા પરિયોજના હેઠળના આશરે રૂા.૨૫,૩૧૭ કરોડના ૧૦૮૦ કિ.મી.ના રસ્તાઓના કાર્યોનો ગુજરાતમાં પ્રારંભ થયો હોવાનું જણાવ્યું હતું. તો મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, ગુજરાતની ગાદીએ નરેન્દ્ર મોદીનું સિંહાસન વિક્રમાદિત્યનું સિંહાસન છે. જે બેસે તે વિક્રમ તોડે જ છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે વિકાસ માટેના જે બીજ તેમણે રોપ્યા હતા તેને મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે વડાપ્રધાનના પદચિન્હો ઉપર ચાલીનો ગુજરાતની જનતાને સુરક્ષા, સલામતી અને શ્રેષ્ઠ સુવિધા પુરી પાડી છે. એટલું જ નહીં રાજયના સર્વ સમાવેશક વિકાસ માટે તથા રોજગારના સર્જન વિદેશી મૂડીરોકાણ લાવીને ગુજરાતને ચાલકબળ પુરૂ પાડયું છે અને ચૌમુખી પ્રગતિ સાધી સર્વાંગી વિકાસ કર્યો છે. જે દેશને નવો રાહ ચીંધશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. આજે મહાત્મા મંદિર, ગાંધીનાગર ખાતે યોજાયેલા વિકાસ દિવસ સંલગ્ન કાર્યક્રમમાં વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને રાજયના વિકાસકામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ભૂમિપૂજન ખાતમુહૂર્ત કરતા અમિત શાહે જણાવ્યું કે વતન પ્રેમ યોજના અંગે જણાવ્યું કે આ યોજના દ્વારા ગુજરાત સરકારે સમગ્ર વિશ્વમાં વસતા ગુજરાતીઓને પણ ગુજરાતના વિકાસમાં જોડાવાનો સુંદર મોકો આપ્યો છે. આ યોજનાથી વિદેશમાં વસતા પ્રત્યેક ગુજરાતીને પોતાના ગામ પ્રત્યે ઋણ અદા કરવાનો યોગદાન આપવાનો શ્રેષ્ઠ અવસર પ્રાપ્ત થશે. આ તકે તેમણે આઝાદીના ૭૫મા વર્ષમાં પ્રવેશવેળાએ દેશ વિદેશમાં વસતા તમામ ગુજરાતીઓનો વતનપ્રેમ યોજનામાં જોડાવા અપીલ કરી હતી. તેમણે ઉમેર્યુ કે પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના હેઠળ ૨૫ હજાર પરિવારોને ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. જયારે ૪૫ હજાર મકાનોનો શિલાન્યાસ થઈ રહ્યો છે. સુજલામ- સુફલામ યોજના હેઠળ રૂા.૧૧૬૨ કરોડના ખર્ચે પાઈપલાઈન નાખવાના કાર્યનું લોકાર્પણ થયું છે. અમિત શાહે કહ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ જયારે આ યોજનાનો પ્રારંભ કરાવ્યો ત્યારે વિરોધીઓએ તેની ટીકા કરતા અને પૂછતા કે આવડી મોટી પાઈપલાઈનોમાંથી શું જશે ? પણ આ યોજના થકી બનાસકાંઠા અને સૌરાષ્ટ્રના ગામેગામ પાણી પહોંચ્યું છે અને ગુજરાતને ટેન્કર રાજમાંથી મુકત બનાવવાનું નરેન્દ્રભાઈનું સપનું પૂર્ણતાના આરે છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂા.૮૦ હજાર કરોડથી વધુના ખર્ચે દેશના ૮૦ કરોડથી વધુ ગરીબોને દિવાળી સુધી પાંચ કિલો મફત અનાજ વિતરણનો નિર્ણય કર્યો તે સંદર્ભે પણ રાજય સરકાર દ્વારા અપ્રતિમ કામગીરી કરીને અન્ન વિતરણ કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ આ પ્રસંગે લોકાર્પિત થયેલા કાર્યોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, આજના લોકાર્પણમાં રાષ્ટ્રીય રાજમાર્ગ નિર્માણ અંતર્ગત ડીસામાં એલિવેટેડ કોરિડોર બનાવવામાં આવ્યો છે. જે પૂર્વ-પશ્ચિમને જોડતો ઈકોનોમિક કોરિડોર છે. આ રસ્તો કંડલા અને મુન્દ્રા જેવા બંદરોને ઉત્તર અને મધ્યભારતથી જોડાશે. આ કારણે અહીં ટ્રાફિકની સમસ્યા હળવી થશે અને અકસ્માતો પણ ઘટશે. વળી રાજસ્થાનથી આવતા દર્દીઓને પણ મેડિકલ સેવા માટે ગુજરાત જવું સરળ પડશે. ભારતમાલા પરિયોજના હેઠળના આશરે રૂા.૨૫,૩૧૭ કરોડના ૧૦૮૦ કિલોમીટરના રસ્તાઓના કાર્યોનો પ્રારંભ ગુજરાતમાં થઈ ગયો હોવાનું જણાવ્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વિકાસના રોલ મોડેલ બની ગયેલા ગુજરાતની સ્પર્ધા હવે વિશ્વ સાથે છે. મુખ્યમંત્રીએ કહ્યું કે શાસન દાયિત્વના પાંચ વર્ષ પૂર્ણ થવાની આ કોઈ ઉજવણી નથી પરંતુ જનસેવા કામોના યજ્ઞનો જન જન સુધી ઉજાગર કરવાનું અમારૂ આ અનુષ્ઠાન છે.

## તંત્રી લેખ

# ઓનલાઈન શિક્ષણને લીધે વિદ્યાર્થીઓનાં માનસ ઉપર થઈ વિપરીત અસર !

કોરોના વાયરસના રોગચાળા પછી વિશ્વભરમાં દેખીતા બદલાવ આવી ગયા છે. કોરોનાની મુશ્કેલી ઓછી થયાની રાહતની વાત સાથે હવે કોરોનાના કારણે દરેકે પોતાની ખામીઓ અને ભૂલો જોવાનો સમય આવી ગયો છે. જેમ દરિયાના વળતા પાણી પછીનો કચરો સ્પષ્ટ થાય તેમ લોકડાઉન અને અનલોક પછી ઉભી થયેલ મુશ્કેલીઓ પણ નજરે પડી રહી છે. દેશ, દુનિયામાં ઘણા મોટા ફેરફારોમાં એક મહત્વનો ફેરફાર અભ્યાસમાં પણ લાવવામાં આવ્યો છે જે ઓનલાઈન શિક્ષણનો છે. કોરોનામાં સ્કૂલ અને કોલેજના દરવાજાબંધ થયા પછી કોમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ ખુલી ગયા છે અને દેશ વિદેશમાં મોટાભાગની શાળાઓ અને મહાવિદ્યાલયોએ ઓનલાઈન શિક્ષણ અપનાવવું પડયું છે. આ માટે સંચાલકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓના અનુભવો સારા રહ્યા નથી. ઓનલાઈન શિક્ષણની અસર વિદ્યાર્થીઓ ઉપર ભારે થઈ રહી છે જેમાં હવે સ્પષ્ટ થઈ રહ્યું છે કે તેના ગેરફાયદા વધુ છે. સમય તફાવતને કારણે વિદ્યાર્થીઓને ઘરે રહી ઓનલાઈન ક્લાસ કરવામાં અનેક જગ્યાએ ત્રણ કલાકના સમયનો મોટો અંતરાલ વેઠવો પડે છે ત્યારે રોજ વહેલા જાગવાની તકલીફ અને વર્ચ્યુઅલાઈઝેશન થયેલા વર્ગોમાં શિસ્ત જાળવી બેસવું અઘરૂ જ છે પણ કોવીડના આખા વર્ષ દરમ્યાન શિક્ષણકાર્ય સાવ બંધ રહે તેના કરતા આ અપનાવેલી ઓનલાઈન સુવિધા એકંદરે બાળકો અને ટીચરોના હિતમાં રહી છે. આમ કરવું અનિવાર્ય હતું. કારણ આ પધ્ધતિ દ્વારા બાળકોનું વર્ષ અને ભણતર બચાવી લેવાયું. આ માટે ઓનલાઈન એપ અને ટેકનોલોજી આશિર્વાદ જેવી બની. પરંતુ ભારત સહિતના અનેક દેશોમાં દુરના અંતરિયાળ વિસ્તારોમાં જ્યાં ઈન્ટરનેટની સમસ્યાઓ રહેલી હોય ત્યાં આ પ્રકારના શિક્ષણ વિદ્યાર્થીઓ માટે પડકારરૂપ બની ગયા. ભારતના અનેક રાજ્યોમાં નબળી ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને મોબાઈલ ઉપકરણોની ખોટ ઓનલાઈન શિક્ષણ સામેની સૌથી મોટી અવરોધક બની રહી. મોટાભાગના શિક્ષકોનું તો માનવું છે કે બાળકોને સમજાવવા યોગ્ય શિક્ષણ આપવા માટે આ પદ્ધતિ અસરકારક નથી. જેટલી એકાગ્રતા ક્લાસમાં જળવાય એટલી પોતાના ઘરે રહી બાળકો જાળવી શકતા નથી. બાળકો ઘરે રહીને પણ તકલીફમાં, કઠિન પરિસ્થિતિઓમાં કેવી રીતે આગળ વધી શકાય તે શીખી શક્યા એવા ફાયદા સામે નુકસાન પણ છે. દરેકની પાસે મોટા સ્ક્રીનના કોમ્પ્યુટર નથી હોતા, મોબાઈલ ફોનના નાના સ્ક્રીન ઉપર ભણતર કરવું અને તેની સામે કલાકો આંખો ટેકવી બેસી રહેવું નાના, મોટા દરેક માટે ચેલેન્જ રૂપ છે. ટૂંકમાં આ બધાની સાથે તેમના આરોગ્ય અંગે પણ નવેસરથી વિચારવું રહ્યું. શારીરિક નબળાઈ અને સુસ્તતાઓ વધતી જાય છે. ઓનલાઈન શિક્ષણ સાથે બાળકોને ફીઝીકલ એક્ટિવીટી માટે ડાન્સ, યોગા અને મેન્ટલી રીલેક્સ માટેની રમતો ઓછી થઈ ગઈ છે માટે તેમનો ઉત્સાહ અને સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે દરેક શિક્ષણ સંસ્થાએ, શિક્ષકોએ પોતપોતાનો યોગ્ય ફાળો નવેસરથી વધારાનો આપવો પડશે. યુનિવર્સિટીના ક્લાસ તો ખુબ લાંબા હોય છે. ત્રણ-ચાર કલાક લાંબા ક્લાસમાં બાળકોને એક ધાર્યુ બેસી રહેવાની મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેમાય વિજ્ઞાનના વિદ્યાર્થીઓને અને મેડીકલ ક્ષેત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે લેબોરેટરીમાં પરીક્ષણ કરવું ખુબ જરૂરી છે છતાં પ્રોફેસર ઝૂમ ઉપર પ્રયોગ કરે અને વિદ્યાર્થી તારણ કાઢે તેમાં કોઈ ખાસ પ્રગતિ નથી. ફીઝીકલ થેરાપી, ઓક્યુંપેશનલ થેરાપી જેવા શરીરને લગતા અભ્યાસક્રમમાં ફીઝીકલ રીતે પ્રેક્ટિસની જરૂર પડે છે જે આ રીતે શક્ય નથી બનતું. કોરોનાએ દોઢ વર્ષ શિક્ષણનું બગાડયું છે, છતાં પ્રવેશ અને પરીક્ષાઓનું ઠેકાણું પડતું નથી. નવી શિક્ષા નીતિ લાગુ કરી દેવાઈ છે ને એમાં ઘણું બધું સારૂ હોવા છતાં તે હાલના સંજોગોમાં લાગુ થાય એમ નથી તેવી સ્થિતિ છે. બોર્ડ દ્વારા તો પરીક્ષાઓ જ નથી લેવાઈ છતાં તેના એ૧, એ૨ ગ્રેડ અપાયાં છે. સીબીએસઈના એક પરિણામમાં તો અંગ્રેજીને સંસ્કૃત જેવામાં ૧૦૦માંથી ૧૦૦ અપાયા છે. ગણિત, વિજ્ઞાનમાં ૧૦૦ આવે તે સમજાય પણ ભાષામાં ૧૦૦ ઓનલાઈન શિક્ષણે વર્ગખંડનાં શિક્ષણનું મહત્ત્વ સ્પષ્ટ કરી આપ્યું છે.

# હવેનાં માહોલમાં અતિ ભારે વરસાદ જેવી પ્રતિકૂળ હવામાનની ગંભીર ઘટનાઓ વારંવાર અને વધુ તીવ્રતા સાથે જોવા મળશે : ડાયરેકટર ડો.મૃત્યુંજય મહાપાત્ર

નવી દિલ્હી તા.૧૦

ભારતીય હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ ડો.મૃત્યુંજય મહાપાત્રએ ક્લાયમેટ ચેન્જ અને હવામાન અંગે વાત કરતાં જણાવ્યું હતું કે આ દિશામાં પ્રગતિ થઈ છે પરંતુ હજુ પણ પડકારો ઘણા છે. ખાસ કરીનો વિકસિત રાષ્ટ્રોમાં હવામાન અંગે વધુ સચોટ આગાહી કરવામાં આવે છે એવી એક જે સામાન્ય છાપ પ્રવર્તે છે તે અંગે પૂછતા ડો. મૃત્યુંજય મહાપાત્રએ જણાવ્યું હતું કે ભારત ટ્રોપીકલ (ઉષ્ણ કટિબંધીય) પ્રદેશમાં આવે છે. ટ્રોપીકલ પ્રદેશનું હવામાન અતિ ટ્રોપીકલ પ્રદેશ કરતાં અલગ પ્રકારનું હોય છે. ચક્રવાત, ગાજવીજ વગેરે ટ્રોપીકલ વેધર સિસ્ટમની લાક્ષણિકતાઓ છે. તેમણે જણાવ્યું હતું કે આપણા હવામાનની આગાહીઓ અન્ય દેશ જેટલી જ સારી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ટ્રોપીકલ ચક્રવાતની આગાહી કરવામાં જબરદસ્ત સુધારો આવ્યો છે. એ જ રીતે ચોમાસાની આગાહી ખાસ કરીને અતિ ભારે વરસાદની આગાહીની આપણી સચોટતા ૬૦ ટકા હતી જે ૧૦ વર્ષમાં વધીનો ૮૦ ટકા થઈ છે. ગાજવીજ સાથે વરસાદ વગેરેની આગાહી અંગે વાત કરતા ડો.મૃત્યુંજય મહાપાત્રએ જણાવ્યું હતું કે તેમની આગાહી કરવી સરળ નથી કારણ કે તે ૧થી ૧૦ કિ.મી.ની રેજમાં હોય છે. આથી ચોક્કસ સ્થળની આગાહી ૩ કલાક અગાઉ કરી શકાય છે અને તેમાં પણ વિશ્વમાં આપણી સચોટતા શ્રેષ્ઠ છે. ગાજવીજ દરમ્યાન વીજળી પડવાથી કેટલાય લોકોના મોત થાય છે. ભારત એવા કેટલાક ગણ્યાં ગાઠ્યાં દેશોમાંનો એક છે કે જે વીજળી પડવાની પણ આગાહી કરી શકે છે અને તેની આગાહીમાં સતત સુધારો થાય છે. હવે આપણે ૧૪ દિવસ અગાઉથી વીજળી પડવાના સંભવિત સ્થળો ઓળખી કાઢીએ છીએ અને દેશના ૧૦૦૦ કરતાં વધુ હવામાન કેન્દ્ર ઉપરથી દર ૩ કલાકે વીજળીની ચેતવણી આપવામાં આવે છે. આ અંગે આપણી પાસે દામીની નામનું એક એપ પણ છે. ડો. મહાપાત્રએ જણાવ્યું છે કે હવેના માહોલમાં હવામાનની અતિ અસામાન્ય ઘટનાઓ વધુ વાર જોવા મળશે અને વધુ તીવ્રતા સાથે જોવા મળશે. વૈશ્વિક રીતે ૧૦૦ વર્ષના અગાઉની તુલનાએ તાપમાનમાં ૧.૨ ડિગ્રી સેલ્સીયસનો વધારો થયો છે. ભારતમાં આ વધારો ૦.૬ ડિગ્રી.સે. છે. ખાસ કરીને ઉત્તરીય, મધ્ય અને પૂર્વીય ભાગોમાં આ વધારો વધુ જોવા માળેછે. આમ તાપમાન વધવાને કારણે અત્યંત અતિ ગંભીર અને તીવ્રતાવાળા હવામાનની ઘટનાઓ વધી છે. તાપમાન માત્ર જમીન ઉપર જ નહીં, પરંતુ પૃથ્વીની સપાટીથી સમતાપ મંડળ કેપડ સુધીના વાતાવરણમાં પણ તાપમાન ઘણું વધી ગયું છે. અભ્યાસ દ્વારા એવું બહાર આવ્યું છે કે તાપમાનમાં ૧ ડિગ્રી સે.નો વધારો થવાથી ભેજ જાળવાની ક્ષમતા ૭ ટકા જેટલી વધી જાય છે અને તેના કારણે વધુને વધુ વરસાદ હવે પડે છે. ભારે વરસાદની શક્યતા વધી ગઈ છે. સરેરાશ વાત કરીએ તો હળવો કે મધ્યમ વરસાદ હવે ઘટી રહ્યો છે અને અતિ ભારે વરસાદ વધી રહ્યો છે. જો કે ચોમાસાની સીઝન દરમ્યાન કુલ વરસાદમાં ભાગ્યે જ કોઈ ફેરફાર થયો છે. આનો અર્થ એ થયો કે જ્યારે વરસાદ આવે છે ત્યારે અતિ ભારે વરસાદ આવે છે અને જ્યાં વરસાદ પડતો નથી ત્યાં બિલકુલ વરસાદ પડતો નથી.

# કાર્ડધારકના મૃત્યુ પછી પણ આધાર નંબર નિષ્ક્રિય થતો નથી, હાલ રદ કરવાની કોઈ વ્યવસ્થા નથી

નવી દિલ્હી તા.૧૦

આજના સમયમાં આધારકાર્ડ એક આવશ્યક દસ્તાવેજ ગણવામાં આવે છે. PAN મેળવવાથી લઈને આવકવેરા રિટર્ન (ITR) દાખલ કરવા અને સરકારી યોજનાઓના લાભ મેળવવા માટે, આધાર કાર્ડ નંબર જરૂરી બની ગયા છે. ઘર ખરીદવાથી લઈને બાળકના જન્મનું પ્રમાણપત્ર આપવા સુધીના મોટાભાગના કાર્યો અને બેંકના કાર્યો માટે પણ તે જરૂરી છે. જો કે, મૃત્યુ પછી વ્યક્તિના આધાર નંબરનું શું થાય છે એ પ્રશ્ન ઘણા લોકોને થતો હશે. સંસદમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરે આ સવાલનો જવાબ આપ્યો હતો. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરે માહિતી આપી હતી કે કોઈપણ વ્યક્તિના મૃત્યુ પછી તેનો આધાર નંબર નિષ્ક્રિય થતો નથી, કારણ કે દેશમાં હાલમાં આવી કોઈ જોગવાઈ નથી. ચંદ્રશેખરે જણાવ્યું હતું કે, હાલમાં મૃત વ્યક્તિનો આધાર નંબર રદ કરવાની કોઈ વ્યવસ્થા નથી. જો કે, તેમણે લોકસભાને એ પણ જણાવ્યું હતું કે ભારતના રજિસ્ટ્રાર જનરલે જન્મ અને મૃત્યુ નોંધણી અધિનિયમ, ૧૯૬૯માં ડ્રાફ્ટ સુધારા અંગે UIDAI પાસેથી સૂચનો મંગાવ્યા છે જેથી કોઈપણ વ્યક્તિનું મૃત્યુનું પ્રમાણપત્ર આપતી વખતે મૃતકનો આધાર નંબર પરત લઈ શકાય. દેશમાં જન્મ અને મૃત્યુ રજિસ્ટ્રાર એ જન્મ અને મૃત્યુના ડેટાના રક્ષક ગણવામાં આવે છે. હાલમાં, આધાર નંબરને નિષ્ક્રિય કરવા માટે રજિસ્ટ્રાર પાસેથી મૃત વ્યકિતઓનો આધાર નંબર મેળવવાની કોઈ પદ્ધતિ અમલમાં નથી. પરંતુ એકવાર આ સંસ્થાઓ વચ્ચે આધાર નંબર શેરિંગ ફ્રેમવર્ક લાગુ થઈ ગયા પછી, રજિસ્ટ્રાર આધારને નિષ્ક્રિય કરવા માટે મૃતકના આધાર નંબરને UIDAI સાથે શેર કરવાનું શરૂ કરશે. આધારને નિષ્ક્રિય કરવા અથવા તેને મૃત્યુ પ્રમાણપત્ર સાથે લિંક કરવાથી આધાર કાર્ડધારકના મૃત્યુ પછી તેનો દુરૂપયોગ થતો અટકશે.




# શ્રાવણ માસનાં પ્રારંભ સાથે જ ફ્રુટનાં ભાવો વધ્યા



પવિત્ર શ્રાવણ માસ બેસતા જ હવે ફ્રુટના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. હોલસેલ વેપારીઓ માલ ઓછો મંગાવતા હોવાથી બજારમાં ફ્રુટની આવક ઘટી ગઈ છે. જયારે બીજી તરફ ઉપવાસના કારણે ફ્રુટની માંગ વધી છે. હોલસેલ બજારમાં માત્ર રૂા.૨૦માં મળતા કેળા છુટક બજારમાં હાલ રૂા.૪૦ થી ૫૦ ડઝનમાં વેચાય રહ્યા છે. કેળા ૧૦ દિવસ પહેલા રૂા.૨૫ થી ૩૦ ડઝનમાં વેચાતા હતા. આજ રીતે સફરજન, ચીકુ, પપૈયા, મોસંબી જેવા ફ્રુટના ભાવમાં પણ રાતોરાત વધારો થઈ રહ્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

એક સારો વિચાર અનેક ખોટા વિચારોને દૂર કરી શકે છે.
- કોલ્ટન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૦, મુ. મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ સુદ-૨ મંગલાગૌરી પૂજન, મોહરમ, હિજરી સન ૧૪૪૩ પ્રારંભ તા.૧૦ ઓગષ્ટ ૨૦૨૧, મંગળવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૧, મઘા નક્ષત્ર, પરિઘ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૬, સૂ.અ.૧૯:૨૬
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.
વૃષભ : નવા આયોજનો ન કરવા હિતાવહ. મહત્વના કાર્યો સંભાળીને કરવા.
મિથુન : આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંની લેવડ-દેવડમાં સાફળતા રહે.
કર્ક : વાણી સંયમ જાળવવો હિતાવહ. આકસ્મીક ધન વ્યય થાય.
સિંહ : નવિન કાર્યમાં સફળતા મળે. આર્થિક મુંઝવણમાંથી માર્ગ મળે.
કન્યા : નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે. વ્યર્થ ચિંતા રહે.
તુલા : કાર્યમાં વિલંભથી સાફળતા મળે. વ્યર્થ વાદ-વિવાદ ન કરવો હિતાવહ.
વૃશ્ચિક : કાનુની બાબતે લાભ. આવકમાં વૃધ્ધિ થાય.
ધન : મહત્વના નિર્ણયો લઈ શકશો. દિવસ આનંદભર્યો પસાર થાય.
મકર : વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે. મિલન-મુલાકાત સાફળ થાય.
કુંભ : સંતાનોથી સાહકાર મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સાફળતા મળે.
મીન : સ્નેહીજનોથી અસંતોષ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.

# પવિત્ર અમરનાથની કથા



## શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

એક વખત દેવાધિદેવ શિવજીએ માતા પાર્વતીજી સમક્ષ પોતે રૂંઢમાળા શા માટે ગળામાં ધારણ કરે છે તેનું રહસ્ય પ્રગટ કરતા જણાવ્યું કે, 'તમારા દરેક અવતાર બાદ તમારો દેહવિલય થાય ત્યારે તે સમયે તમારી ખોપરીને હું મારી આ રૂંઢમાળામાં પોરવી દઉં છું. કારણ કે, તમે મને અત્યંત પ્રિય છો.'

આ સમયે શિવજી અજર-અમર છે અને પોતાને વારંવાર અવતાર લેવા પડે છે એ વાત માતા પાર્વતીજીએ જાણી ત્યારે પોતે પણ અમર થવા માટેની જીદ પકડી ત્યારે મહાદેવજીએ માતા પાર્વતીજીને જણાવ્યું કે, 'અમર થવા માટે અમર કથા સાંભળવી પડે. આ કથા કોઈ એકાંત પ્રદેશમાં જ થઈ શકે.'

માતા પાર્વતીજી એકાંત પ્રદેશમાં અમર કથા સાંભળવા તૈયાર થયા. ત્યારે શિવજી અને પાર્વતીજી કૈલાસથી નીચે નિર્જન પહાડીઓમાં આવ્યા. કાલાગ્ની રૂદ્રને શિવજીએ આજ્ઞા આપી કે આ પહાડોની આસપાસ કોઈ જીવ, જંતુ, પશુ-પક્ષી કે વૃક્ષ-ઝાડ-પાન ન રહેવા જોઈએ.

કાલાગ્ની રૂદ્રએ તે બધાયને બાળી નાખ્યા. પછી પહાડોમાં એક ગુફામાં બેસી અને શિવજીએ માતા પાર્વતીને કહ્યુ, 'હુ હવે અમર કથાનો પ્રારંભ કરૂ છું. તમે હોંકારો ભણતા રહેજો. કારણ કે, આ અમરકથા હું સમાધિ અવસ્થામાં તમને કહીશ. તમને મુક્તિની પ્રાપ્તિ થાય તેવું જ્ઞાન હું તમને આપીશ.'

આમ કહી શિવજી તો સમાધિ લગાડીને બેસી ગયા. તેમના મુખમાંથી અમરવાણીનું જ્ઞાન વહેલા લાગ્યું. પાર્વતીજી કથા સાંભળતાં સાંભળતાં હોંકારો દેવા લાગ્યા. પરંતુ આ કથા સાંભળતા પાર્વતીજીને તો ઝોંકુ આવી ગયું તેઓ નિદ્રાધિન થઈ ગયા.

જ્યારે અમરકથા પુરી થઈ તો શિવજીએ આંખો ખોલીને જોયું તો માતા પાર્વતીજી તો ધસધમાટ નિંદ્રામાં હતા ત્યારે શિવજીને પ્રશ્ન થયો કે, તો પછી પાર્વતીજીના બદલે હોંકારો કોણ દેતુ હતું ? તેમણે ગુફામાં ઉપર દ્રષ્ટિ કરી તો તે કબુતરના બચ્ચાં દેખાયા. તે બોલ્યા, 'પ્રભુ, અમે આ માળામાં ઈંડાના સ્વરૂપમાં હતા. આપે જ્યારે ગુફામાંથી પ્રાણવાયું સમેટી લીધેલો ત્યારે અમારી માં અમને ઈંડા સ્વરૂપે મુકી અને ઉડી ગઈ હતી. ત્યાર પછી ઈંડામાંથી અમે બહાર નિકળ્યા અને આપની અમરવાણી સાંભળી અમે જ હોંકારો દેતા હતા.

ત્યારે દેવાધિદેવ મહાદેવે કહ્યુ, 'અમર કથા સાંભળી તમે અમર થઈ ગયા પરંતુ પાર્વતીજી અમર ન થઈ શક્યા.' આજે પણ અમર થયેલા તે કબુતરના અમરનાથજીની ગુફામાં દર્શન થાય છે.

આ અમરનાથજીની ગુફામાં સ્વયંભુ બરફનું શિવલીંગ થાય છે. જે એકમના નાનુ થઈ જાય છે અને પુનમના પરિપુર્ણ થાય છે. ત્યાં બરફના સુતેલી સ્થિતિમાં પાર્વતી માતા અને ગણેશજી પણ બિરાજે છે. અષાઢ સુદ પૂર્ણિમાથી શ્રાવણ સુદ પૂર્ણિમા સુધી અહીં દર વર્ષે મેળો ભરાય છે. આ અમરનાથજીની યાત્રા કરી ભાવિકો ધન્યતાનો અનુભવ કરે છે.

# આગામી ગુજરાત રાજય વિધાનસભાની ચૂંટણી જંગમાં 'પાટીલ રાજ'માં પાટીદાર નેતાઓનાં પત્તા કપાઈ શકે છે ?



ગાંધીનગર તા.૧૦

ગુજરાત ભાજપ સંગઠન ઉપરપક્કડ ધરાવનારા પાટીદાર નેતા ભીખુ દલસાણિયાને હટાવવામાં સીઆર પાટીલ સફળ થતાં ભારે ચર્ચા થઈ રહી છે. ૩ ટર્મ કરતાં વધુ વખત ચૂંટણી લડી ચૂકેલાને ટિકિટ નહીં આપવાની ફોર્મ્યૂલાના બહાને પાટીલ યુવા નેતાઓની ફૌજ તૈયાર કરે છે. ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીઓ સહિત તમામ ચૂંટણીઓમાં ભાજપમાં ટિકિટ ફાળવણી, પાલિકા-પંચાયતોમાં મેયર- પ્રમુખ સહિતના પદાધિકારીઓની નિમણૂંકોમાં ભીખુ દલસાણિયાની ભૂમિકા રહેશે નહી. ગુજરાત ભાજપમાં દોઢ દાયકાથી સંગઠન મહામંત્રી હોવાથી પાર્લામેન્ટરી બોર્ડમાં તેમનો દબદબો રહેતો. જોકે, હાઈકમાન્ડે ગુજરાતમાં સંગઠન મહામંત્રીપદે મૂળ ઉત્તરપ્રદેશના રત્નાકરની નિયુક્તિ કરવામાં આવી છે. ત્યારે હવે વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ કપાવવાના ડરે ગણગણાટ પણ શરૂ થઈ ગયો છે. માનવામાં આવી રહ્યું છે કે, આગામી સમયમાં કેટલાક નેતાઓની ટિકિટ પણ કપાઈ શકે છે. મળતી માહિતી મુજબ, વિધાનસભાની ચૂંટણીઓ વહેલી યોજાશે તેવી ચર્ચાઓ શરૂ થતા ભાજપના સિનિયર નેતાઓની ચિંતામાં વધારો થતો જઈ રહ્યો છે. પ્રદેશ ભાજપમાંહવેપાટીલ રાજ ચાલી રહ્યું છે. પાટીલે ભાજપને ૧૮૨ વિધાનસભા બેઠક જીતવાનો લક્ષ્યાંકગુજરાતમાં પોતાની રીતે નિર્ણય લેવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીઅને અમિત શાહનો વિશ્વાસ જીતી લીધો છે. હાલમાં જ નવી વરણી કરાયેલ સંગઠન મહામંત્રી રત્નાકર તેનું મોટુ ઉદાહરણ છે. ભીખુ દલસાણિયાને હટાવવાની ફિરાકમાં પાટીલ ઘણા સમયથી હતા. સી.આર.પાટીલની ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે વરણી થયા બાદ ભીખુ દલસાણિયા નારાજ થઈ નિષ્ક્રિય પણ થઈ ગયા હતા. પરંતુ પાટીદાર નેતા હોવાના કારણે સંગઠન મહામંત્રી તરીકેની તેમની ખુરશી બચી ગઈ હતી નહી તો પાટીલે પોતાની ટીમમાંથી તેમને કાઢવા માટેનું નક્કી કરી લીધું હતું અને અંતે પાટીલ તેમાં સફળ પણ થયા. સી.આર.પાટીલ જ્યારથી ભાજપના પ્રદેશપ્રમુખ બન્યા છે ત્યારથી ભાજપમાં અનિશ્ચિતતાઓ વધી ગઈ છે. પાટીલે પેજ પ્રમુખ સમિતિની રચના કરી જેને નોંધપાત્રા સફળતા મળી હતી. પાટીલના પ્રમુખ બન્યા બાદ સૌપ્રથમ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ આવી જેમાં એક નિયમ નક્કી કરવામાં આવ્યો હતો. ૩ ટર્મ ચૂંટણી લડી ચૂકેલા આગેવાનોને ટિકિટ નહી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. જેના કારણે અનેક સિનિયર આગેવાનોની ટિકિટ કપાઈ હતી. ત્યારબાદ પ્રદેશ પાર્લામેન્ટરી કમિટિ સામે આગેવાનોએ સવાલો પણ ઉઠાવ્યા હતા. જો કે, ભાજપમાં આવા વિરોધની કોઈ નોંધ નથી લેવામાં આવતી. સ્થાનિક આગેવાનોએ સવાલ ઉઠાવ્યો કે, શું આ નિર્ણય વિધાનસભા અને લોકસભાની ચૂંટણી સમયે લાગું થશે. ત્યારે સી.આર.પાટીલે જવાબ આપ્યો હતો કે, સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે નિયમ પ્રદેશ પાર્લામેન્ટરી કમિટી નક્કી કરતી હોય છે. જ્યારે વિધાનસભા અને લોકસભાની ચૂંટણીના નિયમો કેન્દ્રીય પાર્લામેન્ટરી કમિટી નક્કી કરે છે. સી.આર.પાટીલ ત્યારે આવો જવાબ આપીને છટકબારી શોધી લીધી હતી. પરંતુ હવે નેતાઓમાં ગણગણાટ શરૂ થઈ ગયો છે કે, જો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના નિયમ વિધાનસભાની ચૂંટણીમાં લાગું કરાશે અનેક સિનિયર નેતાઓની ટિકિટ કપાઈ જશે. કેટલાક નેતાઓ અત્યારથી જ દિલ્લીના ચક્કર લગાવવાના શરૂ કરી દીધા છે. ભાજપમાં અનેકનેતાઓ છે ત્રણ ટર્મ કરતા વધુ વખત ચૂંટણી લડી ચૂક્યા છે. આવા નેતાઓ હવે પોતાની ટિકિટ બચાવવા માટે થઈને હવાતિયાં મારતા શરૂ થઈ ગયા છે. ૧૮૨ બેઠક જીતવાનો ટાર્ગેટ સી.આર. પાટીલ દ્વારા નક્કી કરવામાં આવ્યો છે એટલે નિમયોમાં પણ પાટીલનું કેન્દ્રીય પાર્લામેન્ટરી કમિટી સાંભળે તેમાં કોઈ નવાઈ નથી. આવી સ્થિતિમાં સી.આર. પાટીલ જે યુવાનો પાસેથી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કામ લીધું તેમને પ્રાધાન્ય આપે તેવી શક્યતાઓ છે. બીજી તરફ આપ નવ યુવાનો તક આપી રહી છે. ત્યારે ભાજપ પણ હવે યુવાનોને વધુ ચાન્સ આપવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ભાજપના સિનિયર નેતાઓ પોતાની ટિકિટ કપાવવાની શક્યતાઓને લઈને વિસ્તારોમાં સક્રિય થઈ ગયા છે.

## પોતાની સફળ કોર્પોરેટ નોકરી છોડીને UPSC પરીક્ષામાં IAS અધિકારી નેહા ભોંસલેએ ૧૫મું સ્થાન મેળવ્યું

મુંબઈ તા.૧૦

કેટલાક લોકો હંમેશા તેમની કારકિર્દીમાં કંઈક અલગ કરવા માંગે છે. સારી નોકરી કર્યા પછી પણ, તેઓ તેમના વ્યવસાયિક જીવનમાં કંઈક વધુ મોટું અથવા અનોખુંપ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. UPSC ૨૦૧૯માં અખિલ ભારતીય રેન્ક ૧૫ મેળવનાર નેહા ભોંસલે તે પૈકી એક છે. થોડા વર્ષો સુધી કોર્પોરેટ ક્ષેત્રમાં કામ કર્યા બાદ નેહાએ યુપીએસસીની તૈયારી કરવાનું નક્કી કર્યુ હતું. શરૂઆતમાં, તેણીએ તેની પૂર્ણ-સમયની નોકરીની સાથે યુપીએસસીની તૈયારી શરૂ કરી. જો કે, તૈયારીમાં સામના અભાવને કારણે તે તેના પ્રથમ પ્રયાસમાં નિષ્ફળ ગઈ હતી. ત્યારબાદ તેણીએ નોકરી છોડીને યુપીએસસી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યુ અને આખરે, વર્ષ ૨૦૧૯માં, તેણીએ આ પરીક્ષા પાસ કરી અને IAS કેડરમાં જોડાવાનું તેનું સ્વપ્ન પૂર્ણ કર્યુંછે. નેહા ભોંસલે, મહારાષ્ટ્રના વતની છે, તેણીએ મુંબઈ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગ કર્યુ હતું. અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી તે કંઈક અનોખુંપ્રાપ્ત કરવા માંગતી હતી. તેથી, તેણીએ IIMમાં પ્રવેશ કર્યો અને MBAમાં પ્રવેશ માટે બેઠક મેળવી હતી. એમબીએ કર્યા પછી, તેણીને યોગ્ય નોકરી મળી ગઈ હતી. તેણીએ નોકરી ૩ વર્ષ કરી હતી. જો કે, તે હજી પણ સંતુષ્ટ ન હતી અને તેથી, તેણે યુપીએસસી પરીક્ષાની તૈયારી શરૂ કરી હતી. જ્યારે તેણીએ પ્રથમ વખત UPSCની પરીક્ષા આપી ત્યારે તે પૂર્ણ સમયની નોકરીમાં હતી તેની નોકરીની પ્રતિબદ્ધતાને કારણે, તે સારી રીતે તૈયારી કરી શકતી ન હતી અને નિષ્ફળ ગઈ હતી. પછી, તેણીએ ૨૦૧૭માં નોકરી છોડીને તેના અભ્યાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યું. તેણે લગભગ ૨ વર્ષ સુધી સખત મહેનત કરી અને પ્રયત્ન કર્યા હતા.

# વિપક્ષોની એકતાનાં પ્રયાસો પરંતુ આંગળીથી નખ વેગળા ઈ વેગળા

નવી દિલ્હી તા. ૧૦

કોંગ્રેસના માજી અધ્યક્ષ-સાંસદ રાહુલ ગાંધીએ યોજેલી મોર્નિંગબ્રેકફાસ્ટની બેઠકમાં ૧૭ વિપક્ષ નેતાઓ હાજર હતા. આ બેઠકમાં સંસદ ચાલવા નહીં દેવા ઉપર સહમતી સધાઈ હોવી જોઈએ એમ જણાય છે. આ બેઠક પછી રાહુલગાંધીએ અન્ય વિપક્ષ નેતાઓ સાથે સાઈકલ માર્ચ કાઢી, જેથી બતાવી શકાય કે પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ કેવી ગંભીર સમસ્યા છે. બેશક આ સાઈકલ યાત્રાએ ટીવી કેમેરાઓને મનપસંદ દ્રશ્યો ઉપલબ્ધ કરાવ્યાં છે, પણ જ્યારે સંસદ ચાલી રહી છે ત્યારે શેરીમાં દેખાવ કરવા ઉચિત છે કે પછી મહત્ત્વના મુદ્દા ઉપર ગૃહમાં ચર્ચા કરવી જરૂરી છે ? અત્યારે તો તેઓ પોતાના આચરણથી આ તક ગુમાવવાનું કામ કરી રહ્યા છે. એક બાજુ વિપક્ષ એમ કહે છે કે, કોવિડ મહામારી, કૃષિ કાયદાઓને લઈને મોંઘવારી અને પેગાસસ જાસૂસી કાંડ જેવાં પ્રકરણે સરકારને ઘેરવામાં આવશે, પરંતુ જ્યારે આવી તક ઝડપી લેવાને બદલે ધાંધલ મચાવે છે ! પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના વિજય પછી વિરોધીઓની એકતાના પ્રયાસોને નવો વેગ મળ્યો છે. આ એકતાનું નેતૃત્ત્વ મમતા બેનરજી કરશે કે સૌથી મોટા પક્ષના નાતે કોંગ્રેસ પાસે વિપક્ષનું નેતાપદ હશે, તે હજી દૂરની બાબત હોવા છતાં મમતાની દિલ્હી મુલાકાત, વિરોધપક્ષોના નેતાઓની ચર્ચા અને આક્રમક ટીકાને લઈ હિલચાલને વેગ મળ્યો છે. આ પાર્શ્વભૂમિકા ઉપર રાહુલ ગાંધીએ દાખવેલી સક્રિયતા નોંધનીય છે. તેમના નિમંત્રણનું માન ફક્ત આમ આદમી પક્ષ અને બહુજન સમાજ પક્ષ-એવા બે મહત્ત્વના પક્ષોએ રાખ્યું નથી. આમ આદમી પક્ષને પૂરી શક્તિથી પંજાબમાં વિધાનસભા ચૂંટણી લડવી છે અને જ્યાં કોંગ્રસ મુખ્ય પ્રતિસ્પર્ધી છે. માયાવતી હજી ભાજપના વિરોધમાં મેદાનમાં ઉતરવા બહુ ઉત્સુક દેખાતાં નથી. આ બે પક્ષ રાહુલની મોર્નિંગ બ્રેકફાસ્ટ બેઠકથી દૂર હતા અને બધા વિપક્ષ નેતા ભેગા થયા ત્યારે શરદ પવાર ગૃહપ્રધાન અમિત શાહને મળીને મહારાષ્ટ્રમાં સહકાર ક્ષેત્રની મુશ્કેલીઓ સમજાવવામાં રત હતા ! પવાર-શાહ મુલાકાતનો વિષય મહત્ત્વનો હોવા છતાં તેનું ટાઈમિંગ પણ એટલા જ મહત્ત્વનું છે. હાલ રાષ્ટ્રીય રાજકારણમાં શિવસેનાનો અવાજ મહત્ત્વનો ઠરતો હોઈ તેનું મોટા ભાગનું શ્રેય સંજય રાઉતને આપવું પડે. તેમની રાહુલ ગાંધી સાથે વ્યક્તિગત મુલાકાત, તેમાંથી અમે તમારા વિરોધમાં છીએ અને રહીશું ? એવો એક સંદેશ ભાજપને જઈ રહ્યો છે. થોડા દિવસ પહેલાં રાજધાનીમાં થયેલી મોદી-ઠાકરે બેઠકથી જે વાતાવરણ નિર્માણ થયું હતું તે આ નિમિત્તે દૂર કરવામાં આવી રહ્યું છે. દેશના સત્તાના ગણિતમાં ઉત્તર પ્રદેશ રાજ્ય જેટલું મહત્ત્વનું છે.

# વાયુ પ્રદૂષણની અસર માનવીનાં મગજ ઉપર પડી, ભૂલી જવાની બીમારી થઈ શકે છે : સંશોધન

વોશીગ્ટન તા.૧૦

એક નવા અભ્યાસ અનુસાર વાયુ પ્રદૂષણની અસર માનવીના મગજ ઉપર પડી રહી છે જે આગળ જતાં ગંભીર પ્રકારની બીમારીઓ નોતરી શકે છે. હવે એક નવા રીસર્ચમાં એવું બહાર આવ્યું છે કે, વાયુ પ્રદૂષણથી લોકોને આગળ જતાં ડિમેન્શિયા થવાનો ખતરો અનેકગણો વધી જાય છે. ડીમેન્શિયા એટલે ચિત્તભ્રંશ અને સ્મૃતિ ભ્રંશ. ડીમેન્શિયાની બીમારીમાં દર્દીની યાદદાસ્ત અને જવા લાગે છે અને તે વિચારી શકતો નથી કે નિર્ણય લઈ શકતો નથી. વાયુ પ્રદૂષણમાં રહેલ ફાઈન પાર્ટિક્યુલેટને ડિમેન્શિયાની બીમારી સાથે કનેક્શન હોવાનું બહાર આવ્યું છે. વોશિંગ્ટનં યુનિવર્સિટીના સંશોધકોએ જણાવ્યું છે કે, વાયુપ્રદૂષણ અને ડિમેન્શિયા વચ્ચે એક પ્રકારની લિંક છે. આ સંશોધનના તારણો જનરલ એન્વાયરનમેન્ટલ હેલ્થ પરસ્પેક્ટીવમાં પ્રસિદ્ધ થયા હતા. અમેરીકી વોશિંગ્ટન યુનિવર્સિટીના વડપણ હેઠળ હાથ ધરવામાં આવેલ અભ્યાસમાં પ્રદૂષણના ફાઈન પાર્ટીકલમાં થોડો વધારો વ્યક્તિને ડિમેન્શિયાનો ભોગ બનાવી શકે છે. આ માટે વોશિંગ્ટન યુનિવર્સિટી દ્વારા સીએટલ વિસ્તારમાં ખાસ સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. અગ્રણી લેખક રાકેલ શાફરે જણાવ્યું છે કે, પ્રતિ ઘન મીટર ૧ માઈક્રોગ્રામમાં વધારો થાય તો ડિમેન્શિયા થવાનું જોખમ ૧૬ ટકા વધી જાય છે. આ અભ્યાસમાં વોશિંગ્ટન યુનિવર્સિટી ખાતે કૈસર પરમેનેન્ટ વોશિંગ્ટન હેલ્થ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા એડલ્ટ ચેન્જીસ એન્ડ થોટ (એસીટી) સ્ટડી હેઠળ સીએટલ વિસ્તારના ૪૦૦૦થી વધુ લોકોને આવરી લેવાયાં હતા. તેમાં સંશોધકોને ૧૦૦૦ લોકો એવા જણાયાં હતાં કે, જેઓ કોઈને કોઈ તબક્કે ડિમેન્શિયાનો ભોગ બન્યાં હતાં. ત્યારબાદ આવા લોકો કેટલી હદે વાયુપ્રદૂષણના સંપર્કમાં આવ્યાં છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને તેમાં એવું બહાર આવ્યું હતું કે વાયુ પ્રદૂષણના વધુ સંપર્કમાં આવનાર વ્યક્તિ ડિમેન્શિયાનો ભોગ બની છે.

## લ્યો કરી લો વાત....! હવે વિમાનમાં દારૂની હેરાફેરી

વડોદરા તા.૧૦

દારૂના ખેપિયાઓ દ્વારા દારૂ લાવવા માટે જુદા જુદા કીમિયા અપનાવવામાં આવતા હોય છે. ખાનગી વાહનો, એસટી બસ અને ટ્રેન બાદ હવે વિમાનમાં પણ દારૂની ખેપ મારવામાં આવતી હોવાનું બહાર આવ્યું છે. દિલ્હીથી વડોદરા આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં દારૂની બોટલો લાવવામાં આવી રહી હોવાની વિગતોના પગલે હરણી પોલીસના પી.આઈ. વી. કે. દેસાઈ અને ટીમે ગઈકાલે મોડી સાંજે એરપોર્ટ ખાતે વોચ ગોઠવી હતી. મુસાફરોના ચેકિંગદરમ્યાન બે મુસાફરની પાંચ ટ્રોલી બેગ અને હેન્ડબેગ ચેક કરવામાં આવતા તેમાંથી રૂ.૬૨,૦૦૦ની કિંમતની દારૂની ૩૭ બોટલ મળી આવી હતી. પોલીસની પૂછપરછમાં પકડાયેલા ઓના નામ પાર્થ મુકેશ શ્રીમાળી (મહાલક્ષ્મી સોસાયટી, વાલમ હોલ પાસે, હરણી) તેમજ યાંત્રિક ઉર્ફે સોનુ દિલીપભાઈ શ્રીમાળી (ક્રિષ્ના પાર્ક સોસાયટી, રેલ્વે સ્ટેશન રોડ પાદરા) હોવાનું ખુલ્યું હતું. બન્ને જણા જુદી-જુદી બ્રાન્ડની ૩૭ બોટલનો દિલ્હી ખાતેથી લાવ્યા હોવાની વિગતો ખુલતાં પોલીસે બંનેના મોબાઈલ પણ કબજે કરી અગાઉ આ રીતે કેટલી વાર દારૂ લાવ્યા છે તે બાબતે પૂછપરછ કરી છે.

# કેન્દ્રની સરકારોએ નફાનું ખાનગીકરણ, ખોટનું રાષ્ટ્રીયકરણ ! એજ રાજકીય નીતિ અપનાવી છે

૧૯૯૧ની ૨૧મી જૂને નહેરૂ-ગાંધી પરિવાર સિવાયના પ્રથમ કોંગ્રેસી વડાપ્રધાન તરીકે પી.વી. નરસિંહરાવે સત્તાના સૂત્રો સંભાળ્યા તે ભારતીય રાજનીતિની નોંધપાત્ર ઘટના હતી. ખાડીયુદ્ધ અને સોવિયેત રશિયાના વિઘટન વચ્ચે દેશની આર્થિક સ્થિતિ તળિયે હતી. એટલે ૨૪મી જુલાઈ ૧૯૯૧ના રોજ નરસિંહ રાવે તેમના અર્થશાસ્ત્રી નાણાંમંત્રી મનમોહન સિંઘની સલાહ અનુસરી દેશના અર્થતંત્રને બજારને હવાલે કરતું ઉદારીકરણ સ્વીકારી લીધું હતું. કોંગ્રેસના સમાજવાદને તિલાંજલિ આપી આર્થિક સુધારાની નીતિ અંગીકારીને કોંગ્રેસે ભારતીય અર્થકારણને ઐતિહાસિક વળાંક આપ્યોહતો. આઝાદી સમયે દેશેન મૂડીવાદ, ન સમાજવાદી એવી મિશ્ર અર્થવ્યવસ્થા અપનાવી હતી. સાથે નહેરૂ કલ્પનાના સમાજવાદને કારણે રાષ્ટ્રીયકરણ અને જાહેર ક્ષેત્રનો વિકાસ થઈ રહ્યો હતો. ૧૯૪૯માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનું અને ૧૯૫૫માં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. પોતાના પ્રધાનમંત્રીત્વકાળ દરમ્યાન ઈન્દિરા ગાંધીએ ૧૯૬૯માં ૧૪ બેંકોનું તો મોરારજી દેસાઈએ ૧૯૮૦માં ૬ બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યુંહતું. ૨૦૧૭માં દેશમાં ૨૭ રાષ્ટ્રીયકૃત બેંક હતી. ૧૯૫૦થી ૧૯૬૦ના ગાળામાં કેન્દ્ર અને રાજ્યોએ ૧૨૦૦જેટલી સરકારી કંપનીઓ બનાવી હતી. આજે દેશમાં ૨૫૭ જાહેરક્ષેત્રના ઉદ્યોગો છે અને તેમાંથી ૧૮૪ નફો કરે છે. ૧૯૯૧ના બજાર ઉદારીકરણને કારણે ખાનગીકરણનો વાયરો ફૂંકાયો હતો. ઉદારીકરણના ત્રણ દાયકાના અંતે આજે ઉદારીકરણના બીજા તબક્કામાં સરકાર ખાનગીકરણની ખુલ્લેઆમ તરફેણ કરે છે. વિનિવેશથકી ખાનગીકરણના આરંભનો તો સરકારોએક્યારનો અમલ કરી દીધો છે. સરકાર જ્યારે વિનિવેશનો માર્ગ અપનાવે છે, ત્યારે તે બેંક, વીમા કંપની કે જાહેર ક્ષેત્રના ઉપક્રમનો અમુક હિસ્સો ખાનગી વ્યક્તિ કે કંપનીને વેંચે છે, પરંતુ નિયંત્રણ પોતાના હસ્તક રાખે છે. જ્યારે ખાનગીકરણમાં તે બહુમતી હિસ્સો વેંચીને સંચાલન ખાનગી હાથોને સોંપી દે છે. ઉદારીકરણના આરંભે ૧૯૯૧-૯૨માં ૩૧ સરકારી કંપનીઓનું ખાનગીકરણ કરવામાં આવ્યું હતું. અટલબિહારી વાજપેયીના નેતૃત્વ હેઠળની સરકારે વિનિવેશ મંત્રાલય અને વિનિવેશ આયોગની રચના કરી હતી. ઉદારીકરણના ત્રણ દાયકામાં વિશ્વ અર્થવ્યવસ્થામાં ભારતની ભાગીદારી ત્રણ ગણી વધી હોવાનું અને ખાનગીકરણને કારણે બેંકિંગ, સંચાર, મોબાઈલ અને વિમાનસેવામાં સુધારો થયાનું કહેવાય છે. જાહેરક્ષેત્રમાં કામચોરી, ભ્રષ્ટાચાર, જરૂરિયાત કરતાં વધુ સ્ટાફ છે. બેંકોની એનપીએ(નોન પરફોર્મિંગ એસેટ્સ) વધી રહી છે. છેલ્લા ત્રણ વરસોમાં કેન્દ્ર સરકારે સરકારી બેંકોને રૂા. ૧૫૦ લાખ કરોડ ખોટ સરભર કરવા આપ્યા છે. જાહેર ક્ષેત્રના કેટલાક ઉદ્યોગો પણ ખોટમાં ચાલે છે. તેને કારણે પણ ખાનગીકરણ જરૂરી હોવાની દલીલો થાય છે. હાલમાં મહામારી પ્રભાવિત અર્થવ્યવસ્થામાં સંસાધનોનું સંકટ છે અને સરકાર આર્થિક રીતે તંગહાલ છે, એટલે તે સામાજિક યોજનાઓ માટે જરૂર નાણાં મેળવવા, રાજકોષીય ખાધ ઘટાડવા ખાનગીકરણનો રાહ આપદ ધર્મ તરીકે અપનાવી રહ્યાનું કહેવાય છે. ૧૯૯૪થી ૨૦૦૫માં કેન્દ્ર સરકાર વિનિવેશથી રૂા.૬,૩૪૪ કરોડ કમાઈ હતી. ૨૦૦૯થી ૧૪માં રૂા.૧ લાખ કરોડની કોંગ્રેસ સરકારે તો ૨૦૧૪થી ૧૯માં રૂા.૨.૮૨ લાખ કરોડની બીજેપી સરકારે જાહેર ક્ષેત્રના વેંચાણમાંથી કમાણી કરી હતી. ૨૦૦૬માં ઈન્ડિયન ઓઈલ કંપનીમાં સરકારી ભાગીદારી ૮૨ ટકા હતી, ૨૦૧૯માં ૫૫ ટકા છે. ૨૦૧૭માં સરકારી બેંકો ૨૭ હતી, તે ખાનગીકરણ અને વિલયથી ઘટાડીને આજે ૧૨ કરવામાં આવી છે. એટલે ખાનગીકરણ કે વિનિવેશ વર્તમાન સરકારનો કોઈ આપદધર્મ નથી. ખાનગીકરણને બહાને સરકારોની ઉડાઉગીરી લાંબા સમયની છે. ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં સરકારે બે બેંકો અને એક સરકારી કંપનીનું ખાનગીકરણ કરીને ૧.૭૫ લાખ કરોડ મેળવવાનું લક્ષ્ય ઘોષિત કર્યું છે. નીતિ આયોગે લગભગ ૧૦૦ જેટલી જાહેર સંપત્તિ અને જાહેર ક્ષેત્રના ૧૩ ઉપક્રમો ખાનગીકરણ માટે તારવ્યા છે. આ વરસના બજેટનો લક્ષ્યાંક હાંસલ કરવા સેન્ટ્રલ બેંક અને ઈન્ડિયન ઓવરસીસ બેંકનું ખાનગીકરણ કરવાનું નક્કી થઈ ગયું છે. અમદાવાદ સહિત ઘણા શહેરોના આંતરરાષ્ટ્રીય વિમાનમથકો ખાનગી કંપનીઓના હવાલે કરી દીધા છે. પીપીપી કહેતા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના રૂપાળા નામે સવાસો રેલવે સ્ટેશનોનું ખાનગીકરણ થવાનું છે. વર્તમાન સરકાર મૂડીવાદીઓની તરફદાર એવી 'સૂટબૂટની સરકાર' હોવાની વિપક્ષી આલોચનાથી સહેજપણ ડર્યા કે ડગ્યા વિના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં ખાનગી ક્ષેત્રના ગુણગાન ગાયા હતા. 'ધંધો વ્યવસાય કરવાનું સરકારનું કામ નથી તેમ કહીને વડાપ્રધાને ખાનગી ક્ષેત્રની પ્રશંસા કરીને જાહેર ક્ષેત્ર જરૂરી છે, પણ દેશના વિકાસમાં ખાનગી ક્ષેત્રનું મહત્ત્વ પણ જરાય ઓછું ન હોવાનું જણાવ્યું હતું. બધું જ સરકાર કરશે તે બાબતને જમાના જૂની ગણાવી, લોકોના જીવનમાંથી નકારી સરકારી દખલ ઓછી કરી, ન સરકારનો અભાવ કે ન પ્રભાવ એવી પ્રતિબદ્ધતા પ્રધાનમંત્રીએ વ્યક્ત કરી હતી. સરકાર બોજારૂપ કે ધોળા હાથી જેવા જાહેરક્ષેત્રોને વારસાના નામે ન સાચવે તે સમજી શકાય, પરંતુ નફો કરતા જાહેરક્ષેત્રના ખાનગીકરણનો નિર્ણય કરતી મૂડીપતિઓની તરફદાર છે. સરકાર 'ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ' (બીપીસીએલ)નું ખાનગીકરણ કરવાની છે. આ સરકારી કંપની દેશની બીજી સૌથી મોટી પેટ્રોલિયમ માર્કેટિંગ કંપની અને ત્રીજી મોટી તેલ રિફાઈનરી છે, તેની ગણના જાહેર ક્ષેત્રની 'નવરત્ન' કંપનીઓમાં થાય છે, જેનો સરેરાશ વાર્ષિક કારોબાર ૨૫,૦૦૦ કરોડથી વધુ હોય અને છેલ્લા ત્રણ વરસોમાં જેણે ૫,૦૦૦ કરોડ નફો કર્યો હોય તેવા જાહેરક્ષેત્રના નવ ઉપક્રમોને સરકારે 'નવરત્ન' ગણ્યા છે. ભારત પેટ્રોલિયમ કંપની તે પૈકીની એક છે. વીસ હજાર કર્મચારીઓ ધરાવતી આ કંપનીએ તાળાબંધીના કપરાકાળમાં રાંધણગેસ અને અન્ય ઈંધણોની અછત સર્જાવા દીધી નથી. ભારત સરકારનો આ કંપનીમાં ત્રેપન ટકા જેટલો હિસ્સો છે. ગયા વરસે તેનો નફો સાત ગણો વધ્યો હતો. તેનો સીધો નફો, ૧૨,૮૫૧ કરોડ હતો અને છતાં તેનું ખાનગીકરણ થવાનું છે ! આશરે સવા લાખ કર્મચારીઓ અને ત્રીસેક કરોડ પોલિસીધારકો ધરાવતી, ૧૯૫૬માં સ્થાપિત દેશની સરકારી વીમાકંપની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (એલઆઈસી) ને હજુ બે વર્ષ પહેલાં જ ૨૦૧૯માં ખોટ કરતી આઈડીબીઆઈ બેંકનો ૯૪ ટકા હિસ્સો ખરીદવાની સરકારે ફરજ પાડી હતી. હવે એ જ એલઆઈસીમાં એફડીઆઈ (વિદેશી રોકાણનો હિસ્સો)ની મર્યાદા ૪૯ ટકાથી વધારીને સરકાર ૭૪ ટકા કરવાની છે. પાંચ લાખ કરોડ રૂપિયાનું મૂલ્ય ધરાવતી સો જાહેર સંપત્તિનું વેંચાણ કરીને સરકાર રૂા.૨.૫ લાખ કરોડ ઊભા કરવાની છે. સરકારે ખોટ કરતા જાહેર ક્ષેત્રને નાણાંકીય મદદ કરવાના બોજમાંથી મુક્ત થવું જોઈએ, પણ નફાકારક અને સુચારૂ રૂપે ચાલતી આવી કંપનીઓનું ખાનગીકરણ કરે તો સવાલ ઊઠશે જ. ક્ષિક્ષણ, આરોગ્ય, પાણી, વીજળી, રેલવે, હાઈવે, દૂરસંચાર, માળખાકીય સુવિધાઓ જેવા ઘણા ક્ષેત્રોનું ખાનગીકરણ થઈ રહ્યું છે. લાગે છે કે સરકાર નફાનું ખાનગીકરણ અને ખોટનું રાષ્ટ્રીયકરણ કરી રહી છે ! રાષ્ટ્રીયકરણ સમયે આખા દેશમાં બેંકોની ૮૨૦૦ શાખાઓ હતી. આજે આશરે ૮૫ લાખ છે. રાષ્ટ્રીયકરણને કારણે બેંક ગામડાઓ સુધી પહોંચી છે અને તેનો ઉદ્દેશ લોકોની સેવાનો બન્યો છે. નાના ઉદ્યોગકારો, ખેડૂતો, નોકરિયાતો, મહિલાઓ, અસંગઠિતો અને વિદ્યાર્થીઓ માટે બેંક લોન સુલભ બની છે. જનધન ખાતા, ઝીરો બેંલેન્સ ખાતા અને સરકારી યોજનાઓના લાભો બેંક મારફત આપવાને કારણે ગરીબોની પહોંચ બેંકો સુધી શકય બનતા આમ આદમીની નાણાંકીય સમાવેશિતા થઈ છે. જાહેર ક્ષેત્રના ઉદ્યોગોના કારણે સમાજના વંચિત વર્ગોને રોજગારીની તકો મળી છે. સરકારી ઉપક્રમોમાં અનામત નીતિને કારણે દલિતો-આદિવાસીઓ નોકરી મેળવી શકયા છે. રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ અને અધિકારીઓની સાંઠગાંઠ અને સરકારી દાખલને કારણે મસમોટી રકમોની લોનો અપાય અને તેને ચૂકવાય કે બેંકોએ આપેલી લોનો માંડવાળ કરવાના રાજકીય નિર્ણયો થાય તેને કારણે બેંકોના ખાનગીકરણનો માર્ગ અખત્યાર કરવો યોગ્ય નથી. જાહેર ક્ષેત્રનો નફો સાર્વજનિક હોય છે, જ્યારે ખાનગી ક્ષેત્રનો નફો વ્યક્તિગત હોય છે. ખાનગી ક્ષેત્રની કાર્યકુશળતા વખાણની જાહેર ક્ષેત્રને ઉતારી પાડવું યોગ્ય નથી. સાર્વજનિક ક્ષેત્રોને કારણે સરકારી જે જવાબદેહી હોય છે, તેનો ખાનગી ક્ષેત્રમાં ભાવ હોય છે. ખાનગી ક્ષેત્રનો આદર્શ ઓછા દામ વધુ કામનો હોઈ જાહેર ક્ષેત્ર અને બેંકોના ખાનગીકરણની સૌથી મોટી અસર કર્મચારીઓ ઉપર પડે છે. દેશમાં બેરોજગારી ચરમ ઉપર છે ત્યારે જ ખાનગીકરણને કારણે છટણી થતાં બેકારી વધશે. ખાનગી ક્ષેત્રનો એક માત્ર ઉદ્દેશ નફો કમાવવાનો છે ત્યારે તે જાહેર ક્ષેત્રની જેમ પછાત વિસ્તારોમાં ન જતાં ગરીબોની જે નાણાંકીય સમાવેશિતા શકય બની છે, તે જોખમાશે. સામાજિક ઉત્તરદાયિત્વનો અભાવ, ભેળસેળ, ઊતરતી ગુણવત્તા, કાળું નાણું, પર્યાવરણને નુકશાન, પ્રદૂષણમાં વધારો જેવી બાબતો ખાનગીકરણની ઓળખ છે. સાર્વજનિક ક્ષેત્ર તેની મર્યાદાઓ છતાં આ બાબતોથી દૂર છે. એટલા માટે પણ જાહેર ક્ષેત્રોનું ખાનગીકરણ નુકશાનકારક છે. વળી, ખાનગી ક્ષેત્ર પણ કંઈ દૂધે ધોયેલું નથી. ખાનગી ક્ષેત્રની યસ, આઈસીઆઈસીઆઈ, લક્ષ્મીવિલાસ, અને એક્સિસ બેંક પણ ખોટ કરતી બેંકો છે. શિક્ષણ સંસ્થાઓ અને આરોગ્ય ક્ષેત્રમાં ખાનગીકરણના માઠાં પરિણામો દેશ ભોગવી રહ્યો છે. એટલે ખાનગીકરણનો વ્યાપ વધારી દેશવાસીઓની ધીરજની વધુ કસોટી ન લેવી જોઈએ. દેશમાં ૪૭૩ વર્ગ કિલોમીટરે એક કૃષિ બજાર છે. ૨૦૦૬માં રાષ્ટ્રીય કિસાન આયોગે દર ૮૦ કિલોમીટરે એક કૃષિબજાર ઊભું કરવા ભલામણ કરી હતી. પરંતુ ખાનગી ક્ષેત્રને જેટલો રસ કોર્પોરેટર ફાર્મિંગમાં છે કે અનાજના મોટા ગોડાઉન ઊભા કરવામાં છે તેટલો નાના કૃષિ બજારો ઊભા કરવામાં નથી. ૨૦૦૩માં જાપાને તેની ટપાલ સેવાનું ખાનગીકરણ કર્યુંહતું, પરંતુ સંસદના ઉપલા ગૃહમાં તેનો અસ્વીકાર થતાં તત્કાલીન જાપાની વડાપ્રધાન કોઈ જુમીએ ૨૦૦૫ની સામાન્ય ચૂંટણી આ મુદ્દે જ લડવાનું એલાન કરી વિજય મેળવ્યો હતો. પણ ભારતમાં બધું ચોરીછૂપીથી થાય છે. ભારતમાં બેંકો રાષ્ટ્રીયકરણનો અને જાહેર ક્ષેત્રની સ્થાપનાનો નિર્ણય જો રાજકીય હતો, તો તેને તિલાંજલી આપી ખાનગીકરણનો નિર્ણય પણ રાજકીય છે. તે બાબતમાં કોંગ્રેસ-ભાજપ એકસંપ છે. એટલે રાજનીતિ અને અર્થનીતિની ભેળસેળ થતી રહેશે અને લોકો તેનો ભોગ બનતા રહેશે.

# કેડી હોસ્પીટલમાં ૩૦ બેરીયાટ્રીક સર્જરી એક જ દિવસમાં થઈ : વજન ઘટાડવા માટે વધુ પ્રતિક્ષા નહીં



અમદાવાદ તા. ૧૦

આપણી આસપાસ શરીરની મેદસ્વિતા સદીઓથી છે. જો કે, હમણાના કોવિડ-૧૯ એપેડેમિક પછી તંદુરસ્ત જીવનની આટલી તાતી જરૂરીયાત પહેલા કયારેય નહોતી જણાઈ. તાજેતરના સીડીસી રીપોર્ટના તારણ અનુસાર ૧,૪૮,૪૯૪ પુખ્ત કોવિડ દર્દીઓમાંથી ૭૨,૪૯૧ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા, જેમાંથી ૨૮.૩ ટકા દર્દીઓ વધી પડતા વજનવાળા જયારે ૫૦.૨ ટકા દર્દીઓ મેદસ્વી હતા. આ તારણમાં સુચવવામાં આવ્યું છે કે, ૭૮.૫ ટકા કોવિડના દર્દીઓ કે જેમને દાખલ કરવામાં આવ્યા તેઓવધુ વજનવાળાઅથવા મેદસ્વી હતા. (૧)ઉપરાંત એક અભ્યાસ અનુસાર ૨૦૧૦થી ૨૦૪૦ દરમ્યાન ભારતમાં વધુ વધતા વજનવાળા લોકોનો દર બમણો તથા મેદસ્વીતા વાળા લોકોનો દર ત્રણ ગણો થઈ જશે. (૨) કોવિડ-૧૯ની બીજી તરંગે ઘણા લોકોના જીવન ઉપર અસર કરી હતી અને મૃત્યુ પામેલા લોકોનું પ્રમાણ તે સ્થૂળ વ્યકિત ઉપર વધારે હતું. મેદસ્વીપણું ઘણાં રોગોનું ઘર બની ચુકયું છે, જેમાં ટાઈપ-૨ ડાયાબીટીસ, હૃદયરોગ, સ્તન તથા આંતરડાનું કેન્સર અને સ્ટ્રોકનો સમાવેશ થાય છે. આ ભયજન

પરિસ્થિતીને ધ્યાનમાં લઈને કે.ડી. હોસ્પીટલઅને નોબેસીટી સાથેમળીને એક જ દિવસતા.૬ ઓગસ્ટ, ૨૦૨૧માં ૩૦ બેરીયાટ્રીક સર્જરી કરવાનોએક ઉમદાસામાજીક પ્રયાસ કર્યો છે. મેદસ્વિતા અંગે જાગૃતિ લાવવા, તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા તથા મેદસ્વિતા સાથે જોડાયેલા ઘણાં રોગોના જોખમોને નિવારવા આ પહેલ કરવામાં આવી છે. ડો.મનીષ ખેતાન જેઓ નોબેસીટીના ડાયરેકટર તથા કે.ડી. હોસ્પીટલ ખાતે બેરીયાટ્રીક સર્જરીના સિનિયર કન્સલ્ટન્ટ છે, તેમણે પોતાની ટીમે આ વિશિષ્ટ પહેલ કરી છે જેમનો અગાઉ પણ ૨૭ બેરીયાટ્રીક સર્જરી એકજ દિવસામાં કરી છે. ડો.અદિત દેસાઈ, મેનેજીંગ ડાયરેકટર, કે.ડી. હોસ્પીટલ, એના ઉપર પ્રકાશપાડતા કહયું કે, અત્યારના નવા આધુનિક યુગમાં સ્વસ્થ જીવન જીવવા માટે મેદસ્વિતા એક ભયજનક પડકાર છે. આ સર્જરી કરવાનો મુખ્ય હેતુ આ રોગ માટે સમાજમાં જાગૃત્તિ લાવવા તથા તેના તરફ ગંભીર રીતે કામ થાય એના માટે પ્રયત્ન કરવાનો છે.

## કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાશે

જૂનાગઢ તા. ૧૦

કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ જૂનાગઢ દ્વારા તા.૧૫-૮-૨૧ને રવિવારેસવારે ૧૦.૧૫ કલાકે સુખનાથ ચોક, જૂનાગઢ ખાતે ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાશે. આ વિસ્તારના માજી કોર્પોરેટર વહાબભાઈ કુરેશીના હસ્તે ધ્વજવંદન કરાશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

# ડયુરોફલેક્સે રાષ્ટ્રીય બ્રાન્ડ એમ્બેસેડર આલિયા ભટ્ટ સાથે તેની પ્રથમ કેમ્પેઈન લોન્ચ કરી

અમદાવાદ તા. ૧૦

આજના તણાવભર્યા પર્યાવરણમાં, નિંદ્રા સાથે ચેડા થઈ રહયાછે ત્યારે ડયુરોફલેકસ એન્ડ બ્રાન્ડ તરીકે ભારતને નિંદ્રાની આવશ્યકતાઓ જેમ કે મેટ્રેસીસ કે જે નિંદ્રા લેવામાં સારી મદદ કરે છે તે બાબતે પુર્નઃવિચારવા માટે પ્રોત્સાહન આપવા માંગે છે તેની તાજેતરની કેમ્પેઈન 'Nothing like Duroflex' 'ડયુરોફલેકસ જેવું કંઈ નહીં' માં આલિયા ભટ્ટ તંદુરસ્ત નિંદ્રા માટે સંશોધન આધારીત મૈટ્રેસમાં રોકાણના મહત્વ ઉપર ભાર મુકે છે.

આ ટીવીસી આલિયા તેના મિત્રના ઘરે આવે છે ત્યાંથી શરૂ થાયછે. તેણીના મિત્રને લથડીયા ખાતા અને નિંદ્રાથી વંચિત જોતા તેણી તરત જ તેની મૈટ્રેસિસ તપાસવા માટે તાત્કાલિક તેના બેડરૂમમાં જાય છે. તેણી મૈટ્રેસિસની નબળી પસંદગી વિષે ટીકા કરે છે અને તેના થાક માટેતેને દોષદે છે. આપ્રતિક્રિયા સાથે, બ્રાન્ડ એક એવી સામાન્ય માન્યતાનું ખંડન કરે છે કે દરેક મૈટ્રેસિસ સમાન હોય છે અને ખરીદી કરવા માટે કોઈએ બહુ વિચારવાની જરૂર નથી. ત્યારબાદ આલિયા તેણીના મિત્રને સંશોધન આધારીત ડયુરોફલેકસ અન્યની તુલનામાં કેવી રીતે અલગ પડે છે તે સમજાવે છે. ડયુરોફલેકસની મૈટ્રેસિસની સિગ્નેચર રેન્જ ૫૦ વર્ષના વિશ્વાસ, ૫-ઝોન્ડ ફુલ્લી બોડી સપોર્ટ સાથે આવે છે અને તેની ડોકટરો દ્વારા ભલામણ કરવામાં આવી છે. આ ફિલ્મ તેણીના મિત્ર ડયુરફલેકસ મૈટ્રેસિસ ઉપર શાંતિથી નિંદ્રા લે છે તેની સાથેસમાપ્તથાય છેઅને આલિયા ડયુરોફલેક્સ જેવું કંઈ નહીતે સંદેશને જીવંતબનાવેછે.

## સોમનાથ મંદિરની સુરક્ષાને લઈ કાયમી ધોરણે ડોબરમેન પોલીસ ડોગ ફાળવાયો



(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૦

વિશ્વ પ્રસિધ્ધ દેવાધિદેવ ભગવાન સોમનાથ મહાદેવ મંદિરની સુરક્ષાને લઈ હવે કાયમી ધોરણે ડોબરમેન ડોગ ફાળવાયો છે.જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠી અને સોમનાથ મંદિર સુરક્ષાનાં નાયબ પોલીસ અધિક્ષક એમ.ડી. ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ ડોગ હેન્ડલર તરીકે પોરબંદરના મહેન્દ્રસિંહ પરમારની નિમણૂંક કરવામાં આવેલ છે.

સમગ્ર જીલ્લામાં ફાળવાયેલ આ પ્રથમ ડોગ છે જેનો તાલીમબધ્ધ કરી પ્રથમ તેની ડયુટી પણ સોમનાથ મંદિર ખાતે અપાઈ છે. ડોબરમેન જાતીનો 'બુસ્ટર' નામ ધરાવતો આ પ્રથમ ડોગ સોમનાથ સુરક્ષામાં અંકિત થશે.

## જૂનાગઢ ડેપોના વર્કશોપના સફાઈકર્મીની પ્રમાણિકતા



જૂનાગઢ તા. ૧૦

વિસાવદર રૂટની એસટી બસ તેનો રૂટ પુરો કરીને પરત જૂનાગઢ ડેપો ખાતે આવતા વર્કશોપમાં બસની સાફ-સફાઈ કરનાર કિરણભાઈ બારોટને કિંમતી મોબાઈલ મળી આવતા વડોદરાના વતની એક મુસાફરનો હોવાનું માલૂમ પડતા તેની ખરાઈ કરીને મોબાઈલ પરત કરેલ હતો. આમ જૂનાગઢ એસટી બસ ડેપોના સફાઈ કર્મચારીએ પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂં પાડેલ હતું. (તસ્વીરઃ જયેશ મહેતા)

સાળંગપુર ખાતે કષ્ટભંજન હનુમાનજીને

## શ્રાવણ માસ નિમિત્તે વિશેષ બિલ્વપત્રનો ભવ્ય શણગાર



સાળંગપુર તા. ૧૦

કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર સાળંગપુરમાં તા.૯-૮-૨૧ ને શ્રાવણ માસના પ્રથમ સોમવારે દાદાનો બિલ્વપત્રનો ભવ્ય શણગાર કરવામાં આવેલ અને મંદિરની ધર્મશાળામાં આવેલ નિલકંઠ મહાદેવનું પૂજન કરવામાં આવેલ હતું જેના દર્શનનો લાભ હરીભકતોએ લીધેલ હતો.

## જૂનાગઢ સિનીયર સિટીઝન મંડળની ૧૫મી ઓગસ્ટે મીટીંગ મળશે

જૂનાગઢ તા. ૧૦

સિનીયર સિટીઝન્સ મંડળ જૂનાગઢના સભ્યોની મીટીંગ તા.૧૫-૮-૨૧ ને રવિવારના રોજ સાંજે ૫ કલાકે એડવોકેટ જયદેવ જોષીના ધાર્મિક ફાર્મ, અપના ઘર પાછળ, ભવનાથ રોડ,જૂનાગઢ ખાતે રાખવામાં આવેલ છે. આ મીટીંગમાં જે સભ્યોએ વર્ષ ૨૦૨૧-૨૨નું મિટીંગ અનુદાન કરેલ છે તેવા સભ્યો મીટીંગ અનુદાન પાસ ૨૦૨૧-૨૨ તથા પોતાનું આઈકાર્ડ સાથે હાજર રહી શકશે. સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ મીટીંગમાં સોશ્યલ ડીસ્ટન્સ અને માસ્ક પહેરવું ફરજીયાત રહેશે. મીટીંગમાં ઉપસ્થિત સભ્યોના મનોરંજન માટે સંસ્થા તરફથી વિવિધ સંગીતમય કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે તેમ મંત્રી/ ટ્રસ્ટી જે.એમ. ઝાલાવાડીયાની યાદીમાં જણાવાયું છે.

# લઘુત્તમ સમર્થન મૂલ્ય કાનૂની અધિકાર તરીકે કેટલા અંશે શકય છે ? : કિસાન સંસદમાં ખેડૂતોએ સઘન મંત્રણા કરી

નવી દિલ્હી તા.૧૦

કિસાન સંસદે (જંતર મંતર ખાતે કિસાનો દ્વારા આયોજિત સમાંતર સંસદ) શું લઘુત્તમ સમર્થન મૂલ્ય (એમએસપી) કાનૂની અધિકાર બની શકે ખરો? એ બાબતે ગંભીર પ્રશ્નમાં ગંભીર ચર્ચા વિચારણા કરી હતી. આ માટે આ પ્રશ્નનો જવાબ આપવા ૨૦૦ જેટલા નવા કિસાનોના પ્રતિનિધિઓ પાસે છ કલાકનો સમય હતો. પરંતુ તેમનો બહુ ઓછી મદદ મળી હતી. સંસદે બે અર્થશાસ્ત્રીઓ અને કૃષિ નીતિ નિષ્ણાંતો દેવીન્દર શર્મા અને ડો.રણજીતસિંહ ઘુમાનને આ મુદ્દે ચર્ચા કરવા બોલાવ્યા હતા. દેવીન્દર શર્માએ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે કિસાનો સંકટમાં છે તેનું કારણ ઘટતાં જતાં ભાવ અને કોર્પોરેટ જાયન્ટ દ્વારા કરવામાં આવતાં દાવપેચ છે. આથી એમએસપીને કાનૂની અધિકાર તરીકે આપવાની માગણી કરવામાં આવી છે. સાથે સાથે એવું પણ જણાવ્યું હતું કે આ પ્રકારની ખાતરીબદ્ધ બાંધી આવક માત્ર ભારતના જ નહીં પરંતુ વિશ્વના કિસાનો માટે એક નવો ચીલો ચાતરશે. શર્મા એમએસપીને કાનૂની અધિકાર બનાવવો જોઈએ એ વાતના પ્રખર હિમાયતી છે અને તેઓ દિલ્હીમાં કિસાન સંસદનો સંબોધવા છેક ચંદીગઢથી આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં નિષ્ફળ ગયેલ અમેરિકન કૃષિ મોડલ અપનાવવાના બદલે ભારતીય ખેડૂતો માટે એમએસપીની નિકાસ કરવી જોઈએ અથવા તો કાનૂની અધિકાર તરીકે સમાંતર ભાવ નિર્ધારીત કરવા જોઈએ. જો આવું બનશે તો કોઈ પણ કોર્પોરેશન કે કંપની તે પછી ભારત હોય કે અમેરિકા, ખેડૂતોનો ગેરલાભ ઉઠાવી શકશે નહીં. આંદોલનકારી ખેડૂતોએ શર્માના સૂચનને હૃદયપૂર્વક વધાવીને આવકાર આપ્યો હતો. બીજા વકતા હરિયાણાના સુરિન્દરસિંહે મોદી સરકારને પડકાર ફેંકતાં જણાવ્યું હતું કે અમનો માત્ર બે વર્ષ માટે એમએસપી આપો અને દેશનો દરેક ખેડૂત દેવામુક્ત થઈ જશે. સરકારે અમને ઈરાદાપૂર્વક પાંજરામાં બાંધ રાખ્યાં છે. એમએસપી સાથે અમે આઝાદ થઈ જશું. જો કે સમગ્ર દેશમાં હરિયાણાના ખેડૂતો જેટલા અન્ય ખેડૂતો નસીબશાળી નથી. જેમ કે ઉ.પ્ર.ના પ્રતાપગઢના સર્જન બી.એલ. વર્માએ કિસાન સંસદને જણાવ્યું હતું કે અમારા વિસ્તારમાં ખેડૂતોએ એમએસપીનું નામ પણ સાંભળ્યું ન હતું.

અમેવિરોધકર્યા બાદહું૧૯ દિવસ સુધી જેલમાં રહ્યો હતો અને અમારા વિસ્તારમાં કુલ ચોખાનું૧ ટકા ઉત્પાદન થાયછે. જો કે કાગળ ઉપર સરકાર એવો દાવો કરે છે કેમોટા પાયે ખરીદી કરવામાં આવી રહી છે. એમપીના એકખેડૂત રામસાહુએ જણાવ્યું હતું કે ત્રણ કૃષિ કાયદાઓ સાથે એમએસપીઅને પીડીએસ સાથે મૃતપ્રાય થઈ જશે. જો એમએસપીને કાનૂની અધિકાર બનાવવામાં આવે તો જ ભારતીય કૃષિને બચાવી શકાશે.

# વર્તમાન સમયમાં રાષ્ટ્ર હિતમાં જાતિગત વસ્તી ગણતરી આવશ્યક અને અનિવાર્ય છે

શિક્ષણવિદ પ્રો.દિલીપ મંડલ એક આખાબોલા અને વાચાળ આંબેડકરવાદી છે. તેઓ જાતિગત વસ્તી ગણતરીની દતરફેણમાં જોરદાર દલીલ કરી રહ્યાં છે અને સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવામાં નિષ્ફળતા બદલ સ્થાપિત પક્ષોની ટીકા કરે છે. તેમણે જણાવ્યું કે ઉચ્ચત્તર શિક્ષણ અને અધુનિકતા છતાં જ્ઞાતિ જવાની નથી. જ્ઞાતિ ભેદભાવ હજુ પણ વ્યાપક છે અત્રે સંજુક્તા બાસુ સાથેની તેમની મુલાકાતના કેટલાક મહત્વના અંશો પ્રસ્તુત છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તાજેતરમાં આર્થિક રીતે નબળા વર્ગો (ઈડબલ્યુએસ) માટે ૧૦ ટકા અને ઓબીસી માટે ૨૭ ટકા આરક્ષણની જાહેરાત કરી છે ત્યારે આપનો પ્રથમ પ્રતિસાદ શું છે ? આ પ્રશ્નના જવાબમા દિલીપ મંડલે જણાવ્યું કે આ પગલુ ઘણું મોડુ લેવામાં આવ્યું છે. નીટની શરૂઆત ૨૦૧૭માં થઈ છે અને ત્યારથી ઓબીસીએ અત્યાર સુધીમાં ૧૧૦૦૦ બેઠકો ગુમાવી છે. મોદીજીના માસ્ટર્સસ્ટ્રોકે લાંબાસમય સુધી ઓબીસીને વંચિત રાખીને આખરે થોડી એમાઉન્ટ ખાવા આપી છે. ૨૦૧૫માં સલોનીકુમારી કેસમાં મોદી સરકાર પાસે ક્વોટાના અમલ કરવાનો વિકલ્પહતો પરંતુ તેમણે તેને બ્રેક મારી દીધી હતી. આ નિર્ણય આખરે ડીએમકે, રાજદ અને કોંગ્રેસ જેવા વિવિધ રાજકીય પક્ષો તેમજ અદાલતની અવમાનના કેસોના દબાણ હેઠળ લેવામાં આવ્યો છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે રાજ્યકક્ષાના કેન્દ્રીય ગૃહ પ્રધાને લોકસભામાં જણાવ્યું છે કે સરકારે વસ્તી ગણતરીમાં એસસી અને એસટી સિવાય જાતિગત વસ્તી ગણતરી નહીં કરવાનો નિર્ણય કર્યો છે.

ભાજપ સરકાર જાતિગત વસ્તી ગણતરીને કેમ ટાળી રહી છે ? આ પ્રશ્નના ઉત્તરમાં દિલીપ મંડલે જણાવ્યું કે મંડલ આયોગ રિપોર્ટ દરમ્યાન જાતિગત વસ્તી ગણતરીની માગણી ઊભી થઈ હતી. એવું જણાવાયુંહતું કે આપણા ડેટા પર્યાપ્ત નથી તેથી આગામી વસ્તી ગણતરી એટલે કે ૨૦૦૧માં જાતિગત વસ્તી ગણતરીને આવરી લેવી જોઈએ. પરંતુ વાજપેયી સરકારે તેનાથી જ્ઞાતિ પૂર્વાગ્રહ વધશે એવું કહીને તેને અટકાવી દીધી હતી.ત્યાર બાદ ૨૦૧૧માં પણ તક હતી. જૂન ૨૦૧૦માં આ બાબતે લોકસભામાં સંપૂર્ણ સર્વાનુમતિ પણ સધાઈ હતી પરંતુ કેન્દ્ર સરકારે સોસિયો-ઈકોનોમિસ્ટ એન્ડ કાસ્ટ સેન્સર્સદ્વારા વિવિધ જાતિઓને લગતા ડેટાનું વર્ગીકરણ અને સંકલન કરવા નીતિ આયોગના ઉપાધ્યક્ષ અરવિંદ પનગઢીયાની અધ્યક્ષતામાં એક તજજ્ઞસમૂહનીરચના કરી હતી પરંતુ ૨૦૧૬માંનોટબંધી બાદ પનગઢીયા કોલંબિયા યુનિવર્સીટીમાં અધ્યાપક તરીકે સેવા આપવા ભારત છોડીને ચાલ્યાં ગયાં હતા તેથી આ કમિટીની એક દિવસ પણ બેઠક મળી ન હતી. ૨૦૧૯ની ચૂંટણી પૂર્વે રાજનાથસિંહે એવી ખાતરી આપી હતી કે ઓબીસીની ગણતરી કરવામાં આવશે કારણ કે તેમને ઓબીસીના વોટ્સની જરૂર હતી. આમ જાતિગત વસ્તી ગણતરીની આડે ઐતિહાસિક રીતે જોઈએ તો ભાજપ સરકાર ત્રણ વખત વિલન બની છે. વાસ્તવમાં જાતિગત વસ્તી ગણતરી આવશ્યક અને અનિવાર્ય છે અન્યથા કોઈપણ નીતિ ઘડવા માટે આપણે ૯૦ વર્ષ જૂના ડેટા ઉપર નિર્ભર રહેવું પડશે. જો આ વર્ષે આપણેઆ તક ગુમાવીશું તો આપણે ૧૦૦વર્ષ જૂના ડેટા ઉપર નિર્ભર રહીશું. દરમિયાન જાટ, મરાઠા, ગુજ્જર, કપુ, વનિયારવગેરે જેવાઅનેકજાતિગત આંદોલનોથયાં છે અને તેમાં વાટાઘાટો ડેટાના અભાવે કાંતો સત્તાના આધારે હોય છે અથવા બંદૂકની ગોળીઓના આધારે થાય છે અને આ ઉપરાંત ઓબીસીમાં કઈ કઈ જ્ઞાતિઓ વધું વંચિત છે તે નક્કી કરવા માટે ઓબીસી વિભાજનનો પણ મુદ્દો અનિર્ણીત છેઅને ગણતરી વગર આ બાબત અંગે કોઈ નિર્ણય લઈ શકાય તેમ નથી. તો ભાજપ જાતિગત વસ્તી ગણતરીના મુદ્દાને વારંવાર ટાળવાનો કેમ પ્રયાસ કરે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં દિલીપ મંડલે જણાવ્યું કે આરએસએસ-ભાજપની રાજનીતિ હિંદુ-મુસ્લિમ એમ બેવડા પરીબળો ઉપર આધારીત છે. તેઓ મુસ્લિમો સામે વિરાટ હિંદુના વિચારને રજૂ કરશે અને નફરત અને ભયનું વાતાવરણ સર્જે છે પરંતુ જો આંતરીક જાતિગત ફોલ્ટ લાઈન ઉઘાડી પડશે તો આ વિરાટ હિંદુની ઓળખ કામ નહીં કરે. જ્યારે પણ કોઈ જ્ઞાતિ આધારીત મુદ્દો છેડાય છે ત્યારે તેઓ લવજેહાદ, પાકિસ્તાન જેવા કેટલાક મુસ્લિમ વિરોધી એજન્ડાને આગળ લાવે છે. તાજેતરમાં જેવી ઓબીસીને લઈને ચર્ચા શરૂ થઈ તેમણે એવી હેડલાઈન આપી કે જમ્મુ અને કાશ્મીર પોલીસ પત્થર ફેંકનારાઓને પાસપોર્ટ માટે ક્લીયરન્સ પ્રમાણપત્ર નહીં આપે તેમજ તેમને સરકારી નોકરીઓ પણ આપવામાં આવશે નહીં. વાસ્તવમાં આ એક બિનજરુરી નિવેદન હતું કારણકે આમ પણ જે કાઈ અપરાધી પ્રવૃત્તિમાં સંડોવાયેલા હોય તેમને ક્લીયરન્સ મળતું નથી. આથી કાશ્મીર કે પત્થરબાજોનો ખાસ ઉલ્લેખ કરવાની જરૂર ન હતી. આ એક પ્રકારની લોકોનું ધ્યાન બીજે વાળવાની પ્રયુક્તિ છે.

# સિક્કાની બીજી બાજુ : મોટી સંખ્યામાં મુસ્લિમ યુવતીઓ હિન્દુ યુવકો સાથે લગ્ન કરી રહી છે

ભોપાલ તા.૧૦

ભાજપ અને તેના હિન્દુત્વના સાથીઓ મુસ્લિમ પુરૂષો ઉપર હિન્દુ મહિલાઓ સાથે લગ્ન કરવાનો આરોપ લગાવતા 'લવ-જેહાદ' જેવા મુદ્દાઓને ઊઠાવી રહ્યા છે. પરંતુ મોટેભાગે ઘણી ઘટનાઓ આ વિચિત્ર આક્ષેપોની વિરૂદ્ધ બાજુ ઉજાગર કરે છે. કારણ કે, ઘણી મુસ્લિમ મહિલાઓ તેમની તકલીફોનું વર્ણન કરવા માટે હવે બહાર આવી રહી છે. હિન્દુ પુરૂષો સાથેના લગ્ન બાદ તેઓને જાણવા મળ્યું હતું કે, મોટાભાગના યુવકો તેમના રાજકીય સ્વામીઓનો ટેકો ધરાવતા દક્ષિણપંથી જૂથોના સંગઠિત પ્રયાસનો ભાગ હોવાનું જણાય છે. ૧૬ જુલાઈના રોજ, એક મુસ્લિમ મહિલાએ એક હિન્દુ પુરૂષ ઉપર લગ્નની લાલચ આપી અને તેનું જીવન બરબાદ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેણીએ કહ્યું હતું કે, આ હિન્દુ માણસ ઈચ્છતો હતો કે, તેણી લગ્ન પહેલાં ધર્માંતરણ કરે અને આ યુવતી તેની સાથે સંમત પણ થઈ હતી, પરંતુ લગ્ન પછી તે ક્રૂર બની ગયો હતો. મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાની રહેવાસી આ મહિલાએ જણાવ્યું હતું કે, તેણે ઘણીવાર મને માર માર્યો હતો, માનસિક ત્રાસ આપ્યો હતો અને મને તેની સાથે અકુદરતી સેક્સ કરવા માટે પણ મજબૂર કરી હતી. તેણીએ ઉમેર્યુ કે, તેણે મને તેમના બાળકનું ગર્ભપાત કરવા માટે પણ દબાણ કર્યુ હતું. જો કે, આવું થવું એ નવું નથી. દેશના અન્ય ભાગોમાં પણ આવી જ અનેક ઘટનાઓ બની છે. મુસ્લિમ મિરર દ્વારા એક્સેસ કરાયેલા ઘણા દસ્તાવેજો સૂચવે છે કે, હિન્દુ પુરૂષો અને મુસ્લિમ મહિલાઓ વચ્ચે મોટા પાયે લગ્નો થયા છે. એવા કિસ્સાઓ પણ છે જેમાં મુસ્લિમ મહિલાઓ સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો છે, માર મારવામાં આવ્યો છે અને જયારે તેઓએ હિન્દુ ધર્મમાં પરિવર્તન કરવાનો ઈન્કાર કર્યો ત્યારે તેમને બાળી મૂકવામાં આવી છે. કેટલાક મીડિયા અહેવાલો અનુસાર, ઓક્ટોબર ૨૦૨૦માં ૨૦ વર્ષીય યુવતીએ હિન્દુ પુરૂષ સાથે આંતર-ધાર્મિક લગ્ન કરવાની ના પાડી દેતા તેણીને આગ લગાવી દેવામાં આવી હતી. આ અગાઉ, ઓગસ્ટ ૨૦૨૦માં ઉત્તરપ્રદેશના અલીગઢના ભૂતપૂર્વ ભાજપના મેયર શકુંતલા ભારતી ઉપર મુસ્લિમ છોકરીઓનું ધર્મપરિવર્તન કરવાનો અને તેમની સાથે હિન્દુ છોકરાઓ સાથે લગ્ન કરવાનો આરોપ લાગ્યો હતો. એક મુસ્લિમ યુવતી, જેની બહેને તેણીના ગુમ થયા બાદ અને હિન્દુ છોકરા સાથે લગ્ન કર્યા બાદ ભાજપના ભૂતપૂર્વ મેયર ઉપર આરોપો લગાવ્યા હતા. યુવતીએ કહ્યું હતું કે, શકુંતલા ભારતીએ મુસ્લિમ છોકરીઓને ફસાવીને તેમના લગ્ન હિન્દુ છોકરાઓ સાથે કરાવે છે. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, આ છોકરી જે તેના ઘરેથી ગુમ થઈ ગઈ હતી અને હિન્દુ છોકરા સાથે લગ્ન કરી લીધા હતા, તેણે કહ્યું હતું કે, તેણે પોતાની મરજીથી લગ્ન કર્યા છે અને કોઈએ તેના ઉપર કોઈ દબાણ કર્યું નથી. ડિસેમ્બર ૨૦૨૦માં એવી બે મુસ્લિમ છોકરીઓ જેમણે હિન્દુ પુરૂષો સાથે લગ્ન કર્યા હતા તેમને ઉત્તરપ્રદેશ પોલીસે સુરક્ષા આપી હતી. મીડિયાના અહેવાલો અનુસાર, ભગવા સંસ્થાના સભ્યો પણ આ દંપતીના સમર્થનમાં આગળ આવ્યા હતા. યુવતીએ હિંદુ ધર્મ અપનાવ્યા બાદ રિથોરા વિસ્તારના એક મંદિરમાં આ લગ્ન યોજાયા હતા. છોકરીના પરિવારે તેના પતિ વિરૂદ્ધ કેસ દાખલ કર્યો હતો અને અપહરણ અને લૂંટના આરોપમાં આ કેસ નોંધાયો હતો. ૨૦૧૭માં આરએસએસ સાથે જોડાયેલા ગ્રુપ, ધ હિન્દુ જાગરણમંચ (HJM)એ 'બેટી બચાવો, બહુ લાવો' નામનું અભિયાન શરૂ કર્યું હતું. આ સંસ્થાએ શિક્ષિત મુસ્લિમ છોકરીઓના હિન્દુ છોકરાઓ સાથે આશરે ૨૧૦૦ લગ્નની સુવિધા આપવાની યોજના બનાવી હતી. તેવી જ રીતે અખિલ ભારતીય હિન્દુ મહાસભા જે એક અતિ-જમણેરી હિન્દુ રાજકીય સંસ્થા છે, તેણે મુસ્લિમ મહિલા સાથે લગ્ન કરવા માટે હિન્દુ છોકરાને ૨ લાખ રૂપિયાના ઈનામ આપવાની જાહેરાત કરી હતી. આ સંગઠને એમ પણ કહ્યું હતું કે, તે લગ્નની સુવિધા ઉપરાંત રોજગારીની તકો પૂરી પાડવામાં પણ તેઓ આવા યુવકોને સહકાર આપશે. છેલ્લાં બે વર્ષમાં, જમણેરી હિન્દુઓ મુસ્લિમ મહિલાઓ વિરૂદ્ધ વાંધાજનક પોસ્ટ અને જાતીય હુમલો કરવાનો સખત પ્રયાસ કરી રહ્યા છે. જુલાઈમાં, રામભક્ત ગોપાલ, જે એક હિન્દુત્વવાદી કાર્યકર છે, જેણે ગયા વર્ષે નાગરિકતા સંશોધન કાયદાના વિરોધ દરમ્યાન જામિયા મિલ્લિયા ઈસ્લામિયામાં એક વિદ્યાર્થી ઉપર ગોળી ચલાવી હતી, તેણે પટૌડીમાં મુસ્લિમ મહિલાઓનું અપહરણ કરવા માટે હિંદુ મહાપંચાયતમાં ભીડને પ્રોત્સાહિત કરી હતી. તાજેતરમાં જ, ૮૦થી વધુ ભારતીય મુસ્લિમ મહિલાઓને ઓનલાઈન બનાવટી હરરાજી સુલ્લી ડીલમાં વેચવા માટે મૂકવામાં આવી હતી. આ હિન્દુ ધાર્મિક કટ્ટરતા મુસ્લિમ મહિલાઓ સાથે નિર્દેશિત રીતે દુરાચાર આકરી રહી છે અને આવી ઘટનાઓ જલ્દીથી સમાપ્ત થાય તેવું લાગતું નથી.

# જગન્નાથજી મંદિરને દુકાનનો કબ્જો સોંપનાર ભાડુઆતોનું સન્માન કરવામાં આવ્યું



જૂનાગઢ, તા.૧૦

શ્રી જગન્નાથજી મંદિર (શ્રી સોરઠીયા વાણંદ સમાજની જગ્યા)ના કબજાવાળી બે દુકાનમાં વર્ષોથી બે ભાડુઆતો દુકાનો ધરાવતા હતા. ભાડુઆત ચુનિભાઈ સોલંકી (દરજીની દુકાન)એ ૨૦૧૯માં કોઈ પણ જાતનો અવેજ લીધા વગર તેમની દુકાન ભાડા સાથે મંદિરને સોંપેલ અને રૂા.૧૧૦૦,૧૦૦૧ મંદિરને ભેટ આપી કબજો સોંપેલ હતો. અન્ય ભાડુઆત સ્વ દિલીપભાઈ ચંદારાણા (કરિયાણાની દુકાન) બે વર્ષ પહેલા અવસાન થતા તેમના પરિવારે કોઈપણ જાતનો અવેજ લીધા વગર ચડત ભાડું ઉપરાંત રૂા.૨૫૦૦ મંદિરને ભેટ આપીને દુકાનનો કબજો સોંપેલ છે. આથી શ્રી સોરઠીયા વાણંદ સમાજ અને શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા ચુનિભાઈ સોલંકી તેમજ ચંદારણા પરિવારના નગીનભાઈ, અક્ષય, નિષાબેન, રમણિકભાઈનું પુષ્પ ગુચ્છ, શાલ અને ખેસ પહેરાવી સન્માનિત કરાયા હતા તેમજ આ મંદિરના કાર્યો અને રથયાત્રા સાથે હંમેશા જોડાયેલા એવા જનકભાઈ, રાજુભાઈ પેન્ટર, હિતેશભાઈ પૂજારી, શ્રી લુક્કા, ધીરૂભાઈ સોલંકી (બીએમએસ), કિશોરભાઈ સોલંકી જીતભાઈ, મોર્ડન ડ્રાયક્લિનિગવાળા, ગોહેલ મંડપ વાળા, ફૂલ વાળા, લાઈટીગ સર્વિસવાળા, એકાઉન્ટ લખવા વાળા, શ્રી લાખાણી, શ્રી મણિયાર, આરતીબેન જોશી, અદ્યશકિતબેન, ગીતાબેન મહેતા, બટુકબાપુ, મનસુખભાઈ વાજા, નિલેશભાઈ બાબુલાલ વાજા વગેરેને પણ સન્માનીત કરાયા હતા. આ તકે મનસુખભાઈ વાજાએ મંદિરમાં મોટું પ્રવેશદ્વાર બનાવવા માટે રૂા.૫૧૦૦૦/નું દાન તેમના દાતાઓ પાસેથી મેળવી આપવા જાહેરાત કરાઈ હતી અને સમાજ તેમજ જે દાતાઓ રૂા.૧૧૦૦૦ જેવું દાન આપશે તેમની તકતી બનાવી મંદિરમાં મુકવાની અપીલ કરી હતી. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન વિરેન શાહ તેમજ રાજેન્દ્ર ચુડાસમા દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં નવનીત શાહ, જનકભાઈ પુરોહિત, રમેશભાઈ વાજા, સાગર વાજા, નિલેશભાઈ વાજા, વિજય ચુડાસમા, હિતેશવ્યાસ, પ્રફુલભાઈ ચુડાસમા, ધનસુખ ભાઈ ચુડાસમા, બિપિન ભટ્ટી, શૈલેષભાઈ પારેખ, દિલીપભાઈ રૂપરેલીયા, શૈલેષ રાઠોડ, તુકારામભાઈ, પરેશ, ભીખુભાઈ રાઠોડ(ટ્રસ્ટી), કરશનભાઈ વાઢેર, હરેશભાઈ પરમાર, દિપક ખરચલિયા, વિપુલ પરમાર, મગનભાઈ ભટ્ટી, અમુભાઈ વાઢેર, દિનેશ ભટ્ટી, વ્રજેશ હેડાવ, પ્રફુલ્લભાઈ પોપટ, વગેરેએ આ કાર્યક્રમમાં હાજર રહી સર્વે મહેમાનોને સન્માનીત કરેલ હતા. સન્માન માટે શાલ તેમજ ખેસની વ્યવસ્થા મનસુખભાઈ વાજા દ્વારા કરાયેલ તેમજ સમાજ વતી હિતેશ પરમાર (નગરપાલિકા) દ્વારા બંન્ને ભાડુઆતો માટે શાલ આપવામાં આવી હતી. પી ટી પરમાર તેમજ દિલસુખ પરમાર (ટ્રસ્ટીઓ), તનસુખગીરીબાપુ, કેતનભાઈ પરમાર આ કાર્યક્રમમાં હાજર રહેવા અસમર્થ હોય તેમણે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમ અંતે અલ્પાહાર સાથે કાર્યક્રમનું સમાપન થયેલ હતું.

# રેસિડેન્ટ ડોકટર્સની હડતાળ મામલે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું 'ડોકટર પોતાની માન્યતાઓ છોડી જે સ્થળે ફરજ સોંપવામાં આવી છે ત્યાં હાજર થાય'

## બોન્ડના સમયગાળા સહિતની માંગને લઈ રેસિડેન્ટ ડોકટર્સ ઉતર્યા છે હડતાળ ઉપર



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૦

બોન્ડના સમયગાળા સહિતની વિવિધ માંગણીનો લઈ રાજ્યની છ સરકારી મેડિકલ કોલેજના રેસિડેન્ટ ડોકટર્સ હડતાળ ઉપર ઉતર્યા છે. ડોકટરો પોતાની માગણીઓને લઈ અડગ દેખાઈ રહ્યા છે. તો બીજી તરફ સોમનાથ દર્શનાર્થે પહોંચેલ રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી નીતિન પટેલે પત્રકારો સમક્ષ કહ્યું હતું કે, ડોકટર્સ પોતાની માન્યતાઓ છોડી જે સ્થળે તેઓને ફરજ સોંપવામાં આવી છે ત્યાં હાજર થઈ જાય. મહાદેવના દર્શન કર્યા બાદ સોમનાથમાં સમુદ્ર કિનારે બની રહેલ રાજય સરકારના નવા અતિથિગૃહની તથા કડવા પટેલ સમાજના અતિથિ ભવનની મુલાકાત લીધી હતી.

શ્રાવણ માસના પ્રારંભે સોમનાથ મહાદેવના દર્શન કરવા આવેલા આરોગ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે, જ્યારે કોઈ વિદ્યાર્થી એમબીબીએસમાં એડમિશન લે છે ત્યારે જ તેને બોન્ડની શરતો લાગુ પડે છે. જેનું પાલન કરવા માટે તમામ તબીબ બંધાયેલા છે. શરતોને જોતા સરકારે તેમની સાથે કોઈ ચર્ચા કરવાની જરૂરીયાત નથી. તેમ છતા હડતાળી ડોકટર બિનશરતી રીતે તેઓને જે સ્થળે ફરજ સોંપવામાં આવી છે ત્યાં હાજર થઈ જાય. જો કોઈ તબીબને પારિવારિક કારણોસર કોઈ તકલીફ હશે તો બાદમાં સરકાર સમક્ષ રજૂઆત કરશે અને તે વ્યવહારિક હશે તો સરકાર બદલી માટે વિચારણા કરશે. અત્રે નોંધનીય છે કે, રાજ્યની છ સરકારી મેડિકલ કોલેજના ૨૦૦૦ જેટલા રેસિડેન્ટ તબીબ હડતાળ ઉપર ઉતરી ગયા હોવાના કારણે સરકારી હોસ્પિટલમાં ઓપીડી અને ઓપરેશન સહિતની સારવારમાં મુશ્કેલીઓની ફરિયાદો પણ સામે આવી રહી છે.

# શ્રાવણના પ્રથમ દિવસે સોમનાથ મંદિરની સુરક્ષામાં છીંડા હોવાનું સામે આવ્યું

## મિડીયાના નામે બોગસ મંજૂરી પત્ર લઈ લેભાગુ શખ્સ મોબાઈલ સાથે મંદિરમાં પ્રવેશ કરી ગયો, પત્રમાં મંદિર સુરક્ષાના ડીવાયએસપીની બોગસ સહી હોવાનું સામે આવતા દોડધામ મચી : જવાબદાર પોલીસ અને ટ્રસ્ટે આ મામલે તપાસ કરી કાર્યવાહી કરવાની વાત કરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૦


કોરોના મહામારી વચ્ચે ગઈકાલથી શરૂ થયેલ શ્રાવણ માસમાં ઝેડપ્લસ સુરક્ષા ધરાવતા પ્રથમ આદિ જયોતિર્લીંગ સોમનાથ મંદિરની સુરક્ષામાં છીંડા જેવી ગંભીર બાબત સામે આવી છે. એક તરફ કોરોનાને લીધે ગઈકાલથી શરૂ થયેલ શ્રાવણ માસ દરમ્યાન મંદિરનું કવરેજ કરવા જવા માટે સોમનાથ મંદિર-પરીસરમાં પત્રકારોને મનાઈ ફરમાવવામાં આવી છે. તેમ છતાં મિડીયા સેન્ટરના બોગસ લેટર અને મંદિર સુરક્ષાના ડીવાયએસપીની ખોટી સહી સાથેનો લેટર બનાવી લેભાગુ શખ્સ મોબાઈલ સાથે મંદિરમાં પ્રવેશ કરી ફરી રહયા હતાં જે અંગે જવાબદાર પોલીસ તંત્રનું ધ્યાન દોરવામાં આવતા સ્ટાફમાં દોડધામ મચી હતી. આ અંગે જવાબદાર પોલીસ વિભાગ અને ટ્રસ્ટને પુછતા બંનેએ મૌન સેવી લઈ તપાસ કરી કાર્યવાહી કરવાની લુલી વાતો કરી રહયા છે.

ઝેડપ્લસ સુરક્ષા ધરાવતા સોમનાથ મંદિરની સુરક્ષામાં છીંડા હોવાની સાબિતી આપતી ગંભીર ઘટના ગઈકાલે શ્રાવણ માસના પ્રથમ દિવસે જ સામે આવી છે. જેની જાણવા મળેલ વિગતો અનુસાર કોરોના મહામારીને લઈ બિનજરૂરી ભીડ એકત્ર ન થાય તે માટે શ્રાવણ માસ માટે સોમનાથ મંદિરે અમુક પ્રતિબંધો સાથેના નિયમો જાહેર કર્યા છે. જેમાં શ્રાવણ માસમાં મંદિરના કવરેજ માટે પત્રકારોને મનાઈ ફરમાવવામાં આવી છે. ડીજીટલ મીડિયાના માધ્યમથી તમામ પત્રકારોને મંદિરના દર્શન-આરતી સહિતના કાર્યક્રમોના ફોટા-વિડીયો સમયસર મળી રહે તેવી વ્યવસ્થા અમલી બનાવેલ છે. કોરોનાની ગંભીરતાને ધ્યાને રાખી આ નિયમ અને વ્યવસ્થાને પત્રકારોએ પણ સ્વીકારી સહકાર આપેલ હતો.

દરમ્યાન ગઈકાલથી શરૂ થયેલ શ્રાવણ માસના પ્રથમ દિવસે સોમનાથમાં ભાવિકોનું ઘોડાપુર ઉમટયુ હતું. એવા સમયે તકનો લાભ લઈ ગીર સોમનાથ મિડીયા સેન્ટરનો સોમનાથ મંદિરના ડીવાયએસપીની સહીવાળો બોગસ મંજૂરીવાળો પત્ર લઈ એક લેભાગુ શખ્સ દ્વારા મંદિરમાં મોબાઈલ સાથે પ્રવેશ કરી અન્ય લોકોને પણ પોતાની સાથે લઈ જઈ વીઆઈપી દર્શન કરાવી રહેલ હતો. જેમાં પ્રવેશદ્વાર ઉપરના નાના કર્મચારીઓ ઉપર રોફ જમાવી રહયો હોવાની ચર્ચાઓ શરૂ થઈ હતી. આ શખ્સ મોબાઈલ સાથે મંદિરમાં ફરતો હોવા અંગે જવાબદાર પોલીસ અધિકારીઓનું ધ્યાન દોરતા ઘડીભર દોડધામ મચી ગયેલ હતી અને એ જ સમયે લેભાગુ શખ્સ મંદિર છોડી જતો રહયો હતો. જોકે, આ મામલે મંદિરના ડીવાયએસપી ઉપાધ્યાયને પૂછતા તેઓએ આવી કોઈ મંજૂરી ન આપી હોવાનું જણાવેલ હતું. પરંતુ મંદિર સુરક્ષાની ચેકિંગ વ્યવસ્થા ઉપર આ લેભાગુ શખ્સ દ્વારા સ્થાનિક સુરક્ષા કર્મચારીને બોગસ લેટર બતાવી આપેલ અને મિડીયા કર્મીના નામે પ્રવેશ મેળવેલ જે બોગસ લેટર પણ સુરક્ષા વિભાગ પાસે મોજુદ છે. સુરક્ષાની દ્રષ્ટિએ અતિ ગંભીર બાબત તો એ છે કે આ બોગસ લેટરમાં મંદિર સુરક્ષાના મુખ્ય અધિકારી એવા ડીવાયએસપી ઉપાધ્યાયની બનાવટી સહી કરેલ છે. આ ગંભીર બાબતે જયારે ગીર સોમનાથ જીલ્લા પોલીસવડા રાહુલ ત્રીપાઠીએ તપાસ કરાવી લેભાગુ શખ્સ સામે નિયમો અનુસાર કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.

અત્રે નોંધનીય છે કે, સોમનાથ મંદિરમાં સામાન્ય લોકોને દર્શન કરવા જતા પૂર્વે અનેક નિયમોનું સુરક્ષા વિભાગ ચુસ્તપણે પાલન કરાવવામાં બાંધછોડ કરતુ નથી. જે સરાહનીય બાબત છે તો બીજી તરફ મીડિયા સેન્ટરના નામે લેભાગુ ઈસમ બનાવટી લેટર બતાવી બિન્દાસ મોબાઈલ સાથે મંદિરમાં પ્રવેશ મેળવી સોમનાથ મંદિરની કહેવાતી ઝેડ પ્લસ સુરક્ષા સામે સવાલો સર્જી દીધા છે. શ્રાવણ માસના પ્રથમ દિવસે સવારે હજારો લોકો દર્શનાર્થે મંદિરે ઉમટયા હતા. એવા સમયે લેભાગુ શખ્સ દ્વારા બોગસ મંજૂરીના લેટર સાથે પ્રવેશ કરી મંદિર સુરક્ષામાં કેવા છીંડા છુપાયેલા છે તે સામે પ્રશ્ન લાવી દીધા હતા. જેથી હવે આ મામલે પોલીસ શું કાર્યવાહી કરશે તેના ઉપર નજર રહેશે. મિડીયાના નામે સોમનાથ મંદિર સુરક્ષામાં થયેલ ગંભીર બેદરકારી મામલે સ્થાનિક પત્રકારો દ્વારા જવાબદાર ઉચ્ચ પોલીસ અધિકારીઓને રજુઆત કરી આવા લેભાગુ તત્વો સામે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

# ઉના : સરકારી હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટનું ઉદ્‌ઘાટન



ઉના, તા.૧૦

કોરોના કટોકટી એ પ્રાણવાયુ એટલે કે ઓકસીજનને તબીબી સારવારમાં હાર્દરૂપ મહત્વને ઉજાગર અને પ્રસ્થાપિત કર્યુ છે. તેના પગલે રાજ્ય સરકાર દ્વારા દવાખાનાઓની પ્રાણવાયુ માટે અન્ય બહારના એકમો ઉપર નિર્ભરતા શક્ય તેટલી ઘટાડવા પરિસરમાં જ પ્રાણવાયુ ઉત્પાદક લગાવવામાં આવી રહ્યાં છે. આપણી સરકારના સૌનો સાથ સૌનો વિકાસનાં સુત્ર સાથે ગુજરાત સરકારના ૫ વર્ષ પૂર્ણ થવા ઉપર આયોજિત વિકાસ ઉત્સવ નિમિત્તે ઉના સરકારી હોસ્પિટલના પરિસરમાં કુલ ૨૫૦ આઈએમપીની દૈનિક ઓકસીજન ઉત્પાદક ક્ષમતા ધરાવતા પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે. આ તકે પ્રાંત અધિકારી શ્રી રાવલ, જિલ્લા પંચાયતનાં બાંધકામ સમિતિના ચેરમેન રૂડાભાઈ શિંગડ, ડો.જાદવ, તા.ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, શહેર ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ, ચંદ્રેશભાઈ જોષી, તા.પં પ્રમુખના પ્રતિનિધિ સામતભાઈ ચારણીયા, કાંતીભાઈ છગ, સુનીલભાઈ મુલચંદાણી તેમજ હોસ્પિટલના સ્ટાફની હાજરીમાં ઓક્સિજન પ્લાન્ટ ખુલ્લો મુકાયો હતો.

# કેશોદના રાણીંગપરા ગામે બોરમાંથી પ્રેશરથી ઓટોમેટીક પાણી બહાર ફેંકાયું

(ગોવિંદ હડીયા દ્વારા)

કેશોદ, તા.૧૦

કેશોદ તાલુકાના રાણીંગપરા ગામે રહેતા કરશનભાઈ ડાભીના ખેતરમાં આવેલ પાણીના બોરમાં મોટરની સર્વિસમાં ફોલ્ટ થતાં બોરમાંથી મોટર બહાર કાઢવાની કામગીરી શરૂ હતી તે દરમ્યાન બોરમાંથી અચાનક ઓટોમેટીક પાણી બહાર આવવાની શરૂઆત થતાં ખેડુતો ત્યાંથી દોડીને દુર જતા રહેલ ત્યાર બાદ જોવા મળેલ કે પાણીના બોરમાંથી ઓટોમેટીક પાણીનો ફુવારો ઉંચે સુધી પંદરથી વધુ મીનીટ સુધી છુટ્યો હતો ત્યારબાદ પાણીના પ્રેશરથી બોરમાં રહેલ આશરે ૧૩૦ ફુટ પાઈપ લાઈન સર્વિસ ઈલેક્ટ્રીક મોટર સહીત બોરની બહાર ફેંકતા અંદાજે એક લાખથી વધુનું નુકશાન થયું હોવાનું ખેડુતે જણાવ્યું હતું. કેશોદ તાલુકાના રાણીંગપરા ગામે ખેતરમાં અનોખા દ્રશ્યો સર્જાયા હતા. જોગાનુજોગ બનેલી ઘટના સમયે મેઘ ધનુષના રંગો પણ આકાશમાં જોવા મળેલ. અત્રે ઉલ્લેખનીય છે કે, ચોમાસામાં અગાઉ પણ ત્રણથી ચાર વખત અલગ અલગ ગામોમાં પણ આવી ઘટનાઓ બની હતી.

# જૂનાગઢનાં યુવા ચિત્રકારનું નામ ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ થયું



જૂનાગઢ તા. ૧૦

રેડ આર્ટ ઈન્દોર દ્વારા ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માટે ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જૂનાગઢનાં ક્રિમસાના ધ આર્ટ એકેડેમીનાં સંચાલક દિપેન જોષીએ પણ ભાગ લીધો હતો. અને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું હતું. આ સાથે તેમના ડ્રોઈંગ કલાસમાં આવતા સાત વિદ્યાર્થીઓને પણ આ ઈવેન્ટમાં ભાગ લેવડાવ્યો હતો અને એ દરેકનું નામ પણ ગીનીસ બુકમાં નોંધાવ્યું હતું. દિપેન જોષી છેલ્લા ૨૫ વર્ષોથી ચિત્રકલા ક્ષેત્રમાં છે. અને તેમનાં ડ્રોઈંગ કલાસમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય છે. વર્લ્ડ રેકોર્ડ મેળવનારમાં ઈશીતા ધોળકીયા, માનસી જોષી, મેઘા સાંગાણી, મહેક માંકડ, વૈશાલી સરધારા, હેતલ દોશી, નૈતિક ભુપતાણીનો સમાવેશ થાય છે.

# મેંદરડા સરકારી હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરાયું

## મંત્રી જવાહર ચાવડાની ૫૦ લાખની ગ્રાંટમાંથી પ્લાન્ટ બનાવાયો

જૂનાગઢ, તા.૧૦

મેંદરડા સરકારી હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે. ૩૦ બેડની ક્ષમતા ધરાવતી આ હોસ્પિટલ મેંદરડા તાલુકાના ૪૫ ગામ સહિત કુલ ૬૫ ગામના લોકો અહીં આરોગ્ય વિષયક સારવાર માટે આવે છે. પ્રવાસન મંત્રી અને આ વિસ્તારના ધારાસભ્ય જવાહરભાઈ ચાવડાની રૂા. ૫૦ લાખની ગ્રાંટમાંથી અકિસઝન પ્લાન્ટનું નિર્માણ કરાયું છે. કોરોના સંભવિત સ્થળોએ તેમના કામના માટે આ સુવિધા ઉભી કરવામાં આવી છે. આ ઓક્સિજન પ્લાન્ટથી ૨૦ બેડને ઓક્સિજનની સુવિધા મળશે એમ ડોક્ટર સિંહાએ જણાવ્યું હતું. ઓક્સિજન પ્લાન્ટ લોકાર્પણ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ રાજાણી, જિલ્લા પંચાયતના સભ્ય વિનુભાઈ બુસા, અગ્રણી વિનુભાઈ કથીરિયા, ખીમજીભાઈ પાનસુરીયા, વિજયભાઈ પાનસુરીયા, હોસ્પિટલના તબીબો કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. મેંદરડા હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટની સુવિધા ઉભી થતા લોકોની આરોગ્ય વિષયક સેવામાં વધારો થયો છે.

# સોરઠમાં ઠેરઠેર જુગાર દરોડા : પત્તાપ્રેમીઓને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ અને સોરઠ પંથકમાં તહેવારોની મોસમ દરમ્યાન પત્તા પ્રેમીઓ જુગાર રમી રહયા છે તેવી બાતમીનાં આધારે જીલ્લાનાં વિવિધ વિસ્તારોમાં પોલીસે જુગાર અંગે દરોડા પાડી અનેક લોકોને ઝડપી લીધા છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર વિસાવદર તાલુકાનાં સરસઈ ગામેથી જાહેરમાં જુગાર રમતા ૭ શખ્સોનો કુલ રૂા.૨૦,૫૮૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા છે. જયારે મેંદરડા પોલીસે હરીપુર ગામે જુગાર અંગે દરોડો પાડતા જીણાભાઈ રાજાભાઈ વંશનાં રહેણાંક મકાનામાંથી ૮ શખ્સોને રૂા.૧,૦૯,૬૭૦નાં રોકડ મુદામાલ સાથે ઝડપી લઈ તેમની સામે જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત કેશોદ પોલીસે જુગાર અંગે દરોડો પાડતા ૯ મહિલાઓને જાહેરમાં જુગાર રમતા રૂા.૧૪,૮૨૦ની રોકડ મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે શીલ પોલીસ સ્ટેશના હેઠળનાં બામણવાડા ગામની લુણાખી સીમ વિસ્તારમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડતા ૪ શખ્સોને રૂા.૨૬,૩૦૦ની રોકડ મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.

આ ઉપરાંત ચોરવાડનાં રાતડી વિસ્તારમાંથી પાંચ શખ્સોને જાહેરમાં જુગાર રમતા રૂા.૧૮,૭૦૦નાં મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. જયારે ગડુ ગામે ચોરવાડ પોલીસે જુગાર અંગે દરોડો પાડી ૪ શખ્સોને રૂા. ૪,૮૩૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે અને માળીયા હાટીના પોલીસે અમરાપુર ગામે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા ૩ શખ્સોને રૂા. ૨૧૦૦ની રોકડ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ કાર્યવાહી કરી છે.

માણાવદર પોલીસે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા ૩ શખ્સોને રૂા.૬૨૬૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે જયારે ૩ શખ્સોને નાસી છૂટતા કુલ ૭ સામે કાર્યવાહી કરવામાં આવેલ છે. આ ઉપરાંત માણાવદર પોલીસે સરદારગઢ ગામે જુગાર અંગે દરોડો પાડતા પાંચ શખ્સોને રૂા.૧૦,૩૦૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. આમ સોરઠ પંથકમાં પોલીસે જુગાર અંગે વ્યાપક દરોડા પાડી પત્તા પ્રેમીઓને ઝડપી લઈ તેમના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

# દામોદર કુંડ પાસે ફોરટ્રેક રોડનાં કામમાં સાવચેતીનું બોર્ડ મુકવા સુચન

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ કોર્પોરેશનના તમામ અધિકારી પદાધિકારીઓને નમ્ર વિનંતી કરવાની છે દામોદર કુંડની સામે જે ફોર ટ્રેક રોડ માટે પહાડોને ખોદવામાં આવેલ છે અને ત્યાં સુરંગ બનાવવાની જાહેરાત કરવામાં આવેલ છે તે જગ્યાએ તાત્કાલિક પ્રોટેકશન હોલ બનાવી જોઈએ. અગાઉ મેં જે ચિંતા વ્યક્ત કરી છે તે મુજબ આ રોડ ઉપર લોકો બેઠેલા જોવા મળે છે. શ્રાવણ મહિનામાં અજાણ્યા લોકો દામોદર કુંડ પિતૃતર્પણ માટે આવે છે તેમજ વન ભોજન માટે પણ આવતા હોય છે તેઓને ઉપરથી ઝળુંબી રહેલ મોત અંગે ખ્યાલ હશે નહિ અનેં ઉપરથી પથ્થરો પડતા જાનહાનિ થશે તો કોર્પોરેશન ઉપર કાળી ટીલી લાગી જશે આથી જ્યાં સુધી તમામ પ્રકારની વહીવટી પ્રક્રિયા પૂરી ન થાય અને દીવાલ બનાવવાનું કે બોગદુ બનાવવાનું નક્કી ન થાય ત્યાં સુધી અહીંયા સાવચેતીનું બોર્ડ મૂકી આડશ ઉભી કરી દેવી જોઈએ. આ બાબતને ગંભીરતા ધ્યાને લઈ યોગ્ય થવા અશ્વીન મણિયારે સુચન કર્યુ છે.

# જૂનાગઢમાં સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા ૧૫ ઓગસ્ટે રકતદાન કેમ્પ યોજાશે

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરમાં શહીદે કરબલા હઝરત ઈમામ હુસૈન અને તેમનાં ૭૨ શહીદોની યાદમાં સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા એક મેગા રકતદાન કેમ્પનું તારીખ ૧૫ ઓગસ્ટ રવિવારનાં રોજ આયોજન કરવામાં આવ્યું છે. દરમ્યાન જૂનાગઢ ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ ૧૫ ઓગસ્ટ રવિવારનાં રોજ સવારનાં ૧૧ : ૦૦ વાગ્યાથી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી શહેરનાં ગાંધીચોક ખાતે આવેલા સ્પોર્ટસ સંકુલમાં યોજાનાર છે. આ કેમ્પમાં એકત્રિત કરવામાં આવેલ રક્ત જરૂરીયાતમંદ બિમાર લોકો અને થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે ઉપયોગ કરવામાં આવશે. તેમજ આ કેમ્પમાં ભાગ લેવા માટે મો.૯૮૯૮૨ ૩૨૪૩૨, ૯૦૯૯૯ ૯૩૦૦૧ તથા ૮૨૬૪૦ ૬૪૦૪૮ ઉપર સંપર્ક કરવા આયોજક રાજુભાઈ વલીભાઈ સાંધ અને હાજી અશરફભાઈ હાલાએ જણાવ્યું છે.

# જૂનાગઢમાં ગળાફાંસો ખાધો

જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢનાં આંબેડકરનગર સોયમ શેરી નં.૨માં રહેતા દિનેશભાઈ રામભાઈ મુછડીયા (ઉ.વ.૪૮)એ જીંદગીથી કંટાળી પોતાની મેળે ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણેલ છે. એ ડીવીઝન પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વિશ્વ સિંહ દિવસ નિમિત્તે વિલિંગ્ડન ડેમ સાઈટ ઉપર ૨૦૦ કીલોથી વધુ કચરો એકત્ર કરતી વસુંધરા નેચર કલબ



જૂનાગઢ તા.૧૦

આજે ૧૦ ઓગસ્ટ વિશ્વ સિંહ દિવસની આખા વિશ્વમાં ઉજવણી થઈ રહી છે. જેના ભાગરૂપે વન્યપ્રાણી પ્રેમી સંસ્થા વસુંધરા નેચર ક્લબ દ્વારા જૂનાગઢનાં વિલીંગ્ડન ડેમ સાઈટ ઉપર મોટી સંખ્યામાં કચરો એકત્રિત કરી તેનો નિકાલ કર્યો હતો. વસુંધરા નેચર ક્લબના પ્રણવ વઘાસિયાએ લોકોને અપીલ કરી છે કે, આપ જાહેર સ્થળો ઉપર ફરવા જતા હોય, જંગલ વિસ્તારમાં ફરવા જતા હોય, ત્યારે જંગલને કે વન્ય પ્રાણીને નુકશાન ન થાય તે માટે કચરો જંગલમાં કે જાહેરમાં નહિ નાખવા અપીલ કરી છે. (તસ્વીર : અમ્મા૨ બખાઈ)

# શ્રાવણ માસના પ્રથમ દિવસે સોમનાથ મંદિરે શિવ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું



## કતારબંધ લાઈનમાં શિવ ભક્તોએ મહાદેવને શીશ ઝુકાવ્યું





## ભક્તોના 'હર હર મહાદેવ... ૐ નમઃ શિવાય'ના નાદથી પરીસરનું વાતાવરણ શિવમય બન્યું

## નિતીન પટેલ સહિતના મહાનુભાવોએ ધ્વજારોહણ કરી દેશવાસીઓની સુખાકારી માટે પ્રાર્થના કરી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૦

પવિત્ર શ્રાવણ માસના ગઈકાલે પ્રથમ દિવસ સોમવારે વહેલી સવારથી પ્રથમ આદિ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરે શિવ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડયુ હતું. વહેલી સવારથી જ ભગવાન ભોળાનાથના દર્શન માટે લોકોની લાંબી લાઈન લાગી હતી. સોમનાથમાં મહાદેવના દર્શન કરી ભાવીકો ધન્ય બન્યા હતા. જ્યારે ભીડ એકત્ર ન થાય તે માટે મંદિર ટ્રસ્ટ દ્વારા કોવિડની ગાઈડલાઈન મુજબ ભાવિકો દર્શન કરી શકે તે માટે તમામ વ્યવસ્થા કરી છે. તેમ છતાં ભાવિકોની ઉમટેલ ભીડના સામે આવેલ દ્રશ્યો કોરોનાની ત્રીજી લહેરને આમંત્રણ આપી રહયા તેવા હતા. નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ અને મંદિર ટ્રસ્ટના પી.કે. લહેરીના હસ્તે શ્રાવણ માસની પ્રથમ નૂતન ધ્વજારોહણ પૂજાવિધિ થઈ હતી. જ્યારે મધ્યપ્રદેશના ઓમકારેશ્વર ખાતેથી એક શિવ ભકત પગપાળા ચાલી નર્મદા માતાનુ પવિત્ર જળ લઈ સોમનાથ પહોંચ્યા હતાં. પ્રથમ દિવસે સવારથી સાંજ ૬ વાગ્યા સુધીમાં ૩૦ હજારથી વધુ શિવભકતોએ શીશ ઝુકાવ્યું હતું. દિવસભર યાત્રાધામ સોમનાથમાં અવિરત ભાવિકોનો પ્રવાહ ઉમટી રહયો હતો. ગઈકાલથી શિવની ભક્તિ માટે પવિત્ર ગણાતા એવા શ્રાવણ માસનો પ્રારંભ થયો છે. ગઈકાલે શ્રાવણ માસના પ્રથમ દિવસે જ સોમવાર હોવાથી શિવભક્તોમાં દેવાધિદેવ મહાદેવને શીશ ઝુકાવવા અનેરો થનગનાટ પ્રવર્તી રહેલો હતો. ગઈકાલે શ્રાવણ માસના પ્રથમ દિવસે જગવિખ્યાત સોમનાથ મંદિરના દ્વાર ભાવિકો માટે સવારે ૪ વાગ્યે ખુલ્યા ત્યારે શિવ ભક્તોનો મોટો સમુહ પરીસરમાં કતારબંધ લાઈનમાં ઉભા હતા. ભક્તોના 'હર હર મહાદેવ... ૐ નમઃ શિવાય'ના નાદથી પરીસરનું વાતાવરણ શિવમય બની ગયું હતું. શિવભક્તો કતારબંધ લાઈનમાં ઉભા રહી મંદિરમાં પ્રવેશ કરી મહાદેવને શીશ ઝુકાવી ધન્યતા પ્રાપ્ત કરી રહ્યા હતા. સોમનાથ મંદિર ખાતે શ્રાવણ સુદ એકમના દિવસે સોમનાથ મહાદેવને સવારે વિવિધ પીતાબંર ફુલોનો અને સાંજે સાયં આરતી સમયે બોરસલીના પુષ્પોનો અલૌકીક શણગાર કરવામાં આવેલ હતો જેના દર્શન કરી ભાવિકો ભાવવિભોર બની ગયા હતા.

કોરોના મહામારીને ધ્યાને લઈ સોમનાથ ટ્રસ્ટ અને પોલીસ સહિતના તંત્રે ભાવિકોને દર્શન માટે અનેક પ્રતિબંધો સાથે નિયમો જાહેર કર્યા છે. જેમાં ઓનલાઈન-ઓફલાઈન પાસ લઈને જ ભાવિકો દર્શન માટે જઈ શકશે. ફરજીયાત માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું પડશે. મંદિરમાં સવારે ૭, બપોરે ૧૨ અને સાંજે ૭ વાગ્યે થતી ત્રણ ટાઈમ આરતીમાં ભાવિકોને પ્રવેશ મળી શકશે નહીં. આ સહિતના તમામ નિયમોનું ગઈકાલે સવારથી સોમનાથ આવતા ભાવિકો પાસે તંત્રે તૈનાત કરાવેલ સુરક્ષા જવાનો અને સ્ટાફ પાલન કરાવી રહ્યો હતો.

**નાયબ મુખ્યમંત્રી સહિત ૩૨ ભાવિકોએ ધ્વજા ચડાવી**

શ્રાવણ માસના પ્રથમ દિવસે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ અને મંદિર ટ્રસ્ટના પી.કે. લહેરીના હસ્તે શ્રાવણ માસનું પ્રથમ નૂતન ધ્વજારોહણ પૂજાવિધિ થઈ હતી. બંનો મહાનુભાવોએ કોરોના મહામારીથી મુકિત અપાવવા અને રાજયના લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. આ ધ્વજા પૂજાવિધિમાં બંનોના પરીવારજનો સાથે રહ્યા હતા. આ ઉપરાંત પવિત્ર ઉપલા દાતાર ટ્રસ્ટના તુષારભાઈ વસોયા, ભાવેશભાઈ વેકરીયા સહિતનાએ ધ્વજા ચડાવી હતી. ગઈકાલે પ્રથમ દિવસ સોમવારે કુલ ૩૨ ભાવિકોએ ધ્વજા ચડાવેલ હતી. જયારે ૧૨ જેટલી તત્કાલ મહાપૂજા ભાવિકોએ કરી ધન્યતા પ્રાપ્ત કરી હતી.

શ્રાવણ માસના ગઈકાલે પ્રથમ દિવસે નર્મદા માતાનું પવિત્ર જળ મધ્યપ્રદેશના ઓમકારેશ્વર ખાતેથી એક શિવ ભકત પગપાળા લઈ પહોંચ્યો હતો. ઓમકારેશ્વરના કાવડીયા રાજેશબાપુ પગપાળા દોઢ માસનો પ્રવાસ કરી નર્મદા નદીનું જળ કળશમાં ભરી સાથે લઈ આવેલા છે. ગઈકાલે આ જળ રાજેશ બાપુએ સ્વહસ્તે સોમનાથ મહાદેવને અર્પણ કરી ચડાવ્યુ હતું. કોરોના મહામારીથી ભારત દેશ અને વિશ્વને મુકત કરાવે તેવી સોમનાથ દાદાને પ્રાર્થના કરી હોવાનું જણાવ્યું છે. સોમનાથ ટ્રસ્ટની ગૌશાળામાં ઉત્પાદન કરાયેલ દેશી ગીર ગાયનું શુધ્ધ હરિહર ઘી બનાવવામાં આવેલ છે જે લોકોને મળી રહે તે માટે તેનો પ્રારંભ પણ કરાવવામાં આવેલ હતો. જયારે બરોડાના અલ્કાપુરીના શિવ ભકતો જયોત લઈ પહોંચ્યા હતા. આ ઉપરાંત દિવસ દરમ્યાન અનેક મહાનુભાવો સોમનાથ આવી દર્શન કર્યા હતા.

### ગાંધીનગરથી વર્ચ્યુલ માધ્યમથી મુખ્યમંત્રી તેમજ વનમંત્રીનું સંબોધન

# સંરક્ષણ અને સંવર્ધનનાં સંદેશ સાથે આજે સિંહ દિવસની ઉજવણી કરાઈ

## ચિત્ર સ્પર્ધા, ફોટોગ્રાફી સ્પર્ધામાં ભાગ લેનારનું પરીણામ જાહેર કર્યુ

જૂનાગઢ, તા.૧૦

ગુજરાત સરકાર અને વન વિભાગ દ્વારા આજ તા.૧૦મી ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણી ૨૦૧૬થી લોકભાગીદારીથી શરૂ કરવામા આવેલ છે. જેમાં ઉત્તરોતર લોકભાગીદારીની સંખ્યામાં વધારો થતો રહેલ છે. ૨૦૧૯ માં પાંચ જિલ્લાની ૫૦૦૦થી વધુ શાળાઓમાં એન.જી.ઓ., ગ્રામજનો, સિંહ પ્રેમીઓ, શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ, આ ઉજવણીમાં ૧૧.૩૭ લાખ લોકો જોડાયેલ જેની નોંધ વર્લ્ડબુક ઓફ રેકોર્ડમાં નોંધાયેલ છે.

કોવિડ-૧૯ મહામારીના કારણે ૨૦૨૦ માં વિશ્વ સિંહ દિવસની ઉજવણી વર્ચ્યુલ માધ્યમથી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો વર્ચ્યુલ માધ્યમથી જોડાઈ ભાગ લેવામાં આવેલ અને સોશ્યલ મીડીયા ઉપર સિંહને લગતી વિવિધ પ્રકારની પોસ્ટ કરવામાં આવી હતી.

વર્તમાન સંજોગોને ધ્યાને રાખીને આ વર્ષે પણ આજ રીતે વર્ચ્યુલ માધ્યમથી વિવિધ ફોટોગ્રાફી અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે સવારે ૧૦ કલાકે ગાંધીનગરથી રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને વન મંત્રી ગણપતસિંહ વસાવા સંબોધન કર્યા પછી સ્પર્ધકોનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

વિશ્વ સિંહ દિવસની ઉજવણી એશિયાઇ સિંહોના સંરક્ષણ અને સંવર્ધનમાં લોકસહયોગ મળી રહે તે માટે કરવામાં આવે છે. જેના ભાગરૂપે વન વિભાગ દ્વારા આ દિવસે સિંહ સંરક્ષણ અને સંવર્ધનના ભગીરથ કાર્યમાં જોડાય સંકલ્પબધ્ધ થવા માટે ૫૦ લાખ લોકોને એસ.એમ.એસ. દ્વારા અને એક લાખ લોકોને ઈ-મેઈલ દ્વારા સંદેશો પાઠવવામાં આવશે તેમ સાસણના ડીસીએફ મોહનરામે જણાવ્યું હતું.

# સિંહ તો સિંહ કહેવાય ! સોરઠના સાવજની દુનિયા દીવાની



(પ્રતીક પંડ્યા દ્વારા) જૂનાગઢ તા.૧૦

સામાન્ય રીતે સિંહને હિંસક પ્રાણી માનવામાં આવે છે પરંતુ ઝવેરચંદ મેઘાણી રચિત સોરઠી સંતો નામના પુસ્તકમાં સ્પષ્ટ પણે ઉલ્લેખ જોવા મળે છે કે સોરઠ પંથકમાં રતા ભગત જેવા

## ભગવદ ગીતામાં શ્રીકૃષ્ણએ સિંહનો દેવી પશુ તરીકે ઉલ્લેખ કર્યો છે

અનેક સંતના સાવજે ચરણ ચાટયા હોય અને પોતાનો હિંસક સ્વભાવને છોડયો હોય. એટલું જ નહીં ભગવદ ગીતામાં શ્રીકૃષ્ણએ સિંહનો દેવી પશુ તરીકેનો ઉલ્લેખ કર્યો છે. છેલ્લા દોઢ દાયકામાં એશિયાઈ સિંહની વસ્તીમાં ઉતરોતર વધારો થયો છે પરંતુ સાથે સાથે તેઓના અપમૃત્યુના કિસ્સાઓ પણ અવારનવાર પ્રકાશમાં આવતા રહે છે. સિંહ સંવર્ધન પાછળ મસમોટી રકમ ખર્ચાતી હોવા છતાં સોરઠના અનેક વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે સિંહ દર્શન દ્વારા તેની પજવણી કરવામાં આવે છે જે ખરેખર એક ચિંતાનો વિષય છે. ત્યારે આજે વિશ્વ સિંહ દિવસ નિમિત્તે આશા સેવીએ કે આગામી દિવસોમાં સરકાર અને વનવિભાગ દ્વારા ગીરના હીર સમાન સાવજનું વધુ કાળજીપૂર્વક જતન કરવામાં આવે.

# શિક્ષકોના પ્રશ્નો ૨૦ ઓગસ્ટ સુધીમાં ઉકેલાઈ જવાની આશા

જૂનાગઢ તા.૧૦

શિક્ષકોનાં શિક્ષણ વિભાગને લગતા પ્રશ્નો ૨૦ ઓગસ્ટ સુધીમાં ઉકેલવા શક્યતઃ તમામ પ્રયત્નો થશે તેમ જાણવા મળી રહ્યું છે. આ અંગે મળતી વિગત મુજબ શિક્ષકોના વિવિધ પ્રશ્નોને લઈ ૧ ઓગસ્ટથી સોશ્યલ મિડીયામાં આંદોલન ચાલી રહ્યું છે. ત્યારે રાજય સરકારે આની નોંધ લઈ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ ખાતે વિવિધ અધિકારીઓ તેમજ રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં શિક્ષણ વિભાગને લગતા પ્રશ્નો ૨૦ ઓગસ્ટ સુધીમાં ઉકેલવા શક્યતઃ તમામ પ્રયત્નો થશે તેમ જાણવા મળી રહ્યું છે. ખાસ કરીને જૂના શિક્ષકોની સત્વરે ભરતી, પાંચ વર્ષની સળંગ નોકરી, સાતમાં પગાર પંચના હપ્તા રોકડમાં ચૂકવવા, ૨ વર્ગોની શાળામાં ૪ શિક્ષકો, નિવૃત્ત કર્મીને ૩૦૦ રજાનું રોકડ રૂપાંતર, સુરક્ષાચક્રમાં સહાયકોને લાભ મળવો વગેરે બાબતે ચર્ચા કરાઈ હતી. દરમ્યાન ૭ ઓગસ્ટથી લંબાવેલ સોશ્યલ મિડીયા આંદોલન ૧૦ ઓગસ્ટ સુધી ચાલું રહેશે તેમજ પ્રશ્નો ન ઉકેલાય ત્યાં સુધી ચાલું રાખવા નિર્ણય કરાયો હોવાનું રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ જૂનાગઢ જીલ્લાનાં અધ્યક્ષ જીતુભાઈ ખુમાણની યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ અને રાજકોટમાંથી બાઈક ચોરનાર ઝડપાયો

જૂનાગઢ તા.૧૦ : જૂનાગઢ સી ડિવીઝન પીએસઆઈ જે.જે. ગઢવી અને સ્ટાફ ચેકીંગમાં હતા ત્યારે બાતમીનાં આધારે દોલતપરા વિસ્તારમાં રહેતો અને વાહનોની ચોરી કરતો શખ્સ ઈલ્યાસ અબ્બાસભાઈ ઉનડ ચોરાઉ મોટર સાઈકલ સાથે પસાર થવાનો છે. બાદમાં પસાર થતા આ શખ્સને અટકાવી નંબર પ્લેટ વગરના બાઈક અંગે પૂછપરછ કરતા આ બાઈક તેમણે રવિવારી બજાર સૂરજ ફન વર્લ્ડ પાસેથી ચોરી કર્યું હોવાનું કબુલ્યું હતું. આ ઉપરાંત વધુ એક બાઈક રાજકોટથી ચોર્યું હોવાની પણ કબુલાત આપી હતી. પોલીસે જીજે ૧૧ બીએ ૪૯૬૭ નંબરનું બાઈક કિંમત રૂપિયા ૨૫,૦૦૦ અને જીજે ૦૩ કેઆર ૩૧૨૩ નંબરનું બાઈક કિંમત રૂપિયા ૩૫,૦૦૦ મળી કુલ ૬૦,૦૦૦નો મુદામાલ કબ્જે કરી આરોપી સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ સ્વામીનારાયણ મુખ્ય મંદિરે હિંડોળા દર્શનનો સંતોનાં હસ્તે પ્રારંભ કરાયો





(જગડુશા ડી. નાગ્રેચા દ્વારા)

જૂનાગઢ તા. ૧૦

ગઈકાલે શ્રાવણ માસનાં પ્રથમ સોમવાર સાથે શિવજીની આરાધનાનો પ્રારંભ થયેલ છે. ભગવાન શિવજીનાં મંદિરોમાં પૂજન-અર્ચન આરતી સહીતનાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે અને શ્રાવણ માસ દરમ્યાન શિવાલયોમાં હર હર મહાદેવનો નાદ ગુંજી રહેલ છે. આ દરમ્યાન ધાર્મિક સંપ્રદાયોમાં હિંડોળા દર્શનનું ખુબ મહત્વ હોય છે. દરમ્યાન જવાહર રોડ ઉપર આવેલા સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે સંતોનાં હસ્તે ગઈકાલે હિંડોળા ઉત્સવનો પ્રારંભ કરવામાં આવેલ હતો.

જૂનાગઢ જવાહર રોડ સ્થિત સ્વામીનારાયણ મુખ્ય મંદિર કે જયાં ભગવાન સ્વામીનારાયણના સ્વહસ્તો પધરાવેલ રાધારમણદેવ રણછોડરાય ત્રિકમરાય અને સિધ્ધેશ્વર મહાદેવની મૂર્તિ પ્રતિષ્ઠીત કરવામાં આવી હતી. જે શ્રાવણ માસ નિમિત્તે વૈષ્ણવિક પરંપરા મુજબ કલાત્મક હિંડોળાનું ગઈકાલે ગીરનાર મંડળનાં સંતો પૂ. મુકતાનંદબાપુ, પૂ. ઈન્દ્રભારતી બાપુ, પૂ. મહાદેવભારતી બાપુ, પૂ. જગજીવનદાસ બાપુ, પૂ. મહાદેવગીરીજી બાપુ સહીતનાં સંતોના હસ્તે ઉદઘાટન કરી ભાવિકો માટે દર્શનાર્થે ખુલ્લા મુકાયા હતાં. આ પ્રસંગે ચેરમેન દેવનંદદાસજી કોઠારી, પ્રેમસ્વરૂપદાસજી (નવાગઢવાળા), ટ્રસ્ટી સરજુદાસાનંદજી, પીપી સ્વામી સહીતનાં ઉપસ્થિત રહયા હતાં. અને સંતોનું પુષ્પહાર પહેરાવી શાલ ઓઢાડી સિધ્ધેશ્વર મહાદેવની છબી અર્પણ કરી સન્માન કર્યુ હતું. બાદમાં સૌ સંતોએ સિધ્ધેશ્વર મહાદેવ સહીત દેવોની આરતી કરી હતી. આ ધાર્મિક પ્રસંગે મેયર ધીરૂભાઈ ગોહેલ, ડે. મેયર હિંમાશુ પંડયા, પુનીતભાઈ શર્મા સહીતનાં ઉપસ્થિત રહયા હતાં.

# જૈનોના ચાતુર્માસને લઈ રોપ-વે સવારના ૬:૩૦ વાગ્યે શરૂ થશે

જૂનાગઢ તા.૧૦

ગિરનાર રોપ-વેના સમયમાં વધારો કરવામાં આવ્યો છે. હાલ ચાતુર્માસ શરૂ થતા ભગવાન નેમીનાથની પૂજામાં લોકો સમયસર પહોંચી શકે તે માટે આ નિર્ણય કરાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ અંગે ગિરનાર રોપ-વે ઉષા બ્રેકો કંપનીના રિજીયોનલ હેડ દિપક કપલીસે જણાવ્યું હતું કે, ગિરનાર રોપ-વે ઉડન ખટોલાનો સમય સવારના ૮ થી સાંજના ૫ સુધીનો છે. આ સમયમાં લોકો ટિકીટ બુક કરાવી રોપ-વેની સફર માણી શકે છે. ટિકીટ બુકીંગનો સમય સાંજના ૫ સુધીનો છે જેથી યાત્રીકો સાંજના ૬:૩૦ સુધીમાં પરત આવી શકે. જોકે, હાલ જૈનોના ચાતુર્માસ ચાલી રહ્યા છે. ત્યારે ગિરનાર ઉપર આવેલ જૈન મંદિરોમાં ભગવાન નેમીનાથની પૂજા થતી હોય છે. આ પૂજાનો સમય સવારે ૮:૩૦ સુધી જ હોય છે. ત્યારે ૮ વાગ્યે રોપ-વેમાં બેસીને માં અંબાના મંદિરે જાય પછી જૈનોના મંદિર સુધી પહોંચે ત્યાં પૂજા પૂરી થઈ જાય છે. ત્યારે આ પૂજાનો લાભ લઈ શકે તે માટે રોપ-વેના સમયમાં દોઢ કલાકનો વધારો કરાયો છે. મતલબ હવે સવારે ૮ના બદલે ૬:૩૦થી ટિકીટ બુકીંગ કરી રોપ-વેની સફર માણી શકાશે. આમ, સમગ્ર ચાતુર્માસ દરમ્યાન રોપ-વે સવારના ૬:૩૦ વાગ્યાથી શરૂ થશે.

# જૂનાગઢમાં ચોરાઉ ઘઉ વેચવા જનાર ૨ શખ્સ યાર્ડ પાસેથી ઝડપાયા

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢમાં સસ્તા અનાજની દુકાનમાંથી ઘઉની ચોરી કરી વેંચવા જનાર બે શખ્સને પોલીસે ઝડપી લઈ ૫૬,૨૫૦નો મુદામાલ કબ્જે કર્યો છે. આ અંગે ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ચોરી, લુંટ, ઘરફોડીના આરોપીને ઝડપી લેવા એ ડિવીઝન પીઆઈ એમ.એમ. વાઢેર, પીએસઆઈ એ.કે. પરમાર અને સ્ટાફે ખાસ ચેકીંગ હાથ ધર્યું હતું. દરમ્યાન બાતમી મળી કે, દોલતપરામાં આવેલ સસ્તા અનાજની દુકાનમાંથી ઘઉની ચોરી કરનાર બે શખ્સ ચોરાઉ ઘઉ વેંચવા માટે રિક્ષામાં નાંખી માર્કેટીંગ યાર્ડ પાસેથી પસાર થઈ રહ્યા છે. બાદમાં દોલતપરાના અકરમ ઉર્ફે હશનભાઈ આરબ અને બિલખાના સલીમ આમદભાઈ સોઢાને ઝડપી લીધા હતા. પોલીસ પૂછપરછમાં આરોપીએ આ ઘઉની ચોરી કર્યાની કબુલાત આપી હતી. પોલીસે ઘઉ કટા ૧૦ કિંમત ૬,૨૫૦ અને છકડો રિક્ષા ૫૦,૦૦૦ મળી કુલ ૫૬,૨૫૦નો મુદામાલ કબ્જે કરી બન્નો સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘઉની ચોરી કરનાર શખ્સોએ અન્ય કોઈ જગ્યાએ ચોરી કરી છે કે કેમ તે અંગે પોલીસે ઉંડાણ પૂર્વક તપાસ હાથ ધરી છે.

## બાંટવા : ઝેરી દવા પીતા મૃત્યું

જૂનાગઢ તા. ૧૦

બાંટવાવિસ્તારમાં મહિપતસિંહ રાઘવભાઈ નકુમની વાડીએ રહેતા અને મુળ પાતા ગામનાં દક્ષાબેન રામદેભાઈ ભરડા (ઉ.વ.૧૯) નામની યુવતિને ધ્રાબાવડ માળીયા પાસે ગીરમાં આવેલ ચાંવડ માતાજીનાં મંદિરે દર્શન કરવા જવું હોય પરંતુ તેના ઘરનાં સભ્યોને વાડીએ કામકાજ હોય તેથી આવતા સોમવારે જવાનું કહેતા તે વાતનું લાગી આવતા પોતાની મેળે ઝેરી દવા પી લેતા તેનું મૃત્યું થયું છે.